બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

## ફેબ્રુઆરી-૨૦૨૩

જમાદિઉલ્ અવ્વલ-જમાદિઉલ્ આખર
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૨, સળંગ અંક : ૨૨૯

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૫૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ અને અક઼ીદા તથા અમલની ઈસ્લાહ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 04 | હદાઈક઼ે બખ્શિશ (ભાગ : ૨) : મેઅરાજની હિકમતો | 13 |
| 05 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 16 |
| 06 | ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ | 20 |
| 07 | શીઆઓની ગુસ્તાખીઓ : ઈમામ મેહદી અને ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہما ની શાનમાં | 25 |
| 08 | ૧૯૫૭માં ભરૂચમાં થયેલ ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા કોન્ફરન્સનો ઐતિહાસિક સદારતી ખુત્બો | 29 |
| 09 | ખત્મે નબુવ્વત નબવી હદીષોની રોશનીમાં | 36 |
| 10 | વર્તમાન યુગમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના વિચારોનું મહત્વ | 48 |
| 11 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ★ હૈ છઠી આજ ખ્વાજા પિયા કી ★


બઝ્મ હૈ નાઈબે મુસ્તફાકી – હૈ છઠી આજ ખ્વાજા પિયાકી
હર તરફ મજમએ આશિકાં હૈ – હર તરફ મજમએ ઔલિયા હૈ
હર બશરકે યે દિલ સે અયાં હૈ – હર બશર કે યે વિર્દે ઝબાં હૈ
નૂર હી નૂર કા ઈક સમા હૈ – બઝ્મ હૈ નાઈબે મુસ્તફા કી
હૈ છઠી આજ ખ્વાજા પિયાકી

ધોલે ગુંબદ કી અબ આન દેખો – મેરે ખ્વાજા કી યહ શાન દેખો
હિંદ કા જો હૈ સુલ્તાન દેખો – સબકે દિલમેં હૈ અરમાન દેખો
દેખની હૈ ગલી મુસ્તફા કી – હૈ છઠી આજ ખ્વાજા પિયાકી

ઈસ દુલ્હા કે અલી બરાતી – ઈસ દુલ્હા કે વલી બરાતી
અલી બરાતી વલી બરાતી – ખ્વાજા ઉસ્માં ભી હૈં આએ
ખ્વાજા કુતુબ હૈં ઝંડા ઉઠાએ– બાબા ફરીદ ભી વજ્દમેં આએ
નિઝામુદ્દીન ભી ઝુમ કે ગાએ – હૈ છઠી આજ ખ્વાજા પિયાકી

અપને **રિઝવાં** પે ઈતના કરમ હો – સર તેરે આસ્તાને પે ખમ હો
સાંસ જબ તક ચલે દમમેં દમ હો – નઅત પળ્હતા રહે મુસ્તફા કી,
હૈ છઠી આજ ખ્વાજા પિયાકી

❀❀❀



# ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ અને અક઼ીદા તથા અમલની ઈસ્લાહ

તંત્રી લેખ

અતાએ રસૂલ, સુલ્તાન હિંદ ખ્વાજા ગરીબનવાઝ હઝરત સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી સંજરી رحمۃ اللہ علیہની પૂરી જિંદગી ખિદમતે દીન ખિદમતે ખલ્ક઼માં પસાર થઈ. આપની કરામતો, આપના અખ્લાક઼, આપની હિકમતપૂર્ણ કોશિશોથી મઝહબે હક્ક઼ મઝહબે ઈસ્લામની હિંદુસ્તાનભરમાં રોશની જગમગી ઉઠી અને શિર્કના અંધકારમાં ગુમ થયેલી પ્રજાને સીધો માર્ગ નજરે પડયો અને એક અલ્લાહની તૌહીદ તથા રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمની રિસાલતના શયદાઈ થઈ ગયા. તેમજ અનેક ગુમરાહો આપના દસ્તે હક્ક઼ પરસ્ત પર તૌબા કરીને ઈસ્લામના તથા અહલે સુન્નતના સાચા માર્ગ પર ચાલવા લાગ્યા. એવા અનેક પ્રસંગો હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ વિશે આપે સાંભળ્યા વાંચ્યા હશે. અજમેરમાં જયપાલ જોગી તથા રામદેવ જેવા કટ્ટર મુશ્રિક ખ્વાજા સાહબને દૂર કરવા ચાહતા હતા પણ ઈતિહાસ સાક્ષી છે કે આપનાથી ભેટો થતાં ખ્વાજા સાહબનો કમાલ એ જાહેર થયો કે તેઓ પોતે જ મુસલમાન થઈ ગયા, અને તેમના અનેક સાથીઓ નૂરે ઈમાનથી પાવન થઈ ગયા. એ જ પ્રમાણે રાફઝી શીઆ વગેરે બદઅક઼ીદાની પણ આપે ઈસ્લાહ કરી સાચા પાકા સુન્ની બનાવી દીધા.

### ★ યાદગાર મુહમ્મદ હાકિમને રાફઝીપણાથી તૌબા કરાવી ★

આજે અજમેર શરીફના ઘણા ખાદિમ શીઆઈયત તથા રાફઝીપણા તરફ વળી ગયા છે અને શીઆઓની બોલી બોલવા લાગ્યા છે. આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ કે જે હક્ક઼ દર્શાવતો આઈનો છે, એમાં જે જેવો હોય તેવો જ દેખાય છે. કોઈ બદસૂરત આઈનાને દોષ આપે તો મૂર્ખ કહેવાશે, એ જ પ્રમાણે કેટલાક ગુમરાહ જાહિલ ખાદિમોની શીઆઈયતની પોલ આપની કિતાબોથી ખુલી જતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہને પણ ભલુબુરૂ બોલે છે. તેઓએ ખ્વાજા સાહબને ખરેખર માનતા હોય તો આ પ્રસંગ પરથી બોધ લઈને શીઆઈયતથી તૌબા કરી લેવી જોઈએ.

હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ જ્યારે ઈરાનના એક શહેર સબ્ઝવાર આવ્યા તો ત્યાં યાદગાર મુહમ્મદ નામનો એક હાકિમ હતો જે બદ મિજાઝ, બેકાર સ્વભાવનો, ફાસિક઼ તથા રિફ્ઝ (રાફઝીપણા)માં મશહૂર હતો. જનાબ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના સહાબીઓને બુરા કહેતો અને અને જે કોઈનું નામ અબૂ બક્ર, ઉમર તથા ઉષ્માન હોતુ તેને સખત તકલીફ પહોંચાડતો અને તેની બર્બાદી માટે પાછળ પડી જતો. શહેરની નજીક એક બાગ હતો ત્યાં તેણે હોજ અને ખૂબ જ સજાવટવાળી ઈમારત બનાવી હતી. જ્યારે તે એ જગાએ આવતો તો શરાબ તથા અય્યાશીઓમાં મશગૂલ થતો.

હઝરત શયખ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ જ્યારે સબ્ઝવાર આવ્યા તો પહેલા જ દિવસે તે બાગમાં દાખલ થયા અને એ જ હોજમાં ગુસલ કર્યું જે એ બાગમાં હતો અને બે રકાત નમાઝ પઢી અને તિલાવતે કુર્આન મજીદમાં મશગૂલ થઈ ગયા. સંજોગોવસાત એ જ દિવસે યાદગાર મુહમ્મદ એ બાગ પ્રતિ ધ્યાનિત થયો. એ દુરવેશે જે ખ્વાજા સાહબની સાથે હતા તેમણે હઝરત ખ્વાજા સાહબને જણાવ્યું કે અમીરના ફર્રાશ (જમીન પર પાથરણુ બિછાવનારા) બાગમાં આવી ગયા છે, તેમના પછી તે પણ આવશે. મસ્લેહત એમાં છે કે આપ આ બાગની બહાર નીકળી આવો, કેમ કે તે એક શક્તિવાન તથા જાલિમ શખ્સ છે. હઝરત શયખે

www.barkatekhwaja.net

તેમના કહેવા પર કોઈ ધ્યાન ન આપ્યું અને તેમને કહ્યું કે તેના સરૂના સાયામાં બેસી જાવ જે હોજ નજીક છે. એ જ અરસામાં યાદગાર મુહમ્મદના કારપેટ બિછાવનારા આવી ગયા અને તેમણે તેનો ખાસ ગાલીચો હોજના કિનારે બિછાવી દીધો અને શયખના પ્રભાવ તથા બુઝુર્ગીના કારણે તેઓ તેમને ઉઠાડી ન શકયા અને મના ન કરી શક્યા. એવામાં જ યાદગાર મુહમ્મદ આવી ગયો. હઝરત શયખે પોતાની જગાએથી હરકત કરી. જ્યારે તેની નજર હઝરત શયખ પર પડી તો તેના શરીરમાં ધ્રુજારી પેદા થઈ ગઈ અને તેના ચહેરાનો રંગ ફિકો પડી ગયો. હઝરત શયખની બુઝુર્ગી તથા શાનના કારણે તેના સર્વ સાથીઓ પર ગભરાટ છવાઈ ગયો અને તેણે ડરતાં કાંપતાં ગાલીચાને દૂર ફેંકી દીધો અને તે આપની સામે હાથ જોડીને ઉભો થઈ ગયો. હઝરત શયખે તેની તરફ તીવ્ર દૃષ્ટિથી જોયું તો તે થોડીક જ વારમાં શક્તિહિન બનીને ગબડી પડયો. જ્યારે હાજરજનોએ આ બનાવ જોયો તો સૌએ જમીન પર માથાં રાખી દીધાં. હઝરત શયખે પોતાના દુરવેશને કહ્યું કે થોડુક પાણી હોજમાંથી લઈ આવો તેના ચહેરા પર છાંટો. દુરવેશે એવું કર્યું તો થોડીવાર બાદ યાદગાર મુહમ્મદને હોશ આવ્યો. તેણે જમીન પર માથુ મૂકી દીધું. **હઝરત શયખે ઊંચા અવાજે કહ્યું કે, તેં તૌબા કરી ? તેણે ખૂબ જ આજીજીપૂર્વક જવાબ આપ્યો કે, મેં તૌબા કરી. પછી હઝરતે ફર્માવ્યું, તે બુરો અક઼ીદો (રાફઝીપણુ) જે રાખતો હતો તેને છોડયું ? તેણે કહ્યું, ખુદાની ક઼સમ ! છોડી આપ્યું** ! ખબર નહીં, તેણે શું જોયું કે એકદમ ડરી ગયો, ધ્રુજયો અને બેહોશ થઈ ગયો. ત્યારબાદ હઝરત શયખ મુઈનુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે તે વુઝૂ કરે અને તૌબાના શુક્રાનામાં બે રકાત નમાઝ પઢે. તેણે એવું જ કર્યું. અને શયખના કદમોમાં પોતાનુ માથુ રાખી દીધું અને આપના હાથ પર બયઅત કરી અને મુરીદ બની ગયો. તેના સર્વ સાથીઓએ પણ તૌબા કરી. *(સૈરુલ આરિફીન, પેજ, ૯–૧૧ બહવાલા હઝરત ખ્વાજા ગરીબનવાઝકા તર્ઝે તર્બિયત વ ઈસ્લાહ, અઝ : મૌલાના અખ્તર હુસૈન ફૈઝી મિસ્બાહી, મુબારકપુર)*

### ★ કોઈ ગૈર મુસ્લિમને મુરીદ કે ખલીફા બનાવતા ન હતા ! ★

આ બાબત પણ ખાસ નોંધપાત્ર તથા સમજવા જેવી તેમજ અનુસરણને પાત્ર છે કે **કોઈ ગૈર મઝહબવાળાને ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ મુરીદ કે ખલીફા બનાવતા ન હતા.** જેમ કે જયપાલ જોગી તથા રામદેવ વગેરેને કુફ્ર શિર્કથી તૌબા કર્યા બાદ મુરીદ કર્યા હતા. કારણ કે મુરીદ કરતાં પહેલાં સર્વ ગુનાહોથી તૌબા કરાવવામાં આવે છે તો કોઈ ખુદા સિવાય ગૈરની ઈબાદત કરનાર તૌબા કર્યા વિના, ઈમાન લાવ્યા વિના મુરીદ કે ખલીફા બની જ નથી શકતો. જેમ કે શાહઝાદી જહાંઆરા બેગમે આ સંબંધે એક બનાવ વર્ણવ્યો છે : ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે," એકવાર એક શખ્સ પૃથ્વીરાજ પાસેથી ખ્વાજાગરીબ નવાઝ ચિશ્તી رحمۃ اللہ علیہની પાસે મુરીદ થવા માટે આવ્યો. હઝરતે તેને મુરીદ ન કર્યો. તે શખ્સ પાછો ગયો અને પૃથ્વીરાજને હઝરત ખ્વાજા સાહબની શિકાયત કરી. હઝરતની પાસે પૃથ્વીરાજે એક શખ્સને મોકલીને પૂછાવ્યું કે તમે આ માણસને મુરીદીમાં કેમ નથી સ્વીકારતા ? હઝરતે ફર્માવ્યું, મેં એને મુરીદ એટલા માટે નથી કર્યો કે ત્રણ ચીજો એની અંદર એવી છે જે કદી અલગ ન થશે : **૧.** એ ઘણો જ મહાન ગુનેહગાર છે. **૨.** મારા અનુયાયીઓમાંથી નથી, અને અમે એવાને અમારી મુરીદીમાં નથી લેતા જે ગૈરોની સામે માથુ નમાવે છે. **૩.** મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું છે કે તે આ દુનિયાથી બેઈમાન જશે. જ્યારે એ જવાબ પૃથ્વીરાજને બતાવવામાં આવ્યો તો તેણે કહ્યું કે શયખ ગયબની વાતો બતાવે છે ! તેમને કહી દો કે અમારા શહેરથી નીકળી જાય. જ્યારે હઝરત ખ્વાજા સાહબને આ વાત માલૂમ થઈ તો સસ્મિત કહ્યું કે એને કહી દો કે અમારી અને તમારી વચ્ચે કેવળ ત્રણ દિવસની મોહલત છે. આ શહેરથી તમે જશો કે હું. છેવટે પૃથ્વીરાજની સુલ્તાન મુહમ્મદશાહના લશ્કર સામે હાર થાય છે અને જેને હઝરત ખ્વાજાએ મુરીદ કરવાથી

www.barkatekhwaja.net

ના પાડી હતી તેણે પાણીમાં ડૂબીને આત્મહત્યા કરી લીધી. *(મુનીસુલ અરવાહ, પેજ–૩૭, શાહ અબુલ ખૈર અકાદમી, બાઝાર ચિતલી કબ્ર, દિલ્હી બહવાલા : ખ્વાજા ગરીબનવાઝકા તર્ઝે તર્બિયત, પેજ–૬,૭)*

આ પરથી દરેકે સમજી લેવું જોઈએ કે ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ ગૈર મઝહબવાળાને મુરીદ કે ખલીફા બનાવતા ન હતા જ્યાં સુધી તૌબા કરીને ઈમાન ન લાવે. રબ તઆલા સમજવાની તથા અમલની તૌફીક઼ આપે. (આમીન)

## ★ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ સુન્નતે રસૂલ બાબતે કેટલા ચિંતિત રહેતા હતા ?! ★

આજે આપણે ખ્વાજા સાહબના આશિક઼ હોવાનો ઝબાની દાવો તો બહું જ જોર શોરથી કરીએ છીએ, છટ્ટી શરીફમાં હાજરી તથા ઉર્સ મનાવવું કદાપિ ચૂકતા નથી, પણ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ સુન્નતોની કેવી ફિકર કરતા હતા તથા કેટલા પાબંદ હતા અને તેની પાબંદીના બારામાં શું વર્ણવ્યું છે તેને વાંચો અને સાચા આશિક઼ હોવ તો સુન્નતોના, શરીઅતના, નમાઝના પાબંદ બનો ! નહીં તો આશિક઼ીનો દાવો ફોગટનો પુરવાર થશે.

હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ જણાવે છે : ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કકરી મસ્જિદમાં બગદાદના ઔલિયાની સમક્ષ હાજર હતો અને આંગળીઓના ખિલાલના બારામાં ચર્ચા થઈ રહી હતી. ફર્માવ્યું કે વુઝૂ કરતી વખતે આંગળીનો ખિલાલ કરવો સુન્નત છે. એટલા માટે કે હદીષમાં આવ્યું છે કે મેં સહાબાએ કિરામને આંગળીનો ખિલાલ કરવાનુ કહ્યું છે જે હાથના પાણી વડે આંગળીઓનો ખિલાલ કરે છે તેની આંગળીઓને અલ્લાહ તઆલા શફાઅતથી વંચિત નથી રાખતો.

પછી કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે શયખે અજલ શીરાઝી (ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)ની સાથે એક સ્થળે હતો અને સાંજની નમાઝનો સમય હતો. હઝરત ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ નવુ વુઝૂ કરતા હતા. સંજોગોવસાત આપ આંગળીઓનો ખિલાલ કરવાનુ ભૂલી ગયા. ગયબી ફરિશ્તાએ અવાજ આપ્યો કે **હે અજલ ! તું અમારા મુહમ્મદ (ﷺ)ની દોસ્તી (મહોબ્બત)નો દાવો કરે છે અને તેમની ઉમ્મત બને છે પરંતુ તેમની સુન્નતને છોડે છે ?!** ત્યારબાદ ખ્વાજાએ અજલે ક઼સમ ખાધી કે એ સમયથી લઈને મરતા દમ સુધી હું કોઈ સુન્નત ન છોડીશ.

પછી ફર્માવ્યું કે એકવાર મેં ખ્વાજાએ અજબ શીરાઝી (ગરીબ નવાઝ)ને ખૂબ જ ઉલઝનમાં જોઈને હાલત પૂછી તો ફર્માવ્યું કે **જે દિવસે મારાથી ભૂલથી આંગળીઓનો ખિલાલ છૂટી ગયો ત્યારથી હું ચિંતિત છું કે આ મોઢું નબી કરીમ ﷺને ક઼યામતના દિવસે કઈ રીતે દેખાડી શકીશ ?!**

પછી ફર્માવ્યું કે સલાતે મસ્ઊદીમાં તરીકે તરગીબ અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે ફિક઼્હે સુન્નતમાં લખ્યું છે કે દરેક અંગને ત્રણવાર ધોવું સુન્નત છે. જેમ કે હદીષમાં છે કે દરેક અંગને ત્રણવાર ધોવું મારી સુન્નત છે અને મારાથી આગલા પયગંબરોની પણ એ જ સુન્નત છે. એના પર વધારો કરવો જુલ્મ છે.

ત્યારબાદ એ જ મોક઼ા પર ફર્માવ્યું કે ફુઝૈલ અયાઝ رحمۃ اللہ علیہએ વુઝૂ કરતી વખતે હાથ કેવળ બે જ વાર ધોયો. જ્યારે નમાઝ અદા કરી ચૂક્યા તો તે જ રાત્રે હઝરત રિસાલત મઆબ ﷺને ખ્વાબમાં જોયા જે ફર્માવે છે કે મને તો આશ્ચર્ય છે કે તમારા વુઝૂમાં કમી રહી જાય ! ફુઝૈલ رحمۃ اللہ علیہએ ગભરાહટથી જાગી ગયા પછી તાજુ વુઝૂ કરીને નમાઝ અદા કરી અને કફ્ફારાના માટે વરસભર ૫૦૦ રકાત વઝીફાના રૂપે દરરોજ અદા કરી.

## ★ બાવુઝૂ સૂવાની ફઝીલત ખ્વાજા સાહબની ઝબાની ★

પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે આરિફ એહલે ફઝ્લ છે અને તેઓ દોસ્તની મહોબ્બતમાં ચૂર છે. વળી તે પોતાની શરહમાં લખે છે કે **જ્યારે માણસ રાત્રે બાવુઝૂ સૂએ છે તો હુકમ થાય છે કે ફરિશ્તા**

**તેની સાથે રહે. તેઓ સવાર સુધી અલ્લાહ તઆલાથી એ જ વિનંતિ કરતા રહે છે કે હે અલ્લાહ તઆલા ! આ બંદાને બખ્શી આપ ! કેમ કે તે બાવુઝૂ સૂતો છે.**

પછી એ જ મેહફિલમાં ફર્માવ્યું કે આરિફોની શરહમાં આવ્યું છે કે **જ્યારે માણસ બાવુઝૂ સૂએ છે તો (ફરિશ્તા) તેની જાન અર્શની નીચે લઈ જાય છે અને હુકમ થાય છે કે તેને નૂરી કપડાં પહેરાવી દો.** જ્યારે તે સિજદો કરી ચૂકે છે તો હુકમ થાય છે કે તેને પરત લઈ જાવ કેમ કે એ નેક બંદો છે જે બાતહારત (બાવુઝૂ) સૂતો છે. અને જે શખ્સ બેવુઝૂ સૂએ છે તેની જાનને પહેલા જ આસ્માનેથી પરત કરે છે અને કહે છે કે આ એ લાયક નથી કે તેને ઉપર લઈ જવામાં આવે. એવો માણસ અલ્લાહને સજદો કરવાવાળો નથી.

હે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની મહોબ્બતના દાવેદારો ! ધ્યાનથી વાંચી અને પોતે દિલમાં જ વિચારો કે આપણી રાતો કઈ હાલતમાં પસાર થઈ રહી છે ?!

## ★ નમાઝનું મહત્વ અને ગરીબનવાઝ رحمۃ اللہ علیہ ★

એ જ મોકા પર ખ્વાજા સાહેબે ફર્માવ્યું કે **નમાઝ એક અમાનત છે,** જે અલ્લાહ તઆલાએ બંદાઓને સુપ્રત કરી છે. જેથી બંદાઓ પર વાજિબ છે કે **અમાનતમાં કોઈ પ્રકારની ખયાનત ન કરે.**

પછી ફર્માવ્યું કે માણસ નમાઝ અદા કરે તો રુકૂઅ તથા સજદાઓને જેવા કે તેનો હક્ક છે તે પ્રમાણે અદા કરે અને નમાઝના અરકાનોની સારી રીતે કાળજી રાખે.

પછી ફર્માવ્યું કે મેં સલાતે મસ્ઉદીમાં લખાવી આપ્યું છે કે જ્યારે લોકો નમાઝ સારી રીતે અદા કરે છે અને તેના સર્વ હક્કો પૂર્ણપણે પાળે છે અને રુકૂઅ તથા સજદા તથા કિરાઅત તથા તસ્બીહની કાળજી રાખે છે તો ફરિશ્તા તે નમાઝને આસ્માનો પર લઈ જાય છે. પછી એ નમાઝથી નૂર જાહેર થાય છે અને આસ્માનના દરવાજા ખુલી જાય છે. જ્યારે એ નમાઝને અર્શની નીચે લાવવામાં આવે છે તો હુકમ થાય છે કે સજદો કર અને નમાઝ અદા કરનારા માટે બખ્શિશ માગ ! કેમ કે તે તારા હક્કો સારી રીતે અદા કરે છે.

**પછી ખ્વાજા સાહબ રડયા અને ફર્માવ્યું કે આ તો સારી રીતે નમાઝ અદા કરનારાઓ માટે છે, પરંતુ જેઓ નમાઝના અરકાનો ખૂબીપૂર્વક અદા કરવાની કાળજી નથી લેતા તેમની નમાઝને જ્યારે ફરિશ્તા આસ્માન પર લઈ જાય છે તો આસ્માનના દરવાજા નથી ખુલતા, અને હુકમ થાય છે કે આ નમાઝને લઈ જઈને એ જ નમાઝીના મોઢા પર મારી દો ! પછી નમાઝ ઝબાને હાલથી કહે છે, જે રીતે તેં મને બર્બાદ કરી છે એ રીતે ખુદા તને બર્બાદ કરે !**

પછી એ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું બુખારામાં દસ્તારબંદોની વચ્ચે બેઠો હતો તો એમનાથી આ હિકાયત સાંભળી કે એકવાર પયગંબરે ખુદા એ એક શખ્સને નમાઝ અદા કરતાં જોયો જે રુકૂઅ તથા સજદામાં નમાઝનો હક્ક સારી રીતે અદા કરતો ન હતો. જ્યારે તે નમાઝથી ફારિગ થયો તો પૂછયું કે કેટલા અરસાથી આ રીતે નમાઝ અદા કરે છે ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આટલાં વરસથી આ જ રીતે નમાઝ અદા કરું છું ! ફર્માવ્યું, આ સર્વ વર્ષોમાં તેં કોઈ નમાઝ અદા નથી કરી ! જો તું મરી જઈશ તો મારી સુન્નત પર મરીશ નહીં !

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે કયામતના દિવસે સૌ પ્રથમ નમાઝનો હિસાબ દરેક મુસલમાનને પૂછવામાં આવશે, જે આ હિસાબ બરાબર આપી નહીં શકે તે અઝાબ તથા દોઝખમાં પડશે....

પછી ખ્વાજા સાહબે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે હે દરવેશ ! નમાઝ દીનનો રુકન છે અને રુકન સ્તંભ હોય છે. જેથી જો સ્તંભ કાયમ હશે તો ઘર પણ સલામત રહેશે અને જ્યારે સ્તંભ નીકળી જશે તો છત તુરત જ પડી જશે. **ઈસ્લામ અને દીનના માટે નમાઝ સ્તંભના સ્થાને છે,** જ્યારે નમાઝની અંદર ફર્ઝ, સુન્નત, રુકૂઅ

તથા સજદામાં ખલેલ આવશે તો ઈસ્લામ તથા દીનની હકીકત વગેરે ખરાબ થઈ જશે.

**નોંધ** : જ્યારે આપણે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની મહોબ્બતના દાવેદાર છીએ તો સફરમાં કે ઉતારે કે ઘરે કોઈ ઠેકાણે એક નમાઝ પણ આપણી કઝા ન થવી જોઈએ. ફજર હોય કે ઈશા કે અન્ય નમાઝો બાજમાઅત અને તેના કાનૂન પ્રમાણે પઢવી જોઈએ.

## ★ મુનાફિકોની નમાઝ ! ★

ત્યારબાદ ખ્વાજા સાહબે ફર્માવ્યું કે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હું હાજર થયો, આપનાથી મેં હદીષ સાંભળી જેની રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કરી છે. નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, શું તમને મુનાફિકોની નમાઝ બતાવું ?! અર્ઝ કરી, જી હુઝૂર ! ફર્માવ્યું, જે શખ્સ અસરની નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરે કે સૂરજની રોશનીમાં ફરક આવી જાય અને તેનો રંગ પીળાશ પડતો થઈ જાય. પછી અર્ઝ કરી કે સમય નિશ્ચિત કરો. ફર્માવ્યું, એનો બરાબર સમય એ છે કે સૂર્યએ તેનો અસલ રંગ ન બદલ્યો હોય, એટલે કે પીળો (મકરૂહ સમય) ન થઈ ગયો હોય. શિયાળા તથા ઉનાળામાં આ જ હુકમ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિકહે હિદાયામાં શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના હાથની લખેલી આ હદીષ જોઈ છે : ''સવારની નમાઝ સફેદીમાં અદા કરો જેથી સવાબ વધારે મળે.'' ઝોહરની નમાઝમાં સુન્નત તરીકો એ છે કે એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે હવા ઠંડી થઈ જાય અને શિયાળામાં જ્યારે પડછાયો ઢળે તો અદા કરવામાં આવે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, ''ગરમીમાં ઝોહરની નમાઝ ઠંડા પહોરે અદા કરો.'' (વિચારો ! મોડુ કરનારની નમાઝને મુનાફિકની કહી તો તદ્દન નમાઝ છોડનાર શું કહેવાશે ?!)

www.barkatekhwaja.net

## ★ નમાઝ કઝા થતાં રૂદન તથા આહોઝારી ! ★

ત્યારબાદ ખ્વાજા સાહબે ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી સવારની નમાઝ કઝા થઈ ગઈ તો એટલા પ્રમાણમાં રડ્યા અને આહોઝારી (આક્રંદ) કરી કે વર્ણન નથી થઈ શકતું ! અવાજ આવ્યો કે હે બાયઝીદ ! તું આટલા પ્રમાણમાં આહોઝારી શા માટે કરે છે ?! જો સવારની એક નમાઝ છૂટી ગઈ તો અમે તારા અમલોમાં હજાર નમાઝોનો સવાબ લખી આપ્યો છે !

## ★ નમાઝ કઝા કરનારને સખત અઝાબ ! ★

એ જ મોકા પર ફરી ખ્વાજા સાહેબે ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہથી સાંભળ્યું છે કે ઈમામ ઝાહિદની તફસીરમાં લખ્યું છે, ''વેલ'' દોઝખમાં એક કૂવો છે. અમુક કહે છે કે દોઝખની એક વાદી (પહાડીઓ વચ્ચે સપાટ મેદાન) છે જેમાં સખતથી સખત અઝાબ એ લોકોને થશે જેઓ નમાઝમાં ગફલત કરે છે. પછી ''વેલ''ની તફસીર આ પ્રમાણે ફર્માવી કે વેલે ૭૦ હજારવાર અલ્લાહ તઆલાથી રડીને પૂછયું કે આટલો સખત અઝાબ કયા લોકોને થશે ?! હુકમ થયો, ''તેઓના માટે જેઓ નમાઝને સમયસર અદા નથી કરતા અને કઝા કરે છે.''

**નોંધ** : હે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہના આશિકો ! આપણે જોઈએ છીએ કે ખ્વાજા સાહબના નામ પર ચરી ખાનારા નમાઝના સમયે ધંધામાં કે પોતાના કામમાં મશગૂલ હોય છે અને નમાઝ પઢતા નથી અને મોટી મોટી વાતો કરીને તરીકતમાં પહોંચેલા બનીને લોકોને છેતરે છે. અલ્લાહ સહીહ સમજ આપે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

تَرٰی کَثِیْرًا مِّنْهُمْ یَتَوَلَّوْنَ الَّذِیْنَ کَفَرُوْا ؕ لَبِئْسَ مَا قَدَّمَتْ لَهُمْ اَنْفُسُهُمْ اَنْ سَخِطَ اللّٰهُ عَلَیْهِمْ وَ فِی الْعَذَابِ هُمْ خٰلِدُوْنَ ۝٨٠ وَ لَوْ کَانُوْا یُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ النَّبِیِّ وَ مَاۤ اُنْزِلَ اِلَیْهِ مَا اتَّخَذُوْهُمْ اَوْلِیَآءَ وَ لٰکِنَّ کَثِیْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ ۝٨١ لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِیْنَ اٰمَنُوا الْیَهُوْدَ وَ الَّذِیْنَ اَشْرَکُوْا ۚ وَ لَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِیْنَ اٰمَنُوا الَّذِیْنَ قَالُوْۤا اِنَّا نَصٰرٰی ؕ ذٰلِكَ بِاَنَّ مِنْهُمْ قِسِّیْسِیْنَ وَ رُهْبَانًا وَّ اَنَّهُمْ لَا یَسْتَکْبِرُوْنَ ۝٨٢ وَ اِذَا سَمِعُوْا مَاۤ اُنْزِلَ اِلَی الرَّسُوْلِ تَرٰۤی اَعْیُنَهُمْ تَفِیْضُ مِنَ الدَّمْعِ مِمَّا عَرَفُوْا مِنَ الْحَقِّ ۚ یَقُوْلُوْنَ رَبَّنَاۤ اٰمَنَّا فَاکْتُبْنَا مَعَ الشّٰهِدِیْنَ ۝٨٣

એમનામાં ઘણાઓને તમે જોશો કે (તેઓ) કાફિરો સાથે મિત્રતા કેળવે છે. કેટલી ખરાબ વસ્તુ પોતાના માટે પોતે જ આગળ મોકલી. એ કે અલ્લાહનો ગઝબ એમના પર થયો, અને તેઓ અઝાબમાં હમેશાં રહેશે.[૨૬૨] (૮૦) અને જો તેઓ ઈમાન લાવત[૨૬૩] અલ્લાહ અને આ નબી પર, અને તેના પર જે એમની તરફ ઉતર્યું, તો કાફિરો સાથે દોસ્તી ન કરત.[૨૬૪] પણ એમનામાં તો ઘણા ફાસિક છે. (૮૧) જરૂર તમે મુસલમાનોના બધાથી વધારે દુશ્મન યહૂદીઓ અને મુશરિકોને પામશો. અને જરૂર તમે મુસલમાનોની દોસ્તીમાં બધાથી નિકટ તેમને પામશો જેઓ કહેતા હતા કે અમે નસારા છીએ.[૨૬૫] આ એટલા માટે કે એમનામાં આલિમ અને દરવેશો છે, અને તેઓ ઘમંડ કરતાં નથી[૨૬૬] (૮૨)

### :: સમજૂતી ::

**૨૬૨ :** આથી સાબિત થયું કે કાફિરો સાથે મૈત્રી અને સંબંધો નિફાક (મુનાફિકપણા)ની નિશાની છે.

**૨૬૩ :** સચ્ચાઈ અને નિખાલસતા સાથે, નિફાક઼ વગર.

**૨૬૪ :** આથી સાબિત થયું કે કાફિરો સાથે મૈત્રી અને સંબંધો નિફાક઼ની નિશાની છે.

**૨૬૫ :** આ આયતમાં તેમના વખાણ છે જેઓ હુઝૂરના સમય સુધી હઝરત ઈસાના દીન પર રહ્યા, અને હુઝૂર ﷺની નબુવ્વત જાહેર થએથી આપના પર ઈમાન લાવ્યા.

**શાને નુઝૂલ :** ઈસ્લામની શરૂઆતમાં જ્યારે કુરેશના કાફિરોએ મુસલમાનોને ઘણા દુઃખ આપ્યાં ત્યારે અસ્હાબમાંથી ૧૧ પુરૂષો ૪ સ્ત્રીઓએ હુઝૂરના

હુકમથી હબશા (ઈથોપિયા) તરફ હિજરત કરી. અને હિજરત કરનારાઓના નામો આ છે : હઝરત ઉસ્માન ગની અને આપના પત્ની તાહિરા, હુઝૂર ﷺના પુત્રી હઝરત રૂકય્યા અને હઝરત ઝુબૈર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત અબૂ હુઝૈફા અને એમના પત્ની હઝરત સહેલા બિન્તે સુહેલ, હઝરત મુસ્અબ ઈબ્ને ઉમૈર, હઝરત અબૂ સલ્મા અને પત્ની હઝરત ઉમ્મે સલ્મા બિન્તે અબી ઉમૈયા, હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊન, હઝરત આમિર બિન રબીઆ અને એમના બીબી હઝરત લયલા બિન્તે અબી ખુસૈમા, હઝરત હાતિબ બિન ઉમર અને હઝરત સુહેલ બિન બયઝા رضی اللہ عنہم.

આ લોકો નબુવ્વતના પાંચમા વર્ષે દરિયાઈ માર્ગે હબશા ગયા હતા. આ હિજરતને 'હિજરતે ઉલા' કહેવામાં આવે છે. એમના પછી હઝરત જઅફર બિન અબી તાલિબ ગયા, પછી બીજા મુસલમાનો પણ ઉમેરાતા ગયા. એટલે સુધી કે બાળકો અને સ્ત્રીઓ સિવાય મુહાજિરોની સંખ્યા ૮૨ પુરૂષો સુધી પહોંચી ગઈ. જ્યારે કુરેશને આ હિજરતની જાણ થઈ ત્યારે તેમણે એક પ્રતિનિધિમંડળ ભેટ સોગાદો લઈને નજાશી બાદશાહ પાસે મોકલ્યું, એ લોકોએ શાહી દરબારમાં હાજરીની તક મેળવીને બાહશાહને કહ્યું,

'અમારા દેશમાં એક વ્યક્તિએ નબી હોવાનો દાવો કર્યો છે અને લોકોને મૂર્ખ બનાવી દીધા છે. તેના અનુયાયીનું એક જુથ જે આપના દેશમાં આવ્યું છે તેઓ હુલ્લડખોરી કરશે, અને આપની રય્યતને બળવાખોર બનાવશે. અમે આપને સમાચાર આપવા આવ્યા છીએ, અને અમારી કોમ વિનંતી કરે છે કે તેમને આપ અમારા હવાલે કરી આપો.

નજાશી બાદશાહે કહ્યું, ''જરા અમો તે લોકો સાથે વાતચીત કરી લઈએ !'' પછી મુસલમાનોને બોલાવી મંગાવ્યા. અને તેમને પૂછયું કે, 'તમે હઝરત ઈસા અને એમના માતૃ શ્રી બાબત કેવી માન્યતા રાખો છો ?

હઝરત જઅફર બિન તાલિબે જવાબ આપ્યો, 'હઝરત ઈસા અલ્લાહના બંદા અને તેના રસૂલ અને કલિમતુલ્લાહ તેમજ રૂહુલ્લાહ છે, અને હઝરત મરયમ પવિત્ર કુંવારી છે.'

આ સાંભળીને નજાશીએ જમીન પરથી લાકડીનો એક ટુકડો ઊંચકીને કહ્યું, 'ખુદાની કસમ ! તમારા આકાએ હઝરત ઈસા علیہ السلام બાબત આ લાકડીના ટુકડા જેટલો પણ વધારો કર્યો નથી. એમનું ફર્માન તદ્દન હઝરત ઈસાના કથનાનુસાર છે.

આ જોઈને મક્કાના મુશ્રિકોનાં મોઢાં ઉતરી ગયાં. પછી નજાશીએ કુર્આન મજીદ સાંભળવાની ઈચ્છા પ્રદર્શિત કરી. હઝરત જઅફરે સૂરએ મરયમ પઢી સંભળાવી તે વખતે દરબારમાં નસરાની આલિમો અને દરવેશો હાજર હતા. તેઓ કુર્આન શરીફ સાંભળીને રડવા લાગ્યા. અને નજાશીએ મુસલમાનોને કહ્યું કે 'તમને મારા રાજ્યમાં કોઈ ભય નથી' મક્કાના મુશરિકો નિષ્ફળ પાછા ફર્યા, અને મુસલમાનો નજાશી પાસે ખૂબ જ ઈજ્જત અને આરામથી રહ્યા. અને અલ્લાહના ફઝ્લથી નજાશીને ઈમાનની દોલતનું અહોભાગ્ય સાંપડયું. આ બનાવ બાબત આ આયત ઉતરી.

**૨૬૬. મસ્અલો** : આથી સાબિત થયું કે ઈલ્મ પ્રાપ્તિ અને ઘમંડને તિલાંજલી એ ઘણી જ ઉપયોગી બાબતો છે, અને એમના કારણે હિદાયત નસીબ થાય છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### (વિભાગ : ૨) الفصل الثانی

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાની નમાઝ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમથી શરૂ કરતા હતા. (તિર્મિઝી) અને તે કહે છે કે આ હદીષની અસ્નાદ કવી (મજબૂત) નથી.[૧]''*

**૧.** જેથી આ હદીષથી એ મસ્અલો સાબિત નથી થઈ શકતો કે ઈમામ ઊંચી અવાજથી બિસ્મિલ્લાહ પઢે. અને જો હદીષ સહીહ હોય તો પણ બિસ્મિલ્લાહ પઢવાનું વર્ણન છે ન કે જહ્ર (જોર)થી. પઢવાનો મતલબ એ છે કે નમાઝની કિરાઅત એવી રીતે શરૂ કરતા કે પ્રથમ બિસ્મિલ્લાહ ધીમેથી પઢી લેતા પછી જોરથી અલ્હમ્દ. અથવા મતલબ એ છે કે તકબીરે તહરીમાથી પહેલાં બિસ્મિલ્લાહ પઢતા બરકતના માટે.

*''હઝરત વાઈલ ઈબ્ને હુજ્રથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને સાંભળ્યા કે આપે પઢ્યું : غَیْرِ الْمَغْضُوْبِ عَلَیْهِمْ وَلَا الضَّآلِّیْنَ તો કહ્યું آمین પોતાનો અવાજ ખેંચીને.[૧]'' (તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી તથા ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષથી નમાઝમાં ઊંચી આમીન કહેવું હરગિઝ સાબિત નથી થઈ શકતું કેટલાક કારણે : **એક** એ કે અહીં નમાઝનો ઉલ્લેખ નથી, શક્ય છે કે નમાઝના સિવાય આ તિલાવત તથા آمین હોય. **બીજુ** એ કે અહીં مَدَّ بِهَا صَوْتَهٗ છે. مدّ નો અર્થ ચીખવું નથી બલ્કે એનો અર્થ છે ખેંચવું, લંબાવવું. એનુ વિરોધાર્થી કસ્ર છે, એટલા માટે મોહલત આપવા (ઢીલ આપવા)ને مدّ (મદ) કહેવામાં આવે છે. રબ ફર્માવે છે : وَيَمُدُّهُمْ فِىْ طُغْيَانِهِمْ ''અને એમને ઢીલ આપે છે કે પોતાની નાફર્માનીમાં ભટકતા રહે.'' (૨/૧૫, કન્ઝુલ ઈમાન) એટલે હુઝૂર ﷺ આમીનનો અલિફ અને મીમ મદની સાથે પઢતા હતા. બરવઝને કાલીન કસ્રથી નહીં, જેમ કે કરીમ. એ જ અર્થ જાહેર છે. ત્રીજુ એ કે ઈમામ અહમદ, દારકુત્ની, હાકિમ, મુસ્તદરક, તિબ્રાની, અબૂ દાઊદ, તયાલ્સી, અબૂ યઅ્લા, મૌસુલીએ એમને વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી કે હુઝૂર ﷺ એ નમાઝમાં જ્યારે وَلَا الضَّآلِّیْنَ પઢ્યું તો قَالَ اٰمِیْن وَاَخْفٰى بِهَا صَوْتَهٗ અને અબૂ દાઊદ તથા તિર્મિઝી, ઈબ્ને અબી શયબાએ તેમને વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી. خَفَضَ بِهَا صَوْتَهٗ - اَخْفٰى નો અર્થ છે આહિસ્તા પઢવું અને خَفَضَ ''ખફસ''નો અર્થ છે ધીમા અવાજે પઢ્યું. તો હવે અહીં મદનો એવો અર્થ કરવો જોઈએ તે ત્યાંના ''અખફી'' તથા ''ખફસ''ના વિરૂધ્ધ ન હોય. એટલે કે અવાજ ખેંચ્યો. એટલા માટે અહીં જહ્ર નથી બલ્કે મદ આપ્યો. કેમ કે ઈખ્ફાનું વિરોધાભાસી મદ નહીં જહ્ર છે. રબ ફર્માવે છે : يَعْلَمُ الْجَهْرَ وَمَا يَخْفٰى ''તે જાણે છે દરેક ખુલ્લા તથા છુપાને.'' (૮૭/૭) કન્ઝુલ ઈમાન જે હદીષોમાં رَفَعَ بِهَا صَوْتَهٗ છે ત્યાં પણ રફઅ મદનો તર્જુમો છે. અને એ જ અર્થ છે કે અવાજ ખેંચીને પઢ્યું.

સારાંશ કે એવી હદીષ આજ સુધી નથી મળી શકી જેમાં નમાઝનું વર્ણન હોય, આમીનના માટે જહ્ર શબ્દ હોય. તેમજ ઊંચા અવાજે આમીન કહેવું કુર્આનની વિરૂધ્ધ છે, કેમ કે આમીન કુર્આનની આયત નથી બલ્કે દુઆ છે. રબ ફર્માવે છે : قَدْ اُجِیْبَتْ دَّعْوَتُکُمَا "તમારા બંનેવ દુઆ કૃબૂલ થઈ." (૧૦/૯૮, કન્ઝુલ ઈમાન) અને દુઆ આહિસ્તા કહેવી જોઈએ. રબ ફર્માવે છે : اُدْعُوْا رَبَّکُمْ تَضَرُّعًاوَّ خُفْیَۃً "જેને પુકારો છો ગદ ગદ થઈને અને આહિસ્તા."(૬/૬૩, કન્ઝુલ ઈમાન) એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક ભાગ–૨માં જુઓ.

*"હઝરત અબૂ ઝુહૈર નુમીરીથી રિવાયત છે.[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺની સાથે એક રાતે નીકળ્યા તો એક એવા શખ્સ પર પહોંચ્યા જે દુઆ માગવામાં ખૂબ જ અતિશ્યોક્તિ કરી રહ્યો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જો આ મોહર લગાડી દે[૨] તો વાજિબ કરશે. કૌમમાંથી એક માણસે કહ્યું કે કઈ ચીજ વડે મોહર લગાડે ? ફર્માવ્યું, "આમીન" વડે." (અબૂ દાઊદ)*

**૧.** આપનું નામ યહ્યા ઈબ્ને નઝીર છે. શામવાસીઓમાંથી છે. સહાબી છે.

**૨.** એટલે કે જો એ દુઆના અંતમાં આમીન કહી લે તો રબ તેની દુઆ કૃબૂલ કરે કે જેવી રીતે મોહરના કારણે પાર્સલ તૂટયા ફૂટયા વિના મંઝિલે મક્સૂદ સુધી પહોંચી જાય છે, એવી જ રીતે આમીનની બરકતથી દુઆ ખૈરિયતની સાથે રબ સુધી પહોંચી જાય છે. આ પરથી જાણવા મળ્યું કે નમાઝ બહાર પણ જ્યારે દુઆ માગે તો "આમીન" કરે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺએ મગરિબમાં સૂરએ અઅરાફ પઢી. એ સૂરત બે રકાતોમાં વહેંચી." (નિસાઈ)*

**૧.** જાહેર એ છે કે હુઝૂર ﷺએ આ પૂરી સૂરત બે રકાતોમાં પઢી. એનાથી ઈશારા રૂપે માલૂમ પડયું કે આસ્માનના કિનારામાં કાળાશ આવતા સુધી મગરિબનો સમય રહે છે, સફેદી ઈશાનો સમય નથી, નહીં તો આટલી મોટી સૂરત બે રકાતોમાં પઢે તો પછી બાકીની નમાઝ અદા કરવાનુ મુશ્કેલ થતું. જેથી આ હદીષ હનફીઓની દલીલ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનો આ અમલ જાઈઝ હોવાનું વર્ણન કરવા માટે છે, નહીં તો મગરિબમાં નાની સૂરતો પઢવું અફઝલ છે. જેવું કે હુઝૂર ﷺનો મોટાભાગે અમલ હતો.

*"હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું એક સફરમાં હુઝૂર ﷺની ઊંટણીની મહાર ખેંચી રહ્યો હતો કે મને ફર્માવ્યું, હે ઉક્બા ! શું હું તમને બેહતરીન બે સૂરતો ન બતાવું જે પઢાવવામાં આવે છે ? મને قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ તથા قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ શીખવાડી[૧] ફર્માવે છે કે મને હુઝૂરે આ બે સૂરતોના કારણે અધિક ખુશ થતો ન જોયો, તો જ્યારે ફારિગ થયા તો મારા પ્રતિ ધ્યાનિત થઈને ફર્માવ્યું કે હે ઉક્બા ! તમે કેવું જોયું ?[૨]" (અહમદ, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** કેમ કે એ બંનેવ સૂરતો કલામે ઈલાહી પણ છે, દુઆ પણ અને મખ્લૂકની બુરાઈથી અમ્ન પણ છે. દરેક મુસલમાને ખાસ કરીને મુસાફિર માટે ઘણી જ લાભકારક છે. યાદ રાખશો કે કુર્આનની અમુક સૂરતો અમુકથી સવાબ તથા ફાયદાના લેહાજથી આ'લા છે, જો કે પૂરો કાબા બયતુલ્લાહ છે.

**૨.** કે આ બે સૂરતો ફજર જેવી મહત્વની નમાઝમાં પૂરતી થઈ ગઈ અને એ મોટી સૂરતોની કાઈમ મુકામ બની ગઈ. જે ફજરમાં પઢવામાં આવે છે. મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂર ﷺના આ સૂરતોને નમાઝમાં પઢવાના કારણે હઝરત ઉક્બા પર તેનાં રહસ્યો ખુલી ગયાં. ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઉક્બા ! કાંઈ જોઈ લીધું ! આ સૂરતો આવી છે.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## ★ મેઅરાજની હિકમતો ★

**૦૧.** આપ ﷺની સામે એકવાર આપની ઉમ્મતના અમલો પેશ કરવામાં આવ્યા જેને જોઈને આપ ગભરાય ગયા કે મારી ઉમ્મતમાં આવા આવા ગુનેહગારો છે ! તેઓ ક્યાં જશે ?! અલ્લાહે મેઅરાજ પર બોલાવીને પોતાની રહમતો તથા બખ્શિશો દેખાડી કે તારી ઉમ્મતના ગુનાહોની મારી રહમતની સામે શું હૈસિયત છે ?! આપ પરેશાન ન થાવ.

**૦૨.** અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને શફીએ ઉમમ બનાવ્યા છે અને ક઼યામતનો દિવસ ઘણો ભયાનક હશે. (یَوۡمَ یَفِرُّ الۡمَرۡءُ مِنۡ اَخِیۡہِ ﴿ۙ۳۴﴾ -- الی اخرہ) "તે દિવસે માણસ ભાગશે પોતાના ભાઈથી." *સૂ. અબસ, ૮૦/૩૪*)અલ્લાહે પોતાના મહબૂબને પહેલાં જ બોલાવીને સઘળો નિઝામ (વ્યવસ્થા) બતાવી આપ્યો. કેમ કે મન્ઝર કેટલોય ડરામણો કેમ ન હોય પણ જો એકવાર પહેલેથી જોઈ લેવામાં આવે તો બીજીવાર જોવાનું કાંઈક સરળ થઈ જાય છે. એટલા માટે દરેક જણ નફસી નફસી કહેશે અને હુઝૂર ﷺ ઉમ્મતી ઉમ્મતી કહેશે.

**૦૩.** બાદશાહ જ્યારે કોઈને પોતાનુ નાયબપણુ આપે છે તો પ્રથમ પોતાની સલ્તનત દેખાડે છે પછી કન્ટ્રોલ આપે છે. હુઝૂર ﷺ કેમ કે અલ્લાહના ખલીફાએ આ'ઝમ છે અને અલ્લાહની હુકૂમત જમીન તથા આસ્માન પર છે એટલા માટે આપ ﷺએ પ્રથમ સઘળી જમીન દેખાડીને સઘળી જમીનનો કન્ટ્રોલ આપવામાં આવ્યો. (فاریت مشارقها ومغاربها۔ او تیت مفاتیح خزائن الارض) પછી આસ્માનની સૈર કરાવી અને આસ્માનનો કન્ટ્રોલ (શફાઅતની ઈજાઝત) અતા કરી.

**૦૪.** અલ્લાહે ઈમાનવાળાઓની જાનો માલનો જન્નતના બદલામાં સોદો કર્યો. (اِنَّ اللّٰہَ اشۡتَرٰی مِنَ الۡمُؤۡمِنِیۡنَ اَنۡفُسَہُمۡ وَ اَمۡوَالَہُمۡ بِاَنَّ لَہُمُ الۡجَنَّۃَ) "બેશક અલ્લાહે મુસલમાનોથી તેમના માલ અને જાન ખરીદી લીધા છે એ બદલા પર'કે તેમના માટે જન્નત છે. *સૂ. તૌબા, ૯/૧૧૧*) હુઝૂર ﷺ કેમ કે એ સોદાના મહાન વકીલ છે જેથી જે કિંમત લાગી તેને જોવું પણ જરૂરી હતું. જેથી આપને મેઅરાજ પર બોલાવીને જન્નત દેખાડી દીધી કે જે અમે આપના ગુલામોના જાન તથા માલની કિંમત લગાડી છે. તો આપ જોઈ લો કે શું આપને આ સોદો મંઝૂર છે ? સોદા કરાવનાર બંને પક્ષોની દૃષ્ટિએ મોઅઝ્ઝઝ તથા મોહતરમ હોય છે.

**૦૫.** જ્યારે અલ્લાહે ફરિશ્તાઓને ફર્માવ્યું કે હું જમીનમાં ખલીફા બનાવનાર છું. તો તેમણે અર્ઝ કરી, શું એવાનો ખલીફા બનાવીશ જે જમીનમાં ફસાદ કરશે, લોહી વહાવશે ?! ફર્માવ્યું, હું જે જાણુ તે તમો નથી જાણતા.

www.barkatekhwaja.net

મતલબ એ કે તમે ફસાદીઓને જોઈ રહ્યા છો અને મારી સામે તે હસ્તી છે કે જેના માટે મેં સર્વ કાંઈ બનાવ્યું છે અને બનાવવું છે, એટલે કે મુહમ્મદ ﷺ. ફરિશ્તા તે જ દિવસથી હુઝૂર ﷺને જોવાના મુશ્તાક઼ થઈ ગયા, અને દુઆઓ કરવા લાગ્યા કે એ મહબૂબની ઝિયારત થઈ જાય. અલ્લાહે મેઅરાજ કરાવી જેથી ફરિશ્તા પોતાની આતૂરતા પૂર્ણ કરી લે.

૦૬. હુઝૂર ﷺ રહ્‌મતુલ લિલ્આલમીન છે અને આલમીનમાં આસ્માની મખ્લૂક઼ પણ સામેલ છે. (العالم ماسوی اللّٰہ) જમીનવાળાઓને તો આપની રહમતથી હિસ્સો મળી ગયો. આસ્માનવાળાઓએ અર્ઝ કરી કે હુઝૂર અમારી પાસે પણ તશરીફ લાવે જેથી અમે પણ આપનાથી આપની રહમતનો હિસ્સો વસૂલ કરીએ.

૦૭. જમીન તથા આસ્માનનોમાં આપસમાં મુનાઝરો થયો અને બંનેવ એકબીજા પર પોતાની ઉચ્ચતા દર્શાવવા લાગ્યાં. જમીને કહ્યું, મારી ઉપર નહેરો, બાગો, ઈન્સાનો છે. આસ્માને કહ્યું, તારા ઉપર પાણીની નહેરો તો મારા ઉપર દૂધ, મધ તથા શરાબે તહૂરની નહેરો છે. વાત ચાલતી ચાલતી ત્યાં સુધી પહોંચી કે જમીને કહ્યું, મારા ઉપર અલ્લાહના મહબૂબ જલ્વાગર છે, તો આસ્માન લાજવાબ થઈ ગયું ! અને દુઆ કરવા લાગ્યું કે હુઝૂર એકવાર મારી ઉપર પણ તશરીફ લાવે, જેથી જમીનને કહી શકું કે મેં પણ તેમના ક઼દમોને બોસા આપ્યા છે.

૦૮. સર્વ નબીઓએ અલ્લાહના એક હોવાનું એલાન જિબ્રઈલથી સાંભળીને કર્યું. એટલે કે તૌહીદની શહાદત સમઈ (સાંભળેલી) આપી. ક઼ૌમે જ્યારે કદી કોઈ નબીને પૂછયું કે તમને કેવી રીતે જાણ થઈ કે ખુદા એક છે ?! તો દરેક નબીએ એ જ કહ્યું કે અમે જિબ્રઈલથી સાંભળ્યું છે. અને જ્યારે હુઝૂર ﷺએ એલાન કર્યું તો ફર્માવ્યું : الھکم الہ واحد અલ્લાહ એક છે. પૂછવામાં આવ્યું, આપે કોનાથી સાંભળ્યું છે ? તો ફર્માવ્યું, رایت ربی فی احسن صورۃ હું સુની સુનાઈ વાત નથી કહી રહ્યો, જાતે જોઈને આવ્યો છું અને ઘણી સારી સૂરતમાં. અને કેવળ દિલની આંખો વડે જ નહીં, બલ્કે મારા માથાની આંખો વડે જોઈને આવ્યો છું. એટલા માટે આપ ખાતમુન્નબીય્યીન છે કે આટલી પાકી ગવાહી પછી હવે કોઈ ગવાહીની શું જરૂરત છે. તો સરકાર ﷺની ઝાત તે છે કે એક તરફ ખુદાઈ પર નજર જમાવેલ છે તો બીજી તરફ ખુદા પર પણ નજર જમાવેલ છે, જેથી મેઅરાજની આ પણ એક હિકમત ઠરી.

૦૯. અલ્લાહ તઆલાએ કેટલાયે અંબિયાએ કિરામનું નામ લઈને કુર્આન મજીદમાં એમના પર સલામ મોકલ્યા : اسلام علی نوح فی العالمین۔ سلام علی ابرھیم۔ سلام علی موسیٰ وھروب سلام علی الیاسین હુઝૂર ﷺના બારામાં આ તો ફર્માવ્યું : اللّٰہ وملائکتہ یصلون علی النبی પણ એ અંદાઝથી કેમ સલામ ન મોકલ્યા ? એટલા માટે કે એ નબીઓ પર સલામ મોકલ્યા તો એમના ક઼દમ ફર્શ પર હતા, અને પોતાના મહબૂબને અર્શ પર બોલાવીશ, પર્દા હટાવી દઈશ, દીદાર પણ કરાવીશ અને السلام علیک ایاالنبی પણ ફર્માવીશ.

૧૦. આખી કાઈનાતને હુઝૂર ﷺની મોહતાજ અને હુઝૂર ﷺને સૌના માટે મોહતાજ અલૈહ બનાવવામાં આવ્યા.

કોઈ વાંધો ઉઠાવી શકતુ હતું કે હુઝૂર ﷺ પણ અમારી જેમ જમીન પર ચાલતા હતા. જેથી આપ પણ જમીનના મોહતાજ થયા. અલ્લાહ આપને આસ્માન પર લઈ ગયો કે મારો નબી જમીનનો મોહતજ નથી. વળી કોઈ કહી શકતુ હતું કે હુઝૂર આસ્માનોના મોહતાજ ઠર્યા ! તો અલ્લાહ આપને લામકાં પર લઈ ગયો.

વળી સવાલ પેદા થયો કે તમે તો કહેતા હતા કે અમે હુઝૂર ﷺના મોહતાજ છીએ. જો મોહતાજ છો તો જ્યારે આપ આસ્માનો પર ગયા તો આપણે એમના વગર જીવતા રહ્યા ! તો એનો જવાબ એ છે કે અલ્લાહે જ્યારે પૂરો નિઝામ (વ્યવસ્થાતંત્ર) જ રોકી દીધો તો તમારો દાવો સાબિત ન થયો, અને જો આ વાતને ન માનો તો હુઝૂર તો સિરાજમ્મુનીરા છે, અને સૂરજ ક્યાંય પણ હોય પોતાનો ફયઝ પહોંચાડતો રહે છે.

*હૈ ઉન્હીં કે દમ કદમ સે બાગે આલમ મેં બહાર–વો ન થે આલમ ન થા, આલમ ન હોં ગર વો ન હોં*

**૧૧.** દરેક નબીને તેમના દૌરના પ્રમાણે કોઈ ન કોઈ મોજિઝો એવો અતા કરવામાં આવ્યો કે એ દૌરમાં જેને લોકો કમાલ સમજતા હતા, એ મોજિઝાનું જાહેરી સ્વરૂપ એને મલતુ જુલતુ હોતુ. જો કે લોકોનો એ કમાલ ક્યારેક અયબ પણ હોતો. દા.ત. મૂસા علیہ السلام તથા સુલૈમાન علیہ السلامના દૌરમાં જાદૂનુ જોર હતું અને લોકો તેને કમાલ સમજતા હતા. અલ્લાહે અન્ય મોજિઝાઓની સાથે મૂસા علیہ السلامને અસા (સ્ટીક) અતા કર્યો જેણે જાદૂગરોના જાદૂને ખાકમાં મેળવી દીધો. જાદૂગરો લાચાર બની ગયા.

સાલેહ علیہ السلامની કૌમ પહાડ ખોદીને મહેલ બનાવતી : وتنحتون من الجبال بيوتا فرحين, અલ્લાહે તેમને પથ્થરથી પેદા થયેલી ઊંટણીનો મોજિઝો આપી દીધો. એ જ પ્રમાણે ઈસા علیہ السلامના દૌરમાં તિબ્બ તથા હિકમત (મેડિકલ પ્રવૃત્તિ) ઊંચાઈએ હતી તો અલ્લાહે તેમને અન્ય મોજિઝાઓ ઉપરાંત જન્મજાત આંધળાને દેખતો કરવાનો અને કોઢીને સાજો કરવાનો મોજિઝો પણ આપ્યો. હુઝૂર ﷺના દૌરમાં સાઈન્સને કમાલ સમજવામાં આવવાનો હતો અને લોકોએ ચાંદ પર જવાના દાવા કરવાના હતા, જેથી અલ્લાહે અર્શ પર બોલાવી લીધા કે તમે લાખ તરક્કીઓ કરતા રહો પણ મારા નબીના માર્ગની ધૂળને પણ નહીં પામી શકો.

**૧૨.** અમુક રિવાયતોમાં છે કે જ્યારે આયતુલ કુર્સી નાઝિલ થઈ તો આપને અલ્લાહ તઆલાની કુર્સી જોવાનો શોખ પેદા થયો. ત્યારે અલ્લાહ તઆલએ આપને મેઅરાજ કરાવી અને આપે કુર્સી પણ જોઈ અને કુર્સીવાળાને પણ જોઈ લીધો.

www.barkatekhwaja.net

જેમ કે આપે કુર્સી જોયી જે સોનાની અથવા મોતીઓની બનેલી હતી. તેના પાયા મરવારીદના હતા. જમીન તથા આસ્માન તેના પર રાખી દેવામાં આવે તો એક વર્તુળ અથવા છલ્લાની જેમ માલૂમ પડે. એના પર નૂરની રેખાઓથી આયતુલ કુર્સી લખી હતી અને એની આસપાસ ચાલીસ હજાર કુર્સીઓ અન્ય રાખેલી હતી. અને દરેક કુર્સીની પાસે એક ફરિશ્તો ઉભો રહીને આયતુલ કુર્સીની તિલાવત કરી રહ્યો હતો અને હુઝૂર ﷺની ઉમ્મતના તે લોકો જેઓ આયતુલ કુર્સીનો વઝીફો કરે છે તેમને સવાબ બખ્શી રહ્યો હતો.

સારાંશ એ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારા બે વઝીર આસ્માનો પર છે (જિબ્રઈલ તથા મીકાઈલ) અને બે વઝીર જમીન પર છે (અબૂ બક્ર તથા ઉમર) અને વઝીર બાદશાહોના જ હોય છે, અને ત્યાં હોય છે જ્યાં બાદશાહી હોય. એવું નથી થઈ શકતુ કે હુકૂમત પાકિસ્તાનમાં હોય અને વઝીર ભારતમાં હોય. બીજા દેશોમાં સફીર (એલચી) તો હોય છે પણ વઝીર નથી હોતો. જેથી સાબિત થયું કે હુઝૂરની હુકૂમત કેવળ જમીન પર જ નહીં આસ્માનો ઉપર પણ છે. (ત્યારે જ તો ઈશારો કરીને ચાંદને ટુકડા કરી આપ્યા) તો એમાં આશ્ચર્યની શું વાત છે ? બાદશાહ પોતાના દેશોના દૌરા કરતા જ રહે છે.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## કર્ઝનુ બયાન

**મસ્અલા** : જે ચીજ કર્ઝે આપી શકાય, લઈ શકાય એનું મિષ્લી (એના જેવું જ) હોવું જરૂરી છે. એટલે કે માપની ચીજ હોય, તોલની હોય કે પછી ગણતરીની હોય એ બધામાં, પરંતુ ગણતરીની ચીજમાં શર્ત એ છે કે એના પ્રકારમાં (વસ્તુના પ્રકારમાં) વધારે તફાવત ન હોય. જેમ કે ઈંડાં, અખરોટ, બદામ. અને જો ગણતરીની ચીજોમાં તફાવત વધારે હોય જેના કારણે કિંમતમાં મતભેદ હોય જેમ કે કેરી, અમરૂદ એને કર્ઝે આપી શકતા નથી. એ જ રીતે દરેક કિંમતી ચીજ જેમ કે મકાન, જમીન, જાનવર એમને કર્ઝે આપવાં સહીહ નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : કર્ઝનો હુકમ એ છે કે જે ચીજ લેવામાં આવી છે તેના જેવી જ અદા કરવામાં આવે. પરિણામે જેની મિસ્લ નથી તેને કર્ઝે આપવું સહીહ નથી. જે ચીજને કર્ઝે લેવા દેવાની જાઈઝ નથી જો કોઈએ એને કર્ઝે લીધી તો એના પર કબ્જો કરવાથી તે માલિક થઈ જશે પરંતુ એનાથી નફો મેળવવો હલાલ નથી. પરંતુ જો એનું વેચાણ કરશે તો વેચાણ સહીહ થઈ જશે. એનો હુકમ જે રીતે ફાસિદ વેચાણમાં માલ પર કબ્જો કરી લીધો કેમ કે પાછો આપવો જરૂરી છે પરંતુ વેચાણ કરશે તો વેચાણ સહીહ ગણાશે તેના જેવો છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : કાગળને કર્ઝે લેવા જાઈઝ છે, જ્યારે કે એનો પ્રકાર (જાત) અને ગુણની વાત થઈ જાય એને ગણતરીથી લેવામાં આવે અને ગણતરીથી પાછા આપવામાં આવે. પરંતુ આજકાલ થોડાક કાગળોની ખરીદીમાં કર્ઝમાં ગણતરી કરીને ખરીદ વેચાણ થાય છે અને વધારે પ્રમાણમાં એટલે કે રીમોમાં વજનનો એ'તેબાર થાય છે. અર્થાત એમ કે આટલા પાઉન્ડ (વજન)નો એક રીમ. ઉર્ફમાં તખ્તાની ગણતરી નથી કરતા એનો કોઈ વાંધો નથી.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : રોટીઓને ગણતરી કરીને તેમજ તોલીને પણ કર્ઝે લઈ શકાય છે. ગોશ્તને વજન કરીને લેવામાં આવે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : લોટનું માપ કરીને કર્ઝે આપવો જોઈએ અને જો વજનથી કર્ઝે લેવાનો હોય જેમ કે ખાસ કરીને હિંદુસ્તાનમાં ચાલે છે તો વજનથી પણ કર્ઝે જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : બળતણ માટેનાં લાકડાં અને બીજા પ્રકારનાં લાકડાં તેમજ છાણાં અને તખ્તા, શાકભાજી અને તાજાં ફૂલ. આ બધાનું કર્ઝે લેવું દેવું દુરસ્ત નથી.

*(આલમગીરી)*

**મસ્અલા** : કાચી અને પાકી ઈંટોનું કર્ઝ જાઈઝ છે, જ્યારે કે એમાં તફાવત ન હોય. જેમ કે આજે શહેર ભરમાં એક જ પ્રકારની ઈંટો તૈયાર હોય છે.

*(આલમગીરી)*

**મસ્અલા** : બરફને વજન સાથે (વજનથી) કર્ઝે લેવો દુરસ્ત છે અને જો ગરમીની સીઝનમાં બરફ કર્ઝે લીધો હતો તેને શિયાળામાં અદા કરી આપ્યો તો એ થઈ શકે છે, પરંતુ જો કર્ઝે આપનાર

www.barkatekhwaja.net

તે વખતે લેવા ન ઈચ્છતો હોય અને તે એમ કહેતો હોય કે હું ગરમીની સીઝનમાં લઈશ અને તે અત્યારે દેવા ઈચ્છતો હોય તો આખી હકીકત કાઝી પાસે રજુ કરવી પડશે, તે વસૂલ કરવા પર મજબૂર કરશે.

*(આલમગીરી)*

**મસ્અલા** : પૈસા કર્ઝે લીધા હતા, તેનું ચલણ બંધ થઈ ગયું તો તેટલા જ પૈસા તે જ ચલણમાં દેવાથી કર્ઝ અદા થશે નહીં બલ્કે એની કિંમતનો એ'તેબાર છે. જેમ કે આઠ આનાના પૈસા હતા તો ચલણ બંધ થઈ ગયા પછી આઠ આની અથવા તો એની કિંમત જેટલા (સિક્કા) આપવા પડશે.

*(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : કર્ઝની અદાયગી માટે વસ્તુ સસ્તી, મોંઘી હોવાનો એ'તેબાર નથી. જમે કે દસ શેર ઘઉં કર્ઝે લીધા હતા, તેની કિંમત એક રૂપિયો હતી અને અદા કરતી વેળા એની કિંમત એક રૂપિયાથી વધારે કે ઓછી છે એનો બિલકુલ લેહાઝ કરવામાં નહીં આવે. તે (તેટલી) દસ શેર ઘઉં આપવા પડશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : દા.ત. એક શહેરમાં અનાજ કર્ઝે લીધું હતું અને લેણદારે બીજા શહેરમાં માગણી કરી તો જયાં કર્જ લીધું હતું ત્યાં જે કિંમત હતી તે આપવામાં આવે. કર્જદાર એ વાત પર મજબૂર કરી શકશે નહીં કે હું અહીં નહીં આપું, ત્યાં ચાલો અને લઈ લો. એક શહેરમાં અનાજ કર્જે લીધું હતું. બીજા શહેરમાં જ્યાં અનાજ મોંઘું છે ત્યાં લેણદાર માગણી કરે છે તો કર્જદારને કહેવામાં આવશે કે આપણા શહેરમાં જઈને અનાજ અદા કરી દઈશ એ બાબતના જામિન આપો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મેવા કર્જે લીધા, પરંતુ એને અદા કરતા પહેલાં બજારમાં મેવા મળતા બંધ થઈ ગયા. મેવા ખતમ થઈ ગયા. તો લેણદારે નવાં ફળ આવે ત્યાં સુધી રાહ જોવી પડશે. તે વખતે કર્જ અદા કરવામાં આવે અને જો બન્ને જણ કિંમતની લેવડ દેવડ કરવા રાજી થઈ જાય તો કિંમત અદા કરી દેવામાં આવે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કર્ઝદારે જ્યારે કર્ઝ પર કબ્જો મેળવી લીધો તે એ ચીજનો માલિક બની ગયો. ધારો કે એક ચીજ કર્ઝે લીધી હતી અને તેને ખર્ચ કરે તે પહેલાં પોતાની ચીજ આવી ગઈ (જેમ કે રૂપિયા કર્જે લીધા હતા અને રૂપિયા આવી ગયા અથવા તો લોટ કર્ઝે લીધો હતો તેને પકાવતાં પહેલાં લોટ દળાઈને આવી ગયો) તો કર્જદારને અખત્યાર છે કે તેની ચીજ રહેવા દે અને પોતાની ચીજથી કર્જ અદા કરી દે અથવા તો એની જ ચીજ આપી દે જેણે કર્ઝ આપ્યું હતું. તે એવું નહીં કહી શકે કે મેં જે ચીજ આપી હતી તે તમારી પાસે મૌજૂદ છે, હું તે જ ચીજ લઈશ. *(દુર્રે મુખ્તાર, આલમગીર)*

**મસ્અલા** : કર્જની ચીજ કર્જદાર પાસે મૌજૂદ છે. કર્જદાર એને લેણદારને હાથે વેચે વેચાણ કરે એ સહીહ છે કેમ કે એ માલિક છે અને જો લેણદાર વેચાણ કરે તો એ સહીહ નથી કારણ કે એ માલિક નથી. એક માણસે બીજા પાસેથી અનાજ કર્જે લીધું અને કર્જદારે રૂપિયાના બદલામાં એને લેણદાર પાસેથી ખરીદ્યું. એટલે કે તે દેવાને ખરીદ્યું જે એના શિરે હતું પરંતુ લેણદારે હજુ રૂપિયા પર કબ્જો ન મેળવ્યો હતો (હાથમાં રૂપિયા ન આવ્યા હતા) અને બંને જુદા પડયા તો વેચાણ બાતિલ ગણાશે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ગુલામ વેપારી અને મુકાતબ તથા નાબાલિગ અને બોહરા (બુદ્ધિ વગરના)એ બધા કોઈને કર્ઝ આપે એ નાજાઈઝ છે. કેમ કે કર્જ

www.barkatekhwaja.net

એ તબર્રઅ છે અને એ તબર્રઅ (બખ્શિશ) કરી શકતા નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : મહજૂર બાળક (જેમને ખરીદ વેચાણ કરવાની મના છે)ને કર્જ આપ્યું. એને કોઈ ચીજ વેચાતી આપી. તેણે ખર્ચી નાખી તો એનો બદલો કંઈ નહીં મળે. બોહરા અને પાગલને કર્જ દેવા માટે પણ આ જ પ્રમાણેનો હુકમ છે અને જો તે ચીજ મૌજૂદ છે, ખર્ચાઈ ગઈ નથી તો લેણદાર પાછી લઈ શકે છે. ગુલામ મહજૂરને કર્ઝ આપવામાં આવ્યું છે તો જ્યાં સુધી આઝાદ ન થાય ત્યાં સુધી તેની પાસે બદલો માંગી શકશે નહીં.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : એક માણસ પાસે બીજાએ રૂપિયા કર્જે માંગ્યા તો તે દેવા માટે લાવ્યો. તેણે કહયું કે એને પાણીમાં ફેંકી દો. તેણે ફેંકી દીધા તો તેનું કોઈ નુકસાન ગણાશે નહીં. તેણે પોતાનો જ માલ પાણીમાં નાખ્યો અને જો વેચનાર માલને ખરીદનાર પાસે લાવ્યો અથવા તો અમાનતદાર અમીન અમાનતને માલિક પાસે લાવ્યો. તેણે કહ્યું કે ફેંકી દો, તેણે ફેંકી દીધો તો ખરીદનાર અને માલિકનું નુકસાન થયું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કર્ઝમાં કોઈ પણ પ્રકારની શરતની કોઈ અસર નથી. શરતો બેકાર છે. જેમ કે એવી શરત કે આના બદલામાં બીજી ચીજ દેજો યા તો એવી શરત કે ફલાણી જગ્યાએ (કોઈ બીજી જગ્યાનું નામ બતાવીને) પાછી આપજો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કર્ઝ પાછું ફેરવવામાં જે ચીજ લઈ લે તેના જેવી જ આપવી પડશે. એનાથી સારી કે ખરાબ નહીં. જો શરત ન હતી તેવામાં બેહતર ચીજ અદા કરે તો જાઈઝ છે. લેણદાર એને લઈ શકે છે. એ રીતે જેટલું લીધું છે તેને પાછું આપતી વેળા વધારે આપે છે. જો કે એવી શરત ન હતી તો પણ એ જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કર્ઝ દીધું અને એમ નક્કી કર્યું કે જેટલા આપ્યા છે એનાથી વધારે લઈશ જેમ કે આજકાલ વ્યાજખોરોનો કાયદો છે કે રૂપિયો બે રૂપિયા માસિક વ્યાજ નક્કી કરે છે, એ હરામ છે. એ રીતે કોઈ પણ પ્રકારના નફાની શરત કરવી નાજાઈઝ છે. જેમ કે એવી શરત કરે કે કર્ઝે લેનાર વધારે પૈસા આપીને કર્ઝ આપનાર પાસેથી કોઈ ચીજ ખરીદશે અથવા એમ કે કર્જના રૂપિયા ફલાણા શહેરમાં મને આપવા પડશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે કર્ઝદાર છે તેણે કર્ઝ આપનારને કોઈ હદિયો આપ્યો તો લેવામાં કોઈ વાંધો નથી. જ્યારે કે કર્ઝના કારણે હદિયો આપેલો ન હોય બલ્કે એ કારણે હોય બન્ને વચ્ચે નજદીકી યા દોસ્તી અથવા એની આદત જ એવી સખાવતની હોય કે લોકોને હદિયો આપ્યા કરે છે. અને કર્જના કારણે હોય કે ન હોય તેમ છતાં પરહેઝી કરવી જોઈએ. જ્યાં સુધી સ્પષ્ટ ન થાય કે (હદિયો) કર્જના કારણે નથી. એની દાવત માટે પણ એવો જ હુકમ છે કે કર્જના કારણે ન હોય તો કબૂલ કરવામાં કોઈ વાંધો નથી અને જો કર્જના કારણે હોય તો અથવા તો ખબર ન હોય (કે કર્જના કારણે છે કે નહીં) તો બચવું જોઈએ. એને એ રીતે સમજવું જોઈએ કે જ્યારે કર્જ ન આપતો હતો તો પણ દાવત કરતો હતો તો એના પરથી જાણી શકાય કે આ દાવત કર્જના કારણે નથી. પહેલાં (દા'વત) કરતો ન હતો અને હવે કરવા લાગ્યો છે અથવા પહેલાં મહિનામાં એક વાર દાવત કરતો ન હતો અને હવે બે વાર કરવા લાગ્યો છે અથવા ઝિયાફતનો સામાન વધારે કરી રહયો છે તો માલૂમ પડયું કે આ કર્ઝના કારણે છે, એનાથી બચવું જરૂરી છે. *(આલમગીરી)*

www.barkatekhwaja.net

**મસ્અલા** : જે પ્રકારનું કર્જ હતું, કર્જદાર એનાથી બેહતર અદા કરવા ઈચ્છે છે તો લેણદારને એ કબૂલ કરવા માટે મજબૂર કરી શકશે નહીં અને જો લેણદાર કબૂલ કરી લે તો બંને હાલતોમાં કર્જ અદા થઈ જશે. એ રીતે જો એના (લેણદારના) રૂપિયા હતા તે એટલી જ કિંમતની અશરફીઓ આપવા ઈચ્છે છે લેણદાર એને કબૂલ કરવા બંધાયેલ નથી (મજબૂર નથી). એવું કહી શકે છે કે મેં રૂપિયા આપ્યા હતા હું રૂપિયા લઈશ અને જો દેવું (કર્ઝ) મુદ્દતી હતું અને તે મુદ્દત પૂરી થતા પહેલાં અદા કરતો હોય તો લેણદારને સ્વીકારવા (લેવા) માટે મજબૂર કરવામાં આવશે. તે ના પાડે તો તેની પાસે મૂકીને ચાલ્યા આવવું કરજ અદા થઈ જશે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલા** : કર્ઝદાર કર્ઝ અદા કરતો નથી. જો કર્ઝદારને તેની કોઈ ચીજ જે કર્ઝે આપેલી હતી તેવી જાતની મળી જાય તો (પાછી) દીધા વગર લઈ શકે છે, **બલ્કે જબરદસ્તીથી ઝૂંટવી લે તો પણ કર્ઝ અદા થઈ જશે**. બીજી જાતની તેની (કર્ઝદારની) કોઈ ચીજ રજા વગર લઈ શકાશે નહીં. જેમ કે રૂપિયા કર્ઝે આપ્યા હતા તો રૂપિયા કે ચાંદીની કોઈ ચીજ મળે તો લઈ શકે છે અને અશરફી કે સોનાની કોઈ ચીજ લઈ શકાશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલા** : ઝૈદએ ઉમરને કહયું કે મને આટલા રૂપિયા કર્ઝે આપો. બદલામાં હું તમને મારી આ જમીન આપું છું, જ્યાં સુધી હું તમને તમારા રૂપિયા પાછા ન આપું ત્યાં સુધી તમે એને વાવજો, નફો ઉઠાવજો... એની મના છે. આજ કાલ વ્યાજ ખોર લોકોનો તરીકો છે કર્ઝ આપીને ખેતર કે મકાન ગીરવી રાખી લે છે. મકાન હોય તો એમાં રહેવા લાગે છે અથવા ભાડે આપે છે, ખેતર હોય તો એને જાતે વાવે છે અથવા ગણોતે આપે છે અને પોતે નફો મેળવે છે, એ **વ્યાજ** છે એનાથી બચવું વાજિબ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલા** : જે ચીજનું કર્ઝ જાઈઝ છે એને આરિયતના તોર પર લીધી તો તે કર્ઝ છે (ગણાશે) અને જે ચીજનુ કર્ઝે લેવું નાજાઈઝ છે એને આરિયત પર લીધું તો તે આરિયત ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : રૂપિયા કરજે લીધા હતા, તેને નોટ યા અશરફી આપીને કહેવામાં આવ્યું કે આને તોડીને તમારા રૂપિયા લઈ લો. તોડતાં પહેલાં જ જો એના પાસે ખરાબ (બરબાદ) થઈ ગયા તો કર્ઝદારના હલાક થયા કહેવાશે અને તોડયા પછી હલાક થઈ ગયા તો એને માટે બે હાલત છે : પોતાનું કર્જ લીધું હતું કે કેમ ? જો ન લીધું હતું તો પણ કર્જદારનું નુકસાન થયું અને કર્જના રૂપિયા તેમાંથી લીધા બાદ હલાક થઈ ગયા તો તેના હલાક થયા કહેવાશે. જો નોટ અથવા અશરફી આપીને એમ કહ્યું કે તમારું કર્જ લો. તેણે લઈ લીધું તો કર્જ અદા થઈ ગયું, બરબાદ થશે તે એનું નુકસાન ગણાશે. *(આલમગીરી)*

www.barkatekhwaja.net

## :: અણમોલ કિતાબ મફત મંગાવો ::

**કિતાબ : સીરતે મુફ્તીએ આ'ઝમ** رحمۃ اللہ علیہ

**લેખક :** નવાસએ હુઝૂર મુફ્તીએ આ'ઝમ મૌલાના મુહમ્મદ નવીદ રઝાખાં કાદરી

**અનુવાદક:** ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ 'હાફિઝ' નબીપુરી

**પ્રકાશક :** હુસૈની કમિટી (સુન્ની) મોરબી, ૮ લાટી પ્લોટ સામે, જિ. રાજકોટ, Mo. 98251 33274

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ મહાન વલીયે કામિલ થઈ ગયા. આપ શરીઅતની પાબંદીવાળા બાકરામત બુઝુર્ગ, ઈલ્મના મહાન સમંદર અને મુફ્તી તો એવા કે દુનિયા "મુફ્તીયે આ'ઝમ"થી જ આપને ઓળખે છે. આપની અનેક કરામતો તેમજ તક્વાના બનાવો પ્રસ્તુત કિતાબમાં છે જેને જરૂરથી પ્રકાશકના સરનામેથી મંગાવો અને ઈમાનમાં તાજગી પેદા કરો. લેખક, અનુવાદક, પ્રકાશક સર્વ સહાયકોને મુબારકબાદ ! અલ્લાહ એનો બેહતરીન બદલો બંને જહાનમાં સૌને આપે. (અમીન) –*તંત્રી*

# ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ

## હપ્તો-૪

લેખક : હઝરત મૌલાના મુફ્તી શફીક અહમદ શરીફી (દારુલ ઉલૂમ ગરીબ નવાઝ, ઈલાહાબાદ)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વફાત

બની ઉમય્યાના ખાતમા પછી મન્સૂરે પોતાની હુકૂમત જમાવવા અને લોકોના દિલોમાં પોતાની ધાક જમાવવા માટે એવા જુલ્મો કર્યા કે ઈતિહાસના લોહીયાળ પૃષ્ઠોમાં કોઈનાથી કમ નથી. મન્સૂરે ખાસ કરીને સાદાત પર જે જુલ્મો કર્યા તે અબ્બાસી સુલતાનોની પેશાનીમાં ખૂબ જ મોટો બદનામીનો ડાઘ છે. તે ખુંખારે હઝરત મુહમ્મદ ઈબ્ને ઈબ્રાહીમ દીબાજને દીવાલમાં જીવતા ચણાવી લીધા. **આખરે તંગ આમદ બજંગ આમદ** તે મઝલૂમોમાંથી હઝરત મુહમ્મદ નફસને ઝકિયહએ મદીનામાં બગાવત કરી. પ્રારંભમાં તેમની સાથે ઘણા થોડા લોકો હતા, પાછળથી ઘણી જ મોટી ફોજ તૈયાર કરી લીધી. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ એ પણ તેમની હિમાયત (તરફદારી)નો ફત્વો આપી દીધો. ખૂબ જ બહાદૂર જંગની કળાના ખૂબ માહિતગાર, શક્તિશાળી હતા પણ અલ્લાહ ﷻ ની શાને બેનિયાઝી કે જયારે મન્સૂરથી મુકાબલો થયો તો હિ. ૧૪૫માં મર્દાનગીને દાદ આપતા શહીદ થઈ ગયા. ત્યારબાદ તેમના ભાઈ ઈબ્રાહીમે ખિલાફતનો દાવો કર્યો, દરેક બાજુથી તેમને ટેકો મળ્યો, ખાસ કરીને કૂફામાં લગભગ લાખ આદમી તેમના ઝંડા નીચે થઈ ગયા. મોટા અઈમ્મા, ઉલમા, ફુકહાએ તેમનો સાથ આપ્યો, એટલે સુધી કે હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ પણ તેમની તરફદારી કરી. કેટલીક મજબૂરીઓને કારણે જંગમાં શરીક ન થઈ શક્યા જેનો તેમને મરતા દમ સુધી અફસોસ રહ્યો, પણ માલી ઈમદાદ કરી. તકદીરના લખેલાને કોણ બદલે ? ઈબ્રાહીમને પણ મન્સૂરના મુકાબલામાં હાર મળી અને ઈબ્રાહીમ પણ શહીદ થઈ ગયા.

ઈબ્રાહીમથી પરવારી મન્સૂરે તે લોકોની પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું જે લોકોએ તેમનો સાથે આપ્યો હતો. હિ. ૧૪૬માં બગદાદમાં દારુસ્સલ્તનત (રાજધાની) બનાવ્યા બાદ મન્સૂરે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને બગદાદ બોલાવ્યા. મન્સૂર તેમને શહીદ કરવા ઈચ્છતો હતો પણ કત્લને જાઈઝ કરવા માટે બહાનુ શોધતો હતો. તેને ખબર હતી કે હઝરત ઈમામ મારી હુકૂમતના કોઈ હોદ્દાને સ્વીકારશે નહીં, જેથી તેણે ઈમામ સાહેબની ખિદમતમાં ચીફ જસ્ટીસનો હોદો રજૂ કર્યો. ઈમામ સાહેબે એવું કહીને ના પાડી કે હું તેના લાયક નથી. મન્સૂરે ઉશ્કેરાઈને કહ્યું કે, તમે જૂઠા છો ?! ઈમામ સાહેબે ફર્માવ્યું, જો હું સાચો છું તો સાબિત કે એ હોદ્દાને લાયક નથી અને જૂઠો હોઉં તો પણ કાઝીના હોદ્દાને લાયક નથી ! એટલા માટે જૂઠાને કાઝી બનાવવો જાઈઝ નથી. તેમ છતાં મન્સૂર માન્યો નહીં અને કસમ ખાઈને કહ્યું કે તમારે કબૂલ કરવો પડશે ! ઈમામ સાહબે પણ કસમ ખાધી કે કદાપિ કબૂલ કરીશ નહીં. રબીએ ગુસ્સાથી કહ્યું, અબૂ હનીફા ! તમે અમીરુલ મો'મિનીનના મુકાબલામાં કસમ ખાઓ છો ? ઈમામ સાહબે ફર્માવ્યું, અમીરુલ મો'મિનીનને કસમનો કફ્ફારો અદા કરવો મારા કરતાં વધુ સહેલો છે. એના પર મન્સૂરે ગુસ્સે થઈને હઝરત ઈમામને કેદખાનામાં મોકલી દીધા. તે સમય દરમ્યાન મન્સૂર હઝરત ઈમામને બોલાવડાવીને મોટાભાગે ઈલ્મી ચર્ચાઓ કરતો રહેતો હતો. મન્સૂરે ઈમામને કેદ તો કરી લીધા પણ તે તેમના તરફથી નચિંત કદાપિ ન હતો. બગદાદ દારુસ્સલ્તનત (કેપિટલ) હોવાથી તમામ ઈસ્લામી આલમના ઉલમા, ફુકહા, ઉમરહ,

www.barkatekhvaja.net

વેપારીઓ, અવામ તથા ખાસ બગદાદ આવતા હતા. ઈસ્લામનો ડંકો આખી દુનિયામાં ઘરે ઘર પહોંચી ચૂક્યો હતો.

કૈદે તેમની અસર તથા અઝમતને કમ કરવાને બદલે ઔર વધારી દીધી હતી. જેલખાનામાં પણ લોકો જતા અને ફયઝ હાંસલ કરતા.

હઝરત ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ આખરી સમય સુધી કેદખાનામાં (ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી) તાલીમ હાંસલ કરતા રહ્યા, જ્યારે ઈમામને ઝહેરની અસર જણાઈ તો ખાલિકે બેનિયાઝની બારગાહમાં સિજદો કર્યો, સિજદાની હાલતમાં જ રૂહ પરવાઝ કરી ગઈ. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

## ★ કફન દફનની વ્યવસ્થા ★

વિસાલની ખબર વીજળીને વેગે આખા બગદાદમાં ફેલાઈ ગઈ, જે સાંભળતુ દોડતુ ચાલ્યુ આવતુ. બગદાદના કાઝી અમ્મારા ઈબ્ને હસને ગુસલ આપ્યું, ગુસલ આપતા જતા અને એવું કહેતા જતા હતા, ખુદાની કસમ ! તમે સૌથી મોટા ફકીહ, સૌથી મોટા આબિદ, સૌથી મોટા ઝાહિદ ! તમારામાં તમામ ખૂબીઓ એકત્રિત હતી, તમે તમારા જાનશીનોને માયૂસ કરી દીધા છે કે તેઓ તમારા મર્તબા સુધી પહોંચી શકે. (એટલે કોઈ તેમના મર્તબા સુધી પહોંચી શકે નહીં). ગુસલથી ફારિગ થતાં જ લોકોની ભીડ ભેગી થઈ ગઈ. પહેલી વાર જનાઝાની નમાઝમાં પચાસ હજારનો મજમો શરીક હતો. હજી પણ આવનારાઓનો પ્રવાહ ચાલુ જ હતો, છ વાર જનાઝાની નમાઝ થઈ, આખરમાં ઈમામ સાહબના સાહબઝાદા હમ્માદે જનાઝાની નમાઝ પઢાવી, અસરની નજીક દફનાવવાનો મોકો મળ્યો.

હઝરત ઈમામે વસિયત કરી હતી કે તેમને ખયઝાનના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવે એટલા માટે કે તે જગા જબરદસ્તી પચાવી પાડેલી ન હતી, તેના આધારે તેના પૂર્વી ભાગમાં દફન થયા. દફન પછી પણ વીસ દિવસ સુધી લોકો હઝરત ઈમામની નમાઝે જનાઝા પઢતા રહ્યા. આવી વ્યાપક લોકપ્રિયતાવાળાનું દ્રષ્ટાંત આપવા માટે દુનિયા આજિઝ છે. હઝરત ઈમામ رضی اللہ عنہનું મઝારે પુરઅન્વાર ત્યારથી લઈને આજ લગી આમ તથા ખાસ લોકો માટે પનાહની જગા છે.

**હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ ફર્માવ્યું, હું ઈમામ અબૂ હનીફાના વસીલાથી બરકત હાંસલ કરું છું. દરરોજ તેમના મઝારની ઝિયારત માટે જાઉં છું, જ્યારે કોઈ હાજત ઉભી થાય છે, તો મઝાર પાસે બે રકાત નમાઝ પઢીને દુઆ કરું છું તો મુરાદ પૂરી થવામાં વાર લાગતી નથી.**

(હે વહાબી દેવબંદીઓ ! આટલા મહાન ઈમામ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ તો આ રીતે સ્પષ્ટ શબ્દોમાં કહે છે, કે વસીલાથી બરકત હાંસલ કરું છું, ત્યાં બે રકાત નમાઝ પઢીને દુઆ કરતાં મુરાદ પૂરી થવામાં વાર લાગતી નથી ! તો બતાવો ! આ ઈમામને કયો ફત્વો લગાડશો ? મૌલા તઆલા મુસલમાનોને તેઓના ફિત્નાથી બચાવે, આમીન.)

સુલતાન અલયઅરસલાં સલજૂકીએ હિ. ૪૫૯માં મઝારે પાક ઉપર એક આલીશાન કુબ્બો બનાવ્યો અને તેની નજીક એક મદરસો પણ બનાવ્યો. આ બગદાદનો પ્રથમ મદરસો હતો, ખૂબ જ શાનદાર લાજવાબ ઈમારત બનાવી તેના ઉદ્‌ઘાટન વખતે બગદાદના તમામ આલિમો તથા હુકૂમતના મોટા મોટા હોદ્દેદારોને આમંત્રણ આપ્યું. આ મદરસો મશહૂદે અબૂ હનીફાના નામથી મશહૂર છે. એક મુદ્દત સુધી કાયમ રહ્યો. એ મદ્રસાની જોડે એક મુસાફરખાનુ પણ હતું જેમાં રોકાનારાઓ માટે અન્ય સહૂલતો ઉપરાંત જમવાનું પણ મળતુ હતું. બગદાદનો વિખ્યાત દારુલ ઉલૂમ નિઝામિયહ તેના પછી સ્થાપાયો, હઝરત ઈમામનો વિસાલ સિત્તેર વરસની ઉમરમાં થયો.

*(બહવાલા નુઝહતુલ કારી, ભાગ-૧)*

www.barkatekhwaja.net

## ★ વિસાલ બાદ ગયબથી અવાજ આવ્યો ★

સદકહ મકાનિરી (આપ મુસ્તજાબુદઅ્વાત હતા)થી નકલ થયેલ છે કે જ્યારે લોકો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہને દફન કરીને ચાલ્યા ગયા તો ત્રણ રાત સુધી ગયબી અવાજો સાંભળવા મળ્યા કે કોઈ શખ્સ કહે છે,

"ફકીહ જતો રહ્યો હવે તમારા માટે ફકીહ નથી, તો અલ્લાહથી ડરો અને તેમના અનુયાયી બનો ! ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ ઈન્તેકાલ કર્યો તો કોણ છે આ રૂત્બાનો જે રાત્રે ઈબાદત કરતો હોય જ્યારે અંધારી થઈ જાય !"

કેટલાકોએ કહ્યું, જે રાત્રે આપે ઈન્તેકાલ ફર્માવ્યો તે રાત્રે જિન્નાતો રડતા હતા, તેઓના રૂદનમાં આ બે શઅર સાંભળવામાં આવ્યા, કોઈ કહેનાર દેખાતો ન હતો. *(અલય ખયરાતુલ હિસાન)*

## ★ ફિક્હી દલીલો ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજરે ★

તારીખે બગદાદ ભાગ ૧૩ પેજ ૬૩૮માં ઈમામ અબૂ હનીફાથી નકલ થયેલ છે કે, "હું કિતાબુલ્લાહથી સનદ લઉં છું, જો તેમાં કોઈ મસ્અલો ન મળી શકે તો હદીષે રસૂલ ﷺથી અને જો કિતાબ તથા સુન્નત બન્નેમાં ન મળે તો સહાબાઓના કથનો પરથી સંકલિત કરું છું. જેનો કોલ લેવા ચાહું છું લઈ લઉં છું અને જેનો ઈચ્છું તર્ક કરી દઉં છું, અને તેઓના અકવાલથી કોઈ અન્યના અકવાલ નથી આપતો પણ જ્યારે મામલો ઈબ્રાહીમ નખઈ શઅબી, ઈબ્ને સીરીં, હસન અતા અન સઈદ ઈબ્ને મસૈઈબ સુધી પહોંચે છે (પોતાના ઘણા સાથીઓના નામ ગણાવ્યા) તો તેઓ ઈજતેહાદ કરવાવાળા હતા, મને તેઓની જેમ ઈજતેહાદ કરવાનો ઉપલબ્ધ છે.

એ જ પ્રમાણે અલ્લામહ ઈબ્ને અબ્દુલ બરકની 'અસઈન્તિફાઅ'માં વર્ણન કરે છે. તદ્ ઉપરાંત મુફિક મક્કી અલામનાકિબમાં લખેલ છે, આપ મોઅતબર કૌલને લેતા હતા, કબીહ (બુરી વાતો)થી દૂર ભાગતા, લોકોના મામલાઓમાં ચિંતન મનન કરતા, જ્યારે લોકોના અહેવાલ પર પોતાની ફિતરી રફતારથી ચાલુ રહેતા તો કયાસથી કામ લેતા પણ જ્યારે કયાસથી કોઈ ફસાદની ભીતિ રહેતી તો લોકોના મામલાઓનો ફૈંસલો ઈસ્તહદાદ (પસંદગી કરવી)થી કરતા, જ્યારે તેનાથી પણ મામલાઓ બગડતા જણાય તો આમ મુસલમાનોના અમલની તરફ રુજૂઅ કરીને જે હદીષ પર મુહદ્દિષનો ઈજમાઅ હોય તેના પર અમલ કરતા, પછી જ્યાં લગી મુનાસિબ જાણતા તેના ઉપર પોતાના કયાસનો પાયો રાખતા, પછી ઈસ્તિહસાનની દિશા પકડતા. કયાસ અને ઈસ્તિહસાનમાં જે વધારે માફક જણાતું તેની તરફ રુખ કરતા.

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની ઈલ્મી સરચશમાઓ તથા ઈલ્મ સંકલિત (પીક અપ) કરવાની જગાઓના વિશે આ ત્રણ ઈબારતો નકલ કરવામાં આવી. ઘણી રિવાયતો તેની સમઅર્થી છે તેમાંથી અમે આ ત્રણ ઈબારતો પસંદ કરી છે. આ ત્રણે ઈબારતોથી સરવાળે પતો મળે છે કે આપની નજીક શરઈ એહકામના સંકલન કરવાની જગાઓ એટલે કે ફિકહી દલીલો સાત છે : (૧) કિતાબ (૨) સુન્નત (૩) અકવાલે સહાબા (૪) ઈજમાઅ (૫) કયાસ (૬) ઈસ્તિહસાન (૭) ઉર્ફ.

## ★ ફિકહે હન્ફીનું સંપાદન ★

ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના ઉસ્તાદે મોહતરમ હઝરત અલ્લામહ હમ્માદની જિંદગીમાં જ ઈજતેહાદનો દરજ્જો હાંસલ કરી લીધો હતો અને કુર્આન તેમજ હદીષથી મસાઈલ કાઢવામાં ઘણા પ્રમાણમાં મહારત (આવડત) હાંસલ કરી લીધી હતી, પરંતુ આપ તે વાત પસંદ કરતા ન હતા કે કામિલ ઉસ્તાદની હયાતીમાં પોતાના ઈજતેહાદી મસાઈલને પ્રકાશમાં લાવે અને પોતાની દર્સગાહ અલગ સ્થાપે.

હઝરત હમ્માદ رضی اللہ عنہના વિસાલ પછી જયારે કૂફાવાળાઓએ આપને ઉસ્તાદના મસ્નદ પર બેસાડયા અને દર્સ આપવાનો સિલસિલો જોર શોરમાં ચાલુ થયો તે વખતે આપને એ ખયાલ પેદા થયો કે મુસલમાનોના રોજના જીવન સાથે સંબંધિત મસાઈલ કુર્આન તથા હદીષથી કાઢીને જમા કરવામાં આવે કે જેથી કરીને જે તે જરૂરત વખતે કોઈ મસઅલાને કુર્આન તથા હદીષથી તલાશ કરતી વેળા જે મુશ્કેલીઓ પડે છે તે દૂર થઈ જાય. આ કામ જો કે ખૂબ જ મુશ્કેલ હતું અને તેના માટે ઘણા ઈલ્મ તથા સમજવાળા આદમીની જરૂરત હતી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہમાં આ તમામ ખૂબીઓ કુદરતે જમા કરી દીધી હતી જે આવા મહત્વના કામની પરિપૂર્ણતા માટે જરૂરી હતી.

ફિકહના મસાઈલનું અસ્તિત્વ ઈમામ સાહબના સમયની અગાઉથી જોવા મળતુ હતુ અને સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَમાં કેટલાક એવા હઝરાત મૌજૂદ હતા જેઓ કુર્આન તથા હદીષ દ્વારા મસાઈલ તારવવામાં પૂરી મહારત ધરાવતા હતા, જેમ કે હઝરત સિદ્દીકે અકબર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ તે હઝરાતમાં જો કે ફકીહ તો બધા જ હતા પણ હઝરત અલી رضی اللہ عنہનુ મસાઈલ તારવવાનું ક્ષેત્ર એટલુ વિશાળ હતું કે સૌ તેને સ્વીકાર કરતા હતા, જેથી હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે ખુદા એવું ન કરે કે કોઈ મુશ્કેલ મસ્અલો ઉપસ્થિત થાય અને જનાબ અલી رضی اللہ عنہ મૌજૂદ ન હોય. આ રીતે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ હતો કે જ્યારે હઝરત અલી رضی اللہ عنہનો ફત્વો પ્રાપ્ત થઈ જાય તો પછી કોઈની જરૂરત બાકી રહેતી નથી.

ઈમામે આ'ઝમ رضی اللہ عنہના સમય સુધીમાં ઘણા મસાઈલ કુર્આન હદીષથી કેન્દ્રિત કરવામાં આવી ચૂક્યા હતા અને દરેક જગાએ મુસલમાનો તેના પર અમલ કરી રહ્યા હતા. તે મસાઈલના ઈસ્તેખરાજ (સંકલન)નો શરફ તે જ સહાબાઓને હાંસલ હતો જેમનુ વર્ણન ઉપર થઈ ચૂક્યું, પરંતુ તમામ મસાઈલ મૌખિક રીતે ચાલી રહ્યા હતા. સંપાદન તથા લખાણનો કોઈ ક્રમ હજી સુધી ચાલુ થયો ન હતો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ આ જરૂરતને મેહસૂસ કરી અને ફિકહી મસાઈલના સંકલન અને તેના સંપાદન તથા લખાણ પ્રત્યે પોતાનુ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી દીધું. આ કામ મુલ્ક તથા કૌમ માટે જેટલું જરૂરી હતું તેનાથી કેટલુંયે ઘણુ મુશ્કેલ પણ હતું. સ્પષ્ટ છે કે એકલી ઈમામે આ'ઝમ رضی اللہ عنہની જાત જેમને દર્સ તથા તદરીસના ઉપરાંત વેપાર તરફ પણ ધ્યાન આપવુ પડતુ હતું તે આટલા મોટા કામને અંજામ આપી શકતા ન હતા. બીજું આપ એ પણ જાણતા હતા કે કેવળ પોતાની જાતની રાય અને જાણકારી પર આધાર રાખીને આ કામને અંજામ દઈ દેવામાં ન આવે.

એટલા માટે ઈમામે આ'ઝમે પોતાના શાગિર્દો પર નજર દોડાવી અને તેઓમાંથી ખાસ લોકોની પસંદગી કરી જે લગભગ ૪૦ વ્યક્તિઓ હતી, જેમાં કાઝી અબૂ યૂસુફ, દાઊદ તાઈ, ઈમામ મુહમ્મદ, અને ઈમામ ઝફર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના ઘણા જ મશહૂર છે. આ હતી તે ઉલમાની મજલિસ જેને મસાઈલની તારવણી અને ફિકહના સંપાદનના માટે ઈમામ સાહબે ગોઠવી. તે મજલિસે હિ. ૧૫૦ સુધી ચાલુ રાખ્યું.

સંપાદનનો તરીકો પણ અતિશય જિમ્મેદારીભર્યો હતો. કોઈ મસ્અલા પર ચર્ચા ચાલતી તો દરેક શખ્સની દલીલો ધ્યાનથી સાંભળવામાં આવતી હતી ત્યાર પછી કોઈ નિર્ણય લેવાતો હતો. મોટાભાગે કોઈ મસ્અલા પર બધા એકમત થઈ જતા હતા અને તે મસ્અલો મંતવ્યની એકમતીથી નક્કી થઈ જતો. તે મસઅલો મંતવ્યોના મતભેદ સાથે, દલીલોના મતભેદ સાથે, નકલ કરી લેવામાં આવતો. ઈમામે

આ'ઝમ رضی اللہ عنہ સાથે કદી ઈમામ યૂસુફ રહેતા કદી ઈમામ મુહમ્મદ એકી સાથે રહેતા અને એ રીતે મસ્અલો દરેકની દલીલો સાથે નકલ કરી લેવામાં આવતો. પરંતુ એ બંદોબસ્ત રહેતો કે ઉલમાની મજલિસનો કોઈ માણસ ગેરહાજર હોય તો મસ્અલો ત્યારે જ નકલ કરાતો જ્યારે તે આવી જાય, મસઅલો તેમની સમક્ષ રજૂ થતો અને તે દલીલો પર જાતે નજર ફેરવી લેતા.

આ મહેનત અને કોશિશો પછી આ મહાન કામ સંપૂર્ણ થયું. ઈમામે આ'ઝમ رضی اللہ عنہની આખરી ઉમર કેદખાનામાં પસાર થઈ ત્યાં પણ આ કામ ચાલુ રહ્યું. મતલબ એ કે લગભગ ૩૦ વરસની મુદ્દતમાં આ અઝીમુશ્શાન કામ પૂર્ણતાએ પહોંચ્યું અને ફિકહના મસાઈલનો એક જથ્થો તૈયાર કરવામાં આવ્યો જેમાં તહારત (પાકીઝગી)ના પ્રકરણથી લઈને વરાસતના પ્રકરણના તમામ મસાઈલ મૌજૂદ છે.

## ★ હન્ફી મઝહબ અને તેની આમ વ્યાપકતા ★

ઈમામે આ'ઝમ رضی اللہ عنہના વિસાલ પછી બગદાદમાં તેને પઢવા પઢવામાં આવ્યો. જ્યારે તેનો આમ (લોકો સમક્ષ) પ્રચાર થયો તો મોટાભાગના ઈસ્લામી દેશોમાં ફેલાઈ ગયો. મિસર, શામ તથા ઈરાક, મવરાઉન્નહર (અખંડ ભારત) સુધી વિસ્તરી ગયો.

પછી અરબી દેશોની હદોથી નીકળીને હિન્દુસ્તાન ચીનમાં પહોંચી ગયો જ્યાં કોઈ મઝહબ તેનો અવરોધક ન બની શકયો અને તે દેશોના અંતિમ ખૂણાઓ સુધી આજ લગી એક એકલા મઝહબની હૈસિયતથી જીવંત છે. હિંદ તથા ચીનના મુસલમાન આજ સુધી ઈબાદતો તથા પોતાની ખાનગી જિંદગીના વિશે મામલાઓમાં હન્ફી મઝહબના ઉસૂલોને અનુસરી રહ્યા છે.

## ★ હન્ફી મઝહબના ફેલાવાના કારણો તથા ફેલાવનારા ★

જ્યારે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہના અવ્વલીન શાર્ગિદ ઈમામ અબૂ યૂસુફ, હારૂન રશીદના ખિલાફતકાળમાં કાઝીના હોદ્દા પર સ્થાપિત થયા તો તેમના મઝહબને સરકારી હૈસિયત હાંસલ થઈ જેનાથી તેના પ્રચારમાં ઘણી પ્રગતિ થઈ. હિ. ૧૭૦ના પછી જ્યારે ઈમામ અબૂ યૂસુફ ચીફ જસ્ટીસ (કાઝીઉલ કુઝા) બનાવવામાં આવ્યા તો ખિલાફતે બની અબ્બાસિયહ્‌ના તમામ કાઝી આપના ફર્માનના તાબા હેઠળ થઈ ગયા. બધા કાઝી આપના હુકમથી નિયુક્ત કરવામાં આવતા. દૂરદૂર પૂર્વથી લઈને ઉત્તર આફ્રિકા સુધી તમામ ઈસ્લામી શહેરોમાં જે કાઝીઓ નિયુક્ત કરવામાં આવતા, તે આપના પસંદ કરેલા રહેતા. જાહેર છે કે આપ તે જ લોકોને કાઝી બનાવવાનું પસંદ કરે જે ઈજતિહાદના તરીકામાં તથા ફતવામાં તેમના સર્મથક હોય અને તેમનો વિશ્લેષણ (તારવણી)નો તરીકો તે જ હોય જે ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો હોય. તેનું પરિણામ એ આવ્યું કે ઈરાકના ફકીહોના વિચારો તથા દ્રષ્ટિ તથા મંતવ્યો ઈસ્લામી શહેરો (પ્રદેશો)ની અવામમાં ફેલાય ગયાં. તે રાજકીય કારણો સિવાય કેટલાક અન્ય કારણો પણ હન્ફી મઝહબની લોકપ્રિયતાના સબબ હતા. દા.ત. સામાન્ય લોકોનું મઝહબથી આકર્ષાઈ જવું, ઉલમાએ હનફિયહની તે બેહતરીન કોશિશો જે તેઓએ આ મઝહબને બધે લોકપ્રિય બનાવવામાં અંજામ આપી અથવા તે મુનાઝિરાઓ તથા બહષો જે હન્ફી ફકીહો અને અન્ય મઝહબોના ઉલમા વચ્ચે થતી હતી. જેથી જ્યારે રાજકીય શક્તિ કમજોર પડી ગઈ ત્યારે ઉલમાની જ કોશિશો હતી જેણે વિવિધ પ્રદેશો તથા પુષ્કળ શહેરોમાં હન્ફી મઝહબને જીવંત રાખ્યો (સમાપ્ત)

નોંધ : સરકાર ઈમામે આ'ઝમ رضی اللہ عنہની હયાતે મુબારકહના વર્ણન બાદ બરકતની પ્રાપ્તિ માટે ત્રણેય અઈમ્મા (ઈમામો) رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ટૂંકાણમાં સવાનેહ (જીવનવૃત્તાંત) વર્ણવી રહ્યા છીએ.

(ક્રમશઃ)

www.barkatekhwaja.net

# શીઆઓની ગુસ્તાખીઓ
## ઈમામ મેહદી અને ઈમામ જાફર સાદિક़ رضی اللہ عنہما ની શાનમાં

સંપાદક : મૌલાના શબ્બીર અહમદ રાજમહલી ● અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

''શીઆ સુન્ની મતભેદ'' એ ''કુફ્ર તથા ઈસ્લામ''નો મતભેદ છે શીઆ રાફઝીઓના અક़ીદા કુફ્રી અક़ીદા છે છતાં ''ડંકાશ મૌલાના'' તાહિરુલ કાદરીએ ''શીઆ સુન્ની એકતા''નું નાટક રચીને ''શીઆ સુન્ની ભાઈ ભાઈ''ના નારા લગાડેલા જેની ગુમરાહીના પ્રદુષણથી કેટલીક ખાનકાહોના સજ્જાદા તથા કેટલાય સુન્નીઓ તેની વાતોમાં આવી ગુમરાહી તરફ ચાલી નીકળ્યા. તો અત્રે ફરી એકવાર સુન્ની ભાઈઓ બહેનોને સચેત કરવા માટે આ લેખમાં શીઆ અક़ીદાની ખરાબીઓ તથા શીઆ રાફઝીઓની હઝરત ઈમામ મેહદી, હઝરત ઈમામ જાફર સાદિક़ તથા અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પણ શું ગુસ્તાખીઓ કરી છે તેને રજૂ કરીએ છીએ. શૈખૈન કરીમૈન (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہما) વિશે કેવી બદતરીન ગુસ્તાખીઓ રાફઝીઓએ કરી છે તે દર્શાવીએ છીએ જેને વાંચો અને ગુમરાહ કરનારા ગુમરાહોથી સાવધાન રહીને સૌના બાઅદબ બની ઈમાનની હિફાઝત કરો. *(–તંત્રી)*

પ્રિય વાંચકો ! ઉપરોક્ત લખાણોમાં આપે શીઆ ફિર્કાની ઘણી ગુસ્તાખીઓ દલીલો સાથે શીઆ કિતાબ થકી જોઈ લીધી. હવે આવો જરા આપની સમક્ષ શીઆ રાફઝી લઅનતી ફિર્કાની તે ગુસ્તાખીઓ પણ રજૂ કરું જેને જોવા, વાંચવા, સાંભળ્યા બાદ આપનું લોહી ઉકળવા લાગશે. અને મને યક़ીન છે કે જો આપનો ઈમાની જઝબો સલામત છે તો શીઆ રાફઝી ફિર્કાની આ ગુસ્તાખીઓની જાણકારી થયા પછી આપ પણ મારી જેમ શીઆ રાફઝી લઅનતી ફિર્કા પર લઅનત કર્યા વિના નહીં રહી શકો. **એ ગુસ્તાખીઓ આ છે :**

**શીઆ રાફઝીઓના અક़ીદા મુજબ** હઝરત ઈમામ મેહદી رضی اللہ عنہ ખાનએ કા'બાને તોડી નાખશે. (મઆઝલ્લાહ !) હઝરત અબૂ બક્ર સિદ્દીક़ તથા ફારૂક़ે આ'ઝમ رضی اللہ عنہما ના મઝાર શરીફને પણ તોડવાનો હુકમ આપશે. (મઆઝલ્લાહ !) રસૂલે પાક ﷺ ના બંને સહાબીઓને ક़બ્ર શરીફથી બેઈજ્જતી સાથે બહાર કાઢવાનો હુકમ આપશે. (મઆઝલ્લાહ !) બંને સહાબીએ રસૂલ ﷺ ના શરીર પરથી કફન ઉતારવાનો હુકમ આપશે. (મઆઝલ્લાહ !) બંને સહાબીએ રસૂલ ﷺ ને સૂકા ઝાડ પર વિના કફને લટકાવી દેવાનો હુકમ આપશે. (મઆઝલ્લાહ !) બંનેવ સહાબીએ રસૂલ ﷺ થી જેમને પણ જરા પણ મહોબ્બત હશે તે સૌને ફના કરી દેશે. (મઆઝલ્લાહ !) જે લોકો બંને સહાબીઓ પર લઅનત કરતા હશે તેમને છોડી મૂકશે. (મઆઝલ્લાહ !) બંનેવ સહાબીએ રસૂલ ﷺ ને આંધળા કરી દેશે. (મઆઝલ્લાહ !) પછી અન્ય સર્વ લોકોને હુકમ આપશે કે બંનેવ સહાબીએ રસૂલ ﷺ થી ક़ેસાસ લે. (મઆઝલ્લાહ !) દુનિયાની શરૂઆતથી લઈને ઈમામ મેહદી رضی اللہ عنہ સુધી જેટલા ગુનાહ, જુલ્મ, જોર, ખૂનો થયાં સૌના ગુનાહ બંને સહાબીએ રસૂલ ﷺ પર નાખી દેશે. (મઆઝલ્લાહ !) સૌના ગુનાહનો બોજ પોતાના માથે લેવાનો બંનેવ સહાબીએ રસૂલ ﷺ ઈમામ મેહદી رضی اللہ عنہ સમક્ષ ઈક़રાર કરશે. (મઆઝલ્લાહ !) પછી સહાબીએ રસૂલ ﷺ ને આગના થકી સળગાવી દેશે. (મઆઝલ્લાહ !) બંનેવ સહાબીએ રસૂલ પર આ અંતિમ અઝાબ ન હશે, બલ્કે અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સર્વ ઈમામો વારાફરતી

www.barkatekhwaja.net

જીવતા થશે અને દરેક મો'મિન પણ વારાફરતી ઝિંદા થશે અને સૌના બદલામાં રોજ અઝાબ થતો રહેશે. (મઆઝલ્લાહ !) ત્યાં સુધી કે રોજ હજારવાર બંનેવ સહાબીએ રસૂલ ﷺ મરશે અને ઝિંદા થશે અને અઝાબ આપવામાં આવતો રહેશે (મઆઝલ્લાહ !) પછી અલ્લાહ ﷻ જ્યાં ચાહશે લઈ જશે અને અઝાબ આપશે. (મઆઝલ્લાહ !) અને શીઆ રાફઝી અકીદા પ્રમાણે આ સર્વ વાતો હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہએ બતાવી છે. મઆઝલ્લાહ ! (જુઓ : હક્કુલ યકીન, પ્રકરણ–૫, ઈમામત, મકસદ–૯, અષ્બાતે રજઅત, પેજ–૫૭૩ થી ૫૭૭ સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદ બાકિર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર, હિ.સ. ૧૩૩૩)

જેમ કે હક્કુલ યકીનના અનુવાદક શીઆ સૈયદ બશારતહુસૈન અનુવાદમાં લખે છે :

''મફઝલે પૂછયું કે હઝરત મેહદી رضی اللہ عنہ મક્કાવાસીઓ સાથે શું કરશે ? હઝરતે (ઈમામ જાફર સાદિક رضی اللہ عنہએ) ફર્માવ્યું કે પ્રથમ તેને હુકૂમત તથા નસીહત સાથે હક્કની દાવત આપશે. જ્યારે તેઓ હઝરતની આજ્ઞા કબૂલ કરશે તો અહલે બયતમાંથી એક શખ્સને તેમના પર ખલીફા નિયુક્ત કરી આપશે અને ત્યાંથી મદીના તયબહ રવાના થશે. મફઝલે પૂછયું કે ખાનએ કા'બાનું શું કરશે ? હઝરતે (ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہએ) ફર્માવ્યું, તોડી પાડશે અને જે પાયા પર હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા ઈસ્માઈલ علیہ السلامએ છોડયો હતો એના પર નવેસરથી બાંધશે અને મક્કા મદીના તથા ઈરાક બલ્કે દરેક દેશો તથા શહેરોની ઈમારતો જે જાલિમોએ બાંધેલી હતી તેને તોડી પાડશે અને પ્રથમ પાયા પર સ્થાપિત કરીને બાંધશે અને મસ્જિદે કૂફાને પણ તોડી નાખશે અને પ્રથમ પાયા પર બાંધકામ કરશે.''

આગળ પેજ ૩૪, ૩૫ પર ઈમામ જાફર સાદિક رضی اللہ عنہના હવાલાથી લખે છે કે આપે ફર્માવ્યું : ત્યાં સુધી કે હઝરત કાઈમ علیہ السلام (એહલે હઝરત ઈમામ મેહદી رضی اللہ عنہ) ફરીથી ક્યાં ધ્યાનિત થશે ? ફર્માવ્યું કે મારા જદ (દાદા) રસૂલે ખુદા ﷺના મદીનાની તરફ. જ્યારે ત્યાં પહોંચશે તો તેમનાથી (એટલે ઈમામ મેહદી رضی اللہ عنہથી) અજબનો મામલો જાહેર થશે જે મો'મિનોની ખુશી આનંદના માટેનો અને કાફિરોની બેઈજ્જતી તથા તબાહીનો સબબ બનશે. મફઝલે પૂછયું કે તે કયો મામલો છે ? ફર્માવ્યું કે જ્યારે તે (ઈમામ મેહદી رضی اللہ عنہ) પોતાના દાદા બુઝુર્ગવારની કબર પર પહોંચશે તો કહેશે, હે લોકો ! શું આ મારા દાદાજાન રસૂલે ખુદા ﷺની કબર છે ? લોકો કહેશે કે, હા ! હે મેહદી علیہ السلام આલે મુહમ્મદ ! ﷺ. હઝરત (ઈમામ મેહદી رضی اللہ عنہ) પછી ફર્માવશે કે આ કોણ છે જે એમની (એટલે રસૂલુલ્લાહ ﷺની) પાસે દફન કરવામાં આવેલા છે ?! લોકો કહેશે, તેમના સાથી અને સાથે સૂનારા પહેલા તથા બીજા ખલીફા (એટલે હઝરત અબૂ બક્ર તથા ઉમર رضی اللہ عنہما) છે.

હઝરત (ઈમામ મેહદી رضی اللہ عنہ) લોકોની સમક્ષ મસ્લેહતના લીધે પૂછશે કે પ્રથમ કોણ છે અને બીજા કોણ છે ? અને ક્યા સબબે તમામ લોકોમાંથી એમને મારા દાદા પાસે દફન કરવામાં આવ્યા ? શક્ય છે કોઈ બીજા હોય જે આ જગાએ દફન કરવામાં આવ્યા હોય ! લોકો કહેશે, હે મેહદી علیہ السلام આલે મુહમ્મદ ! ﷺ તેમના સિવાય કોઈ આ જગાએ દફન નથી થયું. તેમને એટલા માટે આ જગાએ દફન કરવામાં આવ્યા છે કે રસૂલે ખુદા ﷺના ખલીફા અને તેમની (રસૂલે ખુદા ﷺની) પત્નીઓ (એટલે હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત હફસા رضی اللہ عنہا)ના પિતા હતા. તો હઝરત (એટલે ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ) ફર્માવશે, શું કોઈ છે જે એમને જોઈ લે તો

www.barkatekhwaja.net

ઓળખી કાઢે ? લોકો કહેશે કે હા ! અમે એમને એમની ખૂબીઓથી ઓળખી લઈશું.

પછી હઝરત (ઈમામ મેહદી رضی اللہ عنہ) ફર્માવશે કે શું કોઈ છે જેને કાંઈ શક હોય કે તે (સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما) આ જ જગાએ દફન થયા હતા ? લોકો કહેશે, નહીં ! કોઈને એમાં શંકા નથી. પછી ત્રણ દિવસ બાદ હુકમ આપશે કે દીવાલને તોડી નાખો અને બંનેને કબરથી બહાર કાઢો (એટલે સિદ્દીકે અકબર તથા ઉમર ફારૂક رضی اللہ عنہماને) સારાંશ બંનેને તાજા શરીરની સાથે એ જ શકલો સૂરતમાં જેવા રાખ્યા હતા તેવા બહાર કાઢશે. પછી હઝરત (એટલે ઈમામ મેહદી رضی اللہ عنہ) ફર્માવશે કે એમનાં (શૈખેન કરીમૈન رضی اللہ عنہماનાં) કફન અલગ કરી દેવામાં આવે, તો તેમનાં કફન ખેંચી લેવામાં આવશે. પછી એમને એક સૂકા ઝાડ પર લટકાવી દેશે. તે વખતે લોકોની ઈમ્તેહાનના માટે તે ઝાડ લીલુ થઈ જશે. તેમાં ડાળીઓ ઊંચી થશે, પાંદડાં નીકળી આવશે. તે વખતે એ ગિરોહ જે એમની મહોબ્બત રાખતો હતો તે કહેશે, આ છે ખુદાની કસમ ! શરફ તથા બુઝુર્ગી ! અને અમે એમની મહોબ્બતમાં કામયાબ થયા.

જ્યારે આ ખબર ફેલાશે તો જેના દિલમાં રાઈના બરાબર પણ તેમની મહોબ્બત હશે તે ત્યાં હાજર થશે. તે વખતે હઝરત કાઈમ (ઈમામ મેહદી رضی اللہ عنہ)ની તરફથી એલાન થશે કે જે શખ્સ રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمના આ બંને સાથીઓને દોસ્ત રાખતો હોય તે લોકો વચ્ચેથી અલગ થઈને એક તરફ ઉભો થઈ જાય. એ વખતે દુનિયાવાળા બે ટુકડીઓમાં વહેંચાય જશે, એક ગિરોહ તેમને દોસ્ત રાખનારાઓનો અને એક ગિરોહ એમના પર લઅનત કરનારાઓનો. પછી હઝરત (ઈમામ મેહદી رضی اللہ عنہ) તેમને દોસ્ત રાખનારાઓ (ચાહનારાઓ)ને કહેશે કે એમનાથી બેઝારી અપનવો, નહીં તો અલ્લાહના અઝાબમાં સપડાય જશો. તેઓ જવાબ આપશે કે, હે મેહદી આલે મુહમ્મદ ! (صلی اللہ علیہ وسلم) અમે આનાથી પહેલાં જાણતા હતા કે ખુદાની નજીક એમની કદર તથા મર્તબો છે એટલા માટે એમનાથી બેઝારી ન કરી તો આજે કેવી રીતે બેઝારી કરીએ, જ્યારે કે એમની ઘણી બધી કરામતો અમારા પર જાહેર થઈ ચૂકી છે અને અમને ઈલ્મ થઈ ચૂક્યો છે કે તે અલ્લાહની બારગાહના મુકર્રબોમાંથી છે ?! બલ્કે અમે તમારાથી બેઝાર છીએ જે એમને આવી બેઈજ્જતી સાથે કબ્રથી બહાર લઈ આવ્યા અને ઝાડ પર લટકાવ્યા.

એ વખતે હઝરત મેહદી رضی اللہ عنہ એક કાળી હવાને હુકમ આપશે કે એમના પર ચાલે અને તેમને ખતમ કરીને પછી હુકમ આપશે કે આ બંનેને ઝાડ પરથી નીચે લાવે પછી તેમને ખુદાની કુદરતથી આંધળા કરશે અને લોકોને હુકમ આપશે કે ભેગા થાય. પછી જે જુલ્મ તથા જોર દુનિયાની શરૂઆતથી છેવટ સુધી થયો તે સૌનો ગુનાહ તેમની ગરદન પર લાઝિમ ઠરાવશે અને સલ્માન ફારસી (رضی اللہ عنہ)ને મારવા અને અમીરુલ મો'મિનીન (હઝરત અલી رضی اللہ عنہ) ખાનાએ અકદસ (ઘર)ને આગ લગાડવા અને જનાબ ફાતિમા (رضی اللہ عنہا) અને હસન હુસૈન (رضی اللہ عنہما) અને તેમનાં બાળકો અને તેમના કાકાની ઔલાદને અને તેમના દોસ્તો તથા મદદગારોને કત્લ કરવા અને રસૂલ صلی اللہ علیہ وسلمની ઔલાદને કેદી બનાવવા અને જમાનામાં આલે મુહમ્મદ صلی اللہ علیہ وسلمનું લોહી વહાવવા અને દરેક ખૂન જે નાહક વહાવવામાં આવ્યું, અને દરેક ઝિના જે આલમમાં કરવામાં આવ્યો અને દરેક વ્યાજ તથા હરામ જે ખાવામાં આવ્યું અને દરેક ગુનાહ, જુલ્મો સિતમ જે આલે મુહમ્મદ صلی اللہ علیہ وسلم સુધી થયો સૌ એ બંનેવની ગરદન પર લાદી દેવામાં આવશે કે તમારાથી જ થયો અને તેઓ બંનેવ સ્વીકાર કરશે, કેમ કે જો પ્રથમ દિવસે બરહક્ક ખલીફાનો હક્ક ન પડાવી લેત તો આ બધું ન થાત.

પછી હુકમ આપશે કે દરેક જુલ્મના બદલામાં જે શખ્સ મૌજૂદ હોય તે આ બંનેવથી કે઼સાસ (બદલો) લે. પછી તેમના (અબૂ બક્ર, ઉમર) માટે કહેશે, ઝાડ પર લટકાવી દેવામાં આવે અને એક આગને હુકમ આપશે કે જમીનથી જાહેર થાય અને તેમને ઝાડ સમેટ સળગાવે. અને એક હવાને હુકમ આપશે કે તેમની રાખને દરિયામાં ફેંકી દે. મફઝલે અર્ઝ કરી કે હે મારા મૌલા ! શું એ એમનો અંતિમ અઝાબ હશે ? ફર્માવ્યું, અફસોસ ! હે મફઝલ ! ખુદાની કસમ ! સૈયદે અકબર હઝરત મુહમ્મદ ﷺ અને સિદીકે અકબર અમીરુલ મો'મિનીન (અલી) علیہ السلام (શીઆ હઝરત અલી رضی اللہ عنہને સિદીકે઼ અકબર કહે છે !) અને ફાતિમા ઝહ્‌રા અને હસને મુજતબા તથા હુસૈન શહીદે કર્બલા (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) અને સર્વ અઈમ્મએ હુદા સલવાતુલ્લાહિ અલૈહિસ્સલામ જીવતા થશે અને જે શખ્સ કેવળ ખાલિસ ઈમાન રાખતો રહ્યો અને જે કેવળ કાફિર રહ્યો હશે સૌ જીવતા થશે અને સર્વ અઈમ્માએ અત્હાર علیہم السلام અને મો'મિનોના માટે તેમના પર અઝાબ કરવામાં આવશે, ત્યાં સુધી કે એક રાત દિવસમાં હજાર વાર તેમને મારી નાખશે અને જીવતા કરશે, પછી ખુદા જ્યાં ચાહશે તેમને લઈ જશે અને અઝાબ આપશે.'' (ઉર્દૂ તર્જમા : હક્કુલ યકીન, ભાગ–ર, મકસદ–૯, રજઅતની સાબિતીમાં, પાંચમી આયત હેઠળ, પેજ–૩ર થી ૩પ, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી–પાકિસ્તાન)

**પયગામ** : મારા ભાઈઓ ! જરા વિચારો તો ખરા ! શીઆ રાફઝી લઅનતી ફિર્કાએ કેવળ કા'બા શરીફ અને હઝરાત શૈખૈન કરીમૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ની જ ગુસ્તાખીઓ નથી કરી બલ્કે આ રાફઝી શીઆ લઅ્‌નતીઓએ **હઝરત ઈમામ મેહદી (رضی اللہ عنہ)ની પણ ગુસ્તાખી કરી,** કેમ કે એ લઅનતીઓએ ઈમામ મેહદી رضی اللہ عنہને સિદીકે઼ અકબર તથા ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہની બેઈજ્જતી કરનાર, તેમના પર જુલ્મ કરનાર, તેમને આગ લગાડનાર સાબિત કર્યા. (મઆઝલ્લાહ !) અને **હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہની પણ આ લઅનતીઓએ બદતરીન ગુસ્તાખી કરી,** કેમ કે એક જૂઠી મનઘડત કહાની બનાવીને તેની નિસ્બત હઝરત ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہની તરફ કરી આપી. જાણે કે આ લા'નતીઓએ એવું સાબિત કરવાની કોશિશ કરી કે ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہ શૈખેન કરીમૈન (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہما) પર લઅનત કરતા હતા ! (મઆઝલ્લાહ !) અને **સર્વ અહલે બયતે અત્હાર** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**ને આ લઅનતીઓએ શૈખૈન કરીમૈન (અબૂ બક્ર, ઉમર** رضی اللہ عنہما**)ના દુશ્મન સાબિત કર્યા અને તેમનાથી બદલો લેનારા, તેમનાથી કે઼સાસ લેનાર સાબિત કર્યા.** *(મઆઝલ્લાહ !)*

જરા વિચાર કરો ! આ શીઆ, રાફઝી, લઅનતીઓએ શું લખ્યું કે સર્વ લોકો જેમના દિલમાં રાઈના દાણા બરાબર પણ શૈખૈન કરીમૈન (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہما) હઝરાતથી મહોબ્બત હશે તે સૌને હઝરત ઈમામ મેહદી (رضی اللہ عنہ) અઝાબ આપશે. (મઆઝલ્લાહ !) બતાવો ! મારા ભાઈઓ ! બહેનો ! શું હજી પણ તમો આ શીઆ રાફઝી લઅ્‌નતીઓથી સગાઈ, સંબંધી, દોસ્તી કરવાનું પસંદ કરશો ? શું હજી પણ શીઆ રાફઝી લઅનતીઓની મેહફિલમાં શિર્કત કરીને ''શીઆ સુન્ની ભાઈ ભાઈ'' નો નારો લગાડવું પસંદ કરશો ? શું હજી પણ તમો એવું જ કહેશો કે શીઆ સુન્નીમાં કેવળ ફુરૂઈ (ઉપર ઉપરનો સામાન્ય) મતભેદ છે ? (મઆઝલ્લાહ !)

અલ્લાહ તઆલા આપણા ઈમાન તથા અકી઼દાની હિફાઝત ફર્માવે અને અકી઼દા સહીહા અહલે સુન્નત વ જમાઅતમાં મૌત નસીબ કરે. (આમીન યા રબ્બલ આલમીન બિજાહિન્નબી કરીમ ﷺ)

www.barkatekhwaja.net

# ૧૯૫૭માં ભરૂચમાં થયેલ ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા કોન્ફ્રન્સનો ઐતિહાસિક સદારતી ખુત્બો

હફ્તો : ૧

**અઝ : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની** رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૩૭૭)

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

*૧૮, ૧૯, ૨૦ નવેમ્બર–૧૯૫૭, ૨૫ થી ૨૭ રબી. આખર હિ.સ. ૧૩૭૭ના દિવસોમાં ઈદગાહ–ભરૂચ (ગુજરાત) ખાતે* ***"ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા કોન્ફ્રન્સ"****નું આયોજન નાઝિમે આ'લા જમાઅતે રઝાએ મુસ્તફા–ગુજરાત રાજ્ય* ***મર્હૂમ મૌલાના અલી મુહમ્મદ ધોરાજવી*** *ક઼ાદરી બરકાતી રઝવી સલામીની સરદારી હેઠળ થયેલ જેમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ સહિત તેમના સમકાલિન અનેક ઉલમાએ હાજરી આપી હતી. જેની સદારત હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ* رحمۃ اللہ علیہ *ને સોંપવામાં આવેલ હતી. આપ* رحمۃ اللہ علیہ *એ સદારતી બયાન જે કરેલ તે ઐતિહાસિક યાદગાર બયાન અત્રે સુન્ની હઝરાતની માલૂમાતના માટે બરકત હાંસલ કરવા રજૂ કરીએ છીએ કે તે સમયે સુન્નીઓના શેરોએ સુન્નિયતને કેવી રીતે પહેરો આપ્યો અને બાતિલ ફિર્ક઼ાઓને કેટલી સખ્તીથી ખંખેરી કાઢયા હતા જેની જ બરકતથી આજે સુન્નિયત બાકી છે. તેમજ ઓલ ઈન્ડિયા* ***જમાઅતે રઝાએ મુસ્તફા*** *જેના સ્થાપક આ'લા હઝરત ઈમામ અહમદ રઝા* رحمۃ اللہ علیہ *છે તે* ***સર્વ સુન્નીઓની એકતાની*** *કેટલી હિમાયતી હતી અને ઈસ્લામ તથા મુસ્લિમો સામે ઉઠનારા ફિત્નાઓનો કઈ રીતે સામનો કરતી હતી એ* ***હાલના સુન્ની કાર્યકરો માટે દીવાદાંડી સમાન*** *છે. રબ તઆલા તેના હબીબ* صلی اللہ علیہ وسلم *ના સદક઼ામાં એ બુઝુર્ગોના નક઼્શે ક઼દમ ચાલવા તૌફીક઼ આપે. –તંત્રી*

## ★ સદારત સોંપવી એ શુક્રિયા નહીં બલ્કે શિકવાને પાત્ર ! ★

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ.......

અમ્મા બા'દ ! મુસલમાનો ! પ્યારા સુન્ની ભાઈઓ ! "ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા"નું સ્ટેજ છે જેને આપણે વિવિધ શહેરો સ્થળોના રહેવાસીઓને ન કેવળ નામે પાકે મુસ્તફા صلی اللہ علیہ وسلم પર આજે એક જગાએ એક જ ઝંડા હેઠળ ઈમાન તથા અમલની એકરૂપતાની સાથે એકત્ર કરી આપ્યા છે. તમો મને કહી આપો કે આપણે સૌ મુસ્તફાના દીવાનાઓ અને રઝાએ મુસ્તફાના તમન્નાઈઓનો આ મેળાવડો પોતાના પાકીઝા જઝબાત અને દીવાનગીભરી કૈફિયતોમાં મસ્ત થઈ જવાના કારણે આલમે નાસૂત (માનવ લોક)થી પરવાઝ (ઉડયન) કરીને આલમે મલકૂત (ફરિશ્તાના આલમમાં) પહોંચી ચૂકેલ છે. અને અક઼ીદતમંદી અને ઈશ્ક઼ના હોંસલાવાળુ પક્ષી લપકી પલકીને આલમે જબરૂત (ફરિશ્તાઓની દુનિયા) તથા બઝમે લાહૂત (ફનાફિલ્લાહના મક઼ામ)ની તજલ્લીઓ સમેટી રહેલ છે. એવા ખાલિસ (તદન) દીની તથા રૂહાની તથા ઈમાની ઈજતેમાના માટે જો સદારત (સદરના સ્થાન)ની પસંદગી કરવાવાળા સહીહ બસીરતથી કામ લેત તો તેને સદારતની ગાદી પર બિરાજમાન કરતા જેને જોઈને રઝાએ મુસ્તફાની બરકતો આંખો દેખી થઈ જાય છે અને જોતાં જ ઝબાન પર હજારો અદબ તથા તા'ઝીમની સાથે "મુસ્તફા રઝા" શબ્દ નીકળી જાત ! આવી મુક઼દ્દસ હસ્તીની મૌજૂદગીમાં મારા જેવા માથાથી પગ સુધી નાઅહલ (અપાત્ર)ની પસંદગી કરવીએ **શુક્રિયા નહીં બલ્કે શિકવાને લાયક** છે અને કદાચ આ ગલતીને જોતાં હું વિરોધ દર્શાવતાં આ અઝીમુશ્શાન ઈસ્લામી

www.barkatekhwaja.net

ઈજતેમાથી વોક આઉટ કરી જાત, પણ શું કરું કે એ જ બરગુઝીદા હસ્તીએ "ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા"ની સદારતની ખિદમતમાં મને કાયમી ધોરણે લગાડી રાખ્યો છે અને આવા સ્ટેજના માટે મારી સદારત એક રીતે દાદ પામે છે જે મન્તિકી (તર્ક શાસ્ત્રની) બોલીમાં અક્‌લી જુર્મ છે પણ મોક઼ો એવો છે કે હું ન શુક્રિયા અદા કરી શકુ છું ન તો શિકવા કરી શકુ છું. (આ બુઝુર્ગોની આજીજી હતી ! –તંત્રી)

## ★ જમાઅતે રઝાએ મુસ્તફા શું છે ? અને એની જરૂરત શું છે ? ★

હઝરાત ! આખા દેશમાં આ સવાલ રાજા તથા પ્રજાના સર્વ વર્ગોમાં કરવામાં આવી રહ્યો છે કે "જમાઅતે રઝાએ મુસ્તફા" શું છે, શા માટે છે અને તેનો રોલ શું છે અને તેની જરૂરત શું છે ? આજે હું એ સવાલોનો જવાબ આપીને આખા દેશને જણાવી આપવા ચાહુ છું કે "જમાઅતે રઝાએ મુસ્તફા"ના દરેક પાસાને સમજીને અમને સારી રીતે જાણી લો, પહેચાની લો અને કોઈના ધોકામાં ન આવો. "જમાઅતે રઝાએ મુસ્તફા" શું છે એ એના નામ પરથી જ સાફ જાહેર છે કે એ સરકારે મુસ્તફા ﷺની રઝામંદીની તડપ રાખનારાઓની જમાઅત છે.

આ ટૂંકાણની તફસીલ એ છે કે આપ પૂરી જમીનના ઉપર વસનારી ઈન્સાનિયત પર એક દષ્ટિ નાખી લો તો એક વ્યક્તિ પણ એવો ન મળશે જે કોઈ ન કોઈની રઝા (રાજીપો) પામવામાં લાગેલો ન હોય. એ ચીજ અશક્ય છે કે કોઈ માણસ હોય અને કોઈની રઝામંદીમાં ન લાગેલો હોય. જનતા પોતાના નેતાને ખુશ કરવા ચાહે છે તો રાજા પોતાની પ્રજાને ખુશ કરી દેવા ચાહે છે. બાપ પોતાના પુત્રને ખુશ કરવા ચાહે છે તો પુત્ર પોતાના બાપને. પતિ જો પોતાની પત્નીને ખુશ જોવા ચાહે છે, તો આજ્ઞાંકિત પત્ની પોતાના પતિની ખુશી ચાહે છે. આ ખાસ બાબતમાં આપ દષ્ટિને વિશાળ કરો તો કહી શકો છો કે બાગનો માલિક બાગનાં ઝાડોને તેની ફિતરી ખુશી આપે છે તો ઝાડ પોતાનાં ફળો વડે બાગના માલિકને ખુશ કરી આપે છે. ખેડૂત પોતાના ખેતરની ક્ષમતાઓને ઉભારીને ખેતરને ખુશી આપે છે, તો ખેતર પોતાનાં ઉગેલા દાણાઓ વડે ખેડૂતને ખુશ કરી આપે છે. એટલે કે ફિત્રતના ક઼ાનૂન પ્રમાણે રઝામંદી તથા રઝાજોઈ (ખુશ કરવું) એક એવી ધરી છે જેના પર પૂરી કાઈનાત (સૃષ્ટિ) ઘુમી રહી છે. હું એવું નથી કહેતો કે દરેકની રઝામંદી ચાહે છે, મારો દાવો એ છે કે દરેક કોઈક ન કોઈકની રઝામંદી જરૂર ચાહે છે. આ કાઈનાતની હયાતનો વીમો છે, જો આ વાત ન રહી જાય તો કાઈનાત પોતાના વજૂદને ગુમાવી બેસે.

હવે એ જ ફિત્રતના સામાન્ય તકાઝાઓને આપ મઝહબી ચસ્મા લગાડીને જુઓ તો સાફ દેખાશે કે દરેક મઝહબ બલ્કે દરેક ધર્મમાં કોઈ ન કોઈની ખુશી તથા રઝામંદી ચાહવી એ ધર્મનો પાયો છે. માનવની વિવિધ ભાષાઓમાં એક ન એક શબ્દ એવો જરૂર છે કે જે જેના માટે બોલવામાં આવે છે તેની ખુશી પામવાને માટે તેનો નિર્દેશ તેમાં હોય જેનાથી જણાય જાય છે કે કયો વર્ગ કોની રઝાજોઈ (ખુશી પામવા)માં વ્યસ્ત છે. પાદરી સાહબનો કિરદાર (આચરણ) જ પોકારી ઉઠે છે કે સલીબ (ક્રોસ)ની ખુશી દરેક ચીજ કરતાં અગ્રસ્થાને છે. ચાંદ, સૂરજ, પથ્થરો તથા મૂર્તિઓ વગેરેની ખુશી પામવા માગનારા તમારી મારી સામે રાત દિવસ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. એટલે કે દુનિયાના ધર્મોમાં દરેક ધર્મ કોઈ ન કોઈની રઝામંદીને પોતાની ધાર્મિકતાનું અનિવાર્ય અંગ ઠરાવી દે છે. અને કોણ કોની રઝા જોઈ (ખુશી) કરી રહેલ છે તે એ ધર્મના માનવાવાળાઓના અમલોથી સ્પષ્ટ થઈ જાય છે.

હવે આપ ત્યાં આવો જ્યાં અમે તમને લઈ જવા

www.barkatekhwaja.net

ચાહીયે છીએ કે જેને ઈસ્લામી દુનિયા કહી દેવામાં આવે છે તે વિવિધ અંધકારો તથા રોશનીનો સમૂહ છે. જો આ દુનિયાની મેહફિલમાં એક અર્શી કંદીલ છે તો ૭૨ ની સંખ્યામાં અંધકારોથી ભરેલી અને નૂરથી વંચિત બનાવટી ફર્શી દીપક પણ છે, અને આ દુનિયાના કોને કોનાથી સંબંધ તથા આકર્ષણ છે તે દરેકના કિરદાર (આચરણ)થી જાહેર છે ★ શું તમે એ લોકો (શીઆ, રાફઝી)થી અજાણ છો જેઓ સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہની રઝાજોઈ (રઝામંદી)ના દાવેદાર છે, અને તેમનો દરેક નકારાત્મક તથા સકારાત્મક પ્રોગ્રામ એ જ દાવેદારીની રોશનીમાં છે. ★ શું આપણા દેશમાં એવા લોકો તમે નથી જોયા કે અલ્લાહ તઆલાની રઝાજોઈના દાવેદાર છે (વહાબી દેવબંદી) અને તેમનું ધાર્મિક આકર્ષણ ક્યારેક તૌહીદ પ્રતિ થઈ જાય છે તો પોતાની મેહફિલથી નબી, નબીઝાદા, ઈમામ, ઈમામઝાદા, ભૂત, પ્રેત, શૈતાનને એક જ આંખ વડે જુએ છે, એક જ ત્રાજવામાં તોલે છે અને એક જ દંડા વડે હાંકીને કાઢી મૂકે છે ! (તકવિયતુલ ઈમાન, ઈસ્માઈલ દહેલ્વી) અને ક્યારેક મુશ્રિકોને રાજી કરવા પર આવી ગયા તો પૂરા ઈખ્લાસ સાથે મંદિર ખુદ બનાવીને મૂર્તિઓ ખુદ રાખીને પોતાના વર્તમાન પત્ર ''જમીઅત''માં તેની હોસલા અફઝાઈ કરીને તૌહીદ પરસ્તીથી અમલી રીતે તૌબાનામુ લખી આપે છે ! અને દુનિયાને એ સમજવા માટે મજબૂર કરી દે છે કે ક્યાંની તૌહીદ અને કેવુ શિર્ક ?! અસલ આકર્ષણ પોતાની સત્તા અને પેટથી છે. હિજાઝથી કાંઈક લેવું છે તો તૌહીદના ટાઈટલ હેઠળ માગણી થાય છે અને હિંદની ગવર્નમેન્ટની આંખોમાં ધૂળ ઝોંકવી છે તો ખાનએ શિર્કની (મંદિરની) તામીરનું ટાઈટલ ચડાવી લે છે.

## ★ બાતિલ ફિર્કાઓ પ્રતિ નિર્દેશ ★

સારાંશ દુનિયામાં આ ફિર્કા છે અને દરેક ફિર્કો એક હીરો ધરાવે છે જેની સાથે તેનો (ફિર્કાનો) લગાવ દરેકને મેહસૂસ થઈ જાય છે. ચકળાલ્વી, કાદયાની, વહાબી, દેવબંદી, શીઆ, ખારજી વગેરે વગેરે સૌ છે અને પોત પોતાના હીરોથી લગાવ ધરાવે છે. લગાવ ધરાવવાનો મતલબ એ છે કે ફિર્કાને તેના લગાવને લીધે બદનામ કરવામાં આવતો હોય. **''ચકળાલ્વી''** બદનામ છે કે **નબવી હદીષોના મુન્કિર છે. ''કાદયાની''** બદનામ છે કે **મિર્ઝા ગુલામ અહમદ** (નબુવ્વતના જૂઠા દાવેદાર)થી સંબંધિત થઈને **ખત્મે નબુવ્વતના મુન્કિર છે. ''વહાબી''** બદનામ છે કે **અંબિયા અવલિયાથી મુસ્લિમ ઉમ્મતને દૂર કરી દેવા ચાહે છે. ''દેવબંદી''** બદનામ છે કે **તે આપણા રસૂલે પાક ﷺના ગુસ્તાખ, રસૂલે પાક ﷺની મહોબ્બત તથા તાઝીમના મુન્કિર અને ગદ્દારે રસૂલ છે. ''શીઆ''** બદનામ છે કે **તે ઈમામ હુસૈનની આગળ કોઈને જોવા નથી ચાહતા. ''ખારજી''** બદનામ છે કે **તેઓ આલે રસૂલને દીની વર્તુળથી કાઢી મૂકવા ચાહે છે.** આ ખ્યાતનામ બાબતોથી દરેક ફિર્કાનો હીરો સમજમાં આવી જાય છે અને ફિર્કાનું ધાર્મિક વલણ સમજમાં આવી જાય છે.

## ★ અહલે સુન્નત પ્રતિ નિર્દેશ ★

હવે તમો ફરી આ દુનિયા પર દષ્ટિપાત કરીને બતાવો કે કોઈ ફિર્કો એવો પણ છે જે મારા આકા સૈયદે આલમ નબીયે મુકર્રમ ખલીફતુલ્લાહિલ આ'ઝમ, નાઈબે ખુદાએ અકરમ હુઝૂર પુરનૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺથી એવું આકર્ષણ ધરાવતો હોય કે તેના પર તાઝીમ તથા મહબ્બતે રસૂલ ﷺની બિના પર શિર્ક તથા બિદઅતના ફત્વા લગાડવામાં આવે ? ગૌષ પાક رضی اللہ عنہની ગ્યારવીં અને



www.barkatekhwaja.net

ખ્વાજા ગરીબ નવાઝની છટ્ઠી અને બુઝુર્ગાને દીનના ઉર્સોના કારણે કૃબ્ર પરસ્ત અને બિદઅતી, કહેવામાં આવે ? મીલાદ શરીફ તથા તેમાં સલાતો સલામના કારણે મુશ્રિક તથા બિદઅતી બતાવવામાં આવે, તેમજ ત્રીજીયા દસમા, ચાલીસા કરવાના કારણે મુર્દા પરસ્ત કહી ઠેકડી ઉડાડવામાં આવે ? તો યક઼ીન માનો કે ગૌષવાળા, ખ્વાજાવાળા અને મહબૂબે ખુદાવાળા તથા મુસ્લિમ મૈયતોના ઈસાલે સવાબવાળા ૭૨ શામિયાનામાં એક નહીં મળે અને એવા લોકો તમામે તમામ ત્યાં જોવા મળશે જ્યાં નૂર જ નૂર અને અર્શી નૂર જગમગી રહ્યું છે. આ કોઈ ફિર્કો નથી બલ્કે ઈસ્લામની તે બહુમતી છે જે પોતાના દેશમાં પણ અને સર્વ જમીનમાં પણ મોટી બહુમતીના માલિક છે.

આપણા વિરોધીઓનું સંપૂર્ણ સાહિત્ય વાંચીને બતાવો કે શું કોઈ દુશ્મને આપણી બહુમતી પર એવો આક્ષેપ રાખ્યો છે કે નમાઝ, રોઝા, હજ, ઝકાતની ફર્ઝિયતના મુન્કિર છે, કુર્આન, હદીષ, ઈજમાઅ, મુજતહિદના કયાસના શરઈ દલીલ હોવાના મુન્કિર છે, શરાબ, જુગાર ઝિના, ચોરી, નાહક્ક, વ્યાજ તથા અન્ય શરીઅતમાં હરામ ચીજોને જાઈઝ બતાવે છે. કદાપિ નહીં અને કદાપિ નહીં !

આપણો સઘળો જુર્મ તેમની નજરમાં એ છે કે આપણી જિંદગીના દીની પ્રોગ્રામમાં અંબિયા તથા અવલિયાનો એટલો મોટો હિસ્સો છે કે અમને જોઈને દોસ્ત તથા દુશ્મન કહી ઉઠે છે કે આ લોકો રસૂલેપાક ﷺના હક્કમાં ઘણી જ હદે કટ્ટરતાએ પહોંચેલા છે ..............અને આપ ﷺની શાનમાં હલકી બોલીને સહન નથી કરી શકતા. એઓ (અહલે સુન્નત) તમામે તમામ અંબિયા તથા અવલિયાના સામાન્ય રીતે અને સૈયદુલ અંબિયા ﷺના ખાસ કરીને દીવાના થઈ ગયા છે. ﷺ

આ જ દુશ્મનનો પણ ઈકરાર સૂર્ય કરતાં પણ અધિક રોશન કરી આપે છે કે મુસ્લિમોની બહુમતીનો તે હીરો છે જેમનાથી સર્વ મુસ્લિમ બહુમતીને સંપૂર્ણ લગાવ અને દીવાનગીભરી અક઼ીદત છે તે મારા મહબૂબે કિબ્રિયાની ઝાતે પાક અને તેમના આશિક઼ોનો પૂરો ગિરોહ છે. એ લોકો મુસ્તફા ﷺની રઝાના માટે ઘણી જ તડપ ધરાવે છે.

આપણા દુશ્મન આપણને જે કાંઈ પણ કહે છે તે બતૌરે અયબ કહે છે, પણ તે ગાફિલો તથા ઈશ્ક઼ો મહ઼બ્બતથી અજાણ્યાઓને જઈને કોણ કહી આપે કે :–

*(ફારસીનો અર્થ) "હે ચેક કરનાર ! જે ચીજને તેં શરમ સમજી રાખેલ છે એ અમારા માટે ફખ્રની વાત છે !"* તમારે કયામતના દિવસે પણ કહેવું પડશે કે આ લોકો રસૂલેપાક ﷺના દીવાના અને મુસ્તફા ﷺની રઝાજોઈના મતવાલા હતા. તો પછી જોઈ લેજો કે આ દીવાનગીએ દાનાઈ (શાણપણ)નું મેદાન સર કરી લીધું અને તમારી દાનાઈ જહન્નમ રસીદ થઈ ગઈ !

## ★ રબની રઝા કોની રઝા પર આધારિત છે ? ★

હવે કેવળ એ જોવાનું છે કે મુસ્લિમ બહુમતીએ (અહલે સુન્નતે) મુસ્તફા ﷺની રઝાજોઈ શીખી તો કોનાથી શીખી, અને એ ચીજ તેમને મળી તો ક્યાંથી મળી. જાહેર છે કે સૌથી મોટી રઝાજોઈ તો અલ્લાહ તઆલા માલિકો મૌલા ﷻની રઝાજોઈ છે, પણ મુસ્લિમ બહુમતી મુસ્તફા ﷺની રઝા ચાહવામાં બદનામ છે. શું રઝાએ કિબ્રિયાથી (રબની રઝા ચાહવાથી) મુસ્લિમ બહુમતી મઆઝલ્લાહ ! બેનિયાઝ (બેપરવા) છે ?! નહીં ! નહીં ! અને કદાપિ નહીં ! અલ્લાહ તઆલાની રઝાજોઈ (રાજી કરવું) તો મુસ્લિમ બહુમતીનું પાયાનું ઈમાન છે. અને સર્વ



www.barkatekhwaja.net

રઝાજોઈઓ (રાજી કરવું) કેવળ એક રઝાએ કિબ્રિયાના માટે છે. જોવાનું તો એ છે કે રઝાએ કિબ્રિયા (રબની રઝા) કોની રઝા પર આધારિત છે. **ગૈરોનું કહેવું તો એ છે કે રઝાએ કિબ્રિયા અમારી ડાયરેક્ટ છે, અને એના માટે અમે કોઈ ગૈર ખુદાના મોહતાજ નથી.** તેમના પૂરા સાહિત્યનો ખુલાસો એ છે કે :–

*(ફારસીનો અર્થ) : મેં મારો હાથ ખુદાના હાથમાં આપ્યો છે, મને મુસ્તફાની શું પરવા હોય શકે છે !"*

એ જ સ્પ્રિટ સૌ પ્રથમ ઈબ્લીસમાં પેદા થઈ અને આદમ علیہ السلام ને સજદો કરવાને બદલે છાતી કાઢીને પોતાના અસંખ્ય સજદાઓ તથા અગણિત રોઝાઓ પર ઘમંડ કરીને ઉભો થઈ ગયો ! અને આ જ ચીજ આજ સુધી રસૂલે પાક ﷺના દુશ્મનોને વારસામાં મળતી રહી. જેથી હવે "રઝાએ કિબ્રિયા" શબ્દ એ અંધારી નગરીઓમાં એવો ગુમ થઈ ગયો કે તેની હકીકતથી દુનિયા આંધળી થઈ ગઈ, અને સદાકતનો સુઝાવ (સાચી સમજણ) મયસ્સર થયો તો તે રઝાએ મુસ્તફાવાળાઓથી મયસ્સર થયો. "રઝાએ મુસ્તફા" શબ્દ રબના ફઝલથી રબની હિફાઝતમાં છે અને કોઈ બાતિલ મુરાદ (ગલત હેતુ)ના માટે તેના ઉપયોગની શક્તિ આખી મખ્લૂક પાસેથી છીનવી લેવામાં આવી છે. "રઝાએ મુસ્તફા"નો દાવો તે જ કરી શકે છે જે રઝાએ કિબ્રિયાનો પૂજારી અને અંબિયા તથા અવલિયાની રઝાજોઈ (ખુશી ચાહનાર)નો શયદાઈ (દીવાનો) છે. કેમ કે **રઝાએ કિબ્રિયા (રબની રઝા)નો દાવો તો તે પણ કરે છે જે ઝાતે પાકે કિબ્રિયા (રબની જાત)ની મઅરેફત (પહેચાન)થી મેહરૂમ છે.** અને રઝાએ મુસ્તફાનો દાવો તે જ કરી શકે છે જે અલ્લાહ તઆલાની સહીહ મઅરેફતની સાથે તેને ખરેખર રઝાજોઈ (રાજીપો ચાહનાર) અને રઝાએ મુસ્તફા ﷺની રઝાજોઈને મૌલા તઆલાની રઝા પામવાનો વસીલો જાણે છે.

વળી એ વાત પણ તો છે કે રબની રઝા ચાહવું એ નબીઓ વલીઓની સુન્નત છે અને રઝાએ મુસ્તફા તો ખુદ સુન્નતે કિબ્રિયા (પરવરદિગારની સુન્નત) છે. અલ્લાહ ! અલ્લાહ ! માલિક બેનિયાઝ, ગનીયે અલલ ઈત્લાક્ રઝાએ મુસ્તફા (નબી ﷺની રઝા) માટે કિબ્લો બદલી નાખે ! فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا (તો જરૂર અમે તમને ફેરવી દઈશું એ કિબ્લાની તરફ જેમાં તમારી ખુશી છે. સૂ. બક્રહ, ૨/૧૪૪) મેદાને મેહશરના ગરમ અને ભયાનક નકશાને મુસ્તફા ﷺની રઝાના માટે અતા તથા કરમથી બદલી નાખે. وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضٰى (અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો. સૂ. દુહા, ૯૩/૫) **જ્યારે નિગાહે કિબ્રિયા દુનિયામાં પણ અને આખેરતમાં પણ રઝાએ મુસ્તફાની સાથે છે, તો દારૈન (બંને જહાન)માં કામ આવનારી ચીજ આ જ રઝાએ મુસ્તફા થઈ.** "રઝાએ મુસ્તફાવાળા જ રઝાએ કિબ્રિયાવાળા છે." જે રઝાએ હઝરત કિબ્રિયા (રબની રઝા) છે તે જ રઝાએ મુસ્તફાવાળાઓનો તરીકો છે. અલ્હમ્દુલિલ્લાહિ તઆલા ! કે રઝાએ મુસ્તફાના સદકામાં અમારો તરીકો તે રહ્યો જે ખુદ અમારા ખાલિક તથા માલિક મૌલા તઆલાનો તરીકો છે.

### ★ નિકટનાને બેગાના કરી દેવાનું પરિણામ ! ★

બસ રઝા તલબીયે મુસ્તફા (મુસ્તફા ﷺની રઝામંદી ચાહવાનું) નામ સવાદે આ'ઝમ અને મુસ્લિમ બહુમતી (અહલે સુન્નત) છે જેનું ખાલિસ દીની તથા ઈમાની પ્રતિનિધિત્વ કરનારી જમાઅતનું નામ "જમાઅતે રઝાએ મુસ્તફા" છે જેનું મર્કઝી દફતર (સેન્ટ્રલ ઓફીસ) બરેલી શરીફમાં છે. હે મારા મૌલા !

www.barkatekhwaja.net

હે મારા કરીમ ! તું આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે મિઅતે હાઝરા, મુઅય્યતે મિલ્લતે તાહિરા, કુત્બુલ ઈર્શાદ સમુલે ફઝ્લો કમાલ વશશાન મૌલાના અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ તથા قدس سرہٗની કબ્રે અન્વરને અગણિત તારી ખાસ રહમતોથી ભરી દે કે **તેમનાં અસંખ્ય મહાન એહસાનોમાંથી આ પણ છે કે આ મુસ્લિમ બહુમતીની વેર વિખેર સ્થિતિ તથા અસ્તવ્યસ્તતાને જોઈને રસૂલે પાક صلی اللہ علیہ وسلمની ભોળીભાળી ઉમ્મતનો શિકારી જ્યારે શિકાર કરવા લાગે, દરેક કાદયાની પહેલાં સુન્ની હતો, દરેક ગૈર મુકલ્લિદ પહેલાં સુન્ની હતો, દરેક વહાબી પહેલાં સુન્ની મુસલમાન હતો, દરેક દેવબંદી પહેલાં સુન્ની મુસલમાન હતો, પણ આ આપણા ઈન્તેશાર (સંગઠિત ન હોવું) તથા અસ્ત વ્યસ્તપણાનું પરિણામ હતું કે જે નિકટનો હતો તેને બેગાના (ગૈર) કરી દેવામાં આવ્યો. જે આપણા ઈસ્લામી ઈમાની વર્તુળનો હતો તેને બચાબાની (ભટકતો) કરી દેવામાં આવ્યો. તો એ એમનાથી (આ'લા હઝરતથી) જોઈ ન શકાયું અને અહલે સુન્નતને વેર વિખેર થવાથી બચાવવા માટે એક નિઝામ (બંધારણ) બનાવ્યું અને પૂરા નિઝામનુ નામ અને ઘણુ પ્યારુ નામ "જમાઅતે રઝાએ મુસ્તફા" صلی اللہ علیہ وسلم રાખ્યું.** આ સ્થાને દિલ પોકારી ઉઠે છે : (ફરસીનો અર્થ) :–

*"હે રઝા ! તારા એહસાનો પર હું કુર્બાન જઉં. આ જે કાંઈ એહસાનો છે એને પણ હું તારા પર કુર્બાન કરું છું."* આ થોડાક વાક્યોમાં એ સવાલોનો વિગતવાર જવાબ છે કે "જમાઅતે રઝાએ મુસ્તફા" શું છે ? અને શા માટે છે ? હવે એ સાંભળો કે એનો રોલ શું છે અને મેદાને અમલમાં તેનો તરીકો (કાર્ય પધ્ધતિ) શું છે ?

## ★ જમાઅતે રઝાએ મુસ્તફાએ શું કામગીરી કરી ? ★

આ સંસ્થાને સૌ પ્રથમ મલકાનાની એ **શુધ્ધિ ચળવળ** (હાલ જેમ **ઘરવાપસી** નામથી ચાલે છે) સાથે સામનો કરવાનો થયો જે ચળવળ નગ્ન તલ્વારના સાયા હેઠળ અને સરમાયાના જોરથી શરૂ થઈ હતી અને જેનો સામનો કરવાના માટે જાન પર બની આવી હતી. વિદેશી ગવર્નમેન્ટ (બ્રિટિશ)ની પોલીસી દેશની એકતામાં જુદાઈ પેદા કરવાની હવા આપી રહી હતી. અને દેશની સર્વ સંસ્થાઓ (ઈદારાઓ) ભયભીત થઈને ખામોશ થઈ ગયા હતા, એ વખતે "જમાઅતે રઝાએ મુસ્તફા" રઝાએ મુસ્તફા صلی اللہ علیہ وسلم હાંસલ કરવા માટે ખતરાઓથી બેપરવા થઈને અને જાનની બાજી લગાડીને માથે કફન બાંધીને મેદાનમાં કૂદી પડી અને આ જમાઅતની શાનદાર કામયાબીઓને જોઈને અન્યોમાં પણ હિંમત પેદા થઈ અને ચંદાખોરોએ પણ લોહી લગાડીને શહીદોમાં દાખલ થવાની કોશિશ કરી ! પણ મલકાનાનું રજકણે રજકણ ગવાહ છે અને તે સમયની ગવર્નમેન્ટી કચેરીઓ ગવાહ છે કે "જમાઅતે રઝાએ મુસ્તફા"એ **શુધ્ધિ ચળવળને એવી ઉઘાડી હાર આપી** કે જેઓ વિખુટા પડી ગયા હતા તે આવીને ગળે મળ્યા અને જેઓ વિખુટા થવાની નજીક હતા તેઓ બચેલા રહ્યા અને આ કોશિશના પરિણામે જેઓ તદન બેગાના (અજનબી) હતા તેમની મોટી સંખ્યાના લોકો આપણા પોતાના બની ગયા અને મેદાનમાં કેવળ "જમાઅતે રઝાએ મુસ્તફા"નો ઝંડો લહેરાતો રહ્યો, મદ્રસાઓ સ્થાપિત કરવામાં આવ્યા અને મલકાનાનો ઝર્રો ઝર્રો ઈમાનની મીઠાશ હાંસલ કરવા લાગ્યો.

## ★ દેવબંદિયતના ચિથરાં વેરી કાઢયાં ! ★

દેવબંદીઓએ પોતાની શરૂઆત મઝહબી લિબાસ પહેરીને કરી અને એ જોરશોરની સાથે કે ઈલ્મ

www.barkatekhwaja.net

તથા અમલનાં મોટાં મોટાં ઘરાના હાર પામી ચૂકેલી માનસિકતામાં સપડાય ગયા. લખનૌ, દિલ્હી, ઈલાહાબાદ, બનારસ, પટણા વગેરેનાં તે ઈલ્મી ખાનદાનની વ્યક્તિઓ જેઓ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના મુકાબલામાં જામીને લડી રહ્યા હતા પણ દેવબંદી તોફાનથી ગભરાય ગયા હતા. શિર્ક તથા બિદઅતનું એટમી હથિયાર તે અવામ (આમ લોકો) ઉપયોગ કરવા લાગ્યા જેઓ "શિર્ક" તથા "બિદઅત" બંને શબ્દોનો સહીહ ઉચ્ચાર પણ કરી શકતા ન હતા ! દેવબંદીઓના પેમ્પલેટોની ભરમારે કલમકારોના કલમને રોકી દીધો હતો. એ "જમાઅતે રઝાએ મુસ્તફા"નું અનોખુ કારનામુ છે કે તેણે પોતાના કલમના જોરને મનાવી લીધુ અને બરગુઝીદા ફત્વા અને મુકદ્દસ કિતાબો તથા દલીલો અને બુરહાનોથી ભરપુર કિતાબોને એવી પ્રસિધ્ધિ આપસ કે દેવબંદિયતને મઝહબી રૂપ છોડી દેવા માટે મજબૂર કરી દીધી, રોજ રોજની મુનાઝરાબાજીથી તૌબા કરાવી લીધી અને મઝહબી વર્તુળથી એ રીતે કાઢી નાખી કે તે પોતાના પૂર્વજોને પીઠ બતાવીને નામ માત્રનો પોલિટિકલ ચોલો પહેરીને અધર્મતાની ખુરશી શોધવા લાગ્યા. હવે તેમના માટે શિર્ક નફરતને પાત્ર ચીજ નથી રહી. બિદઅતથી બેઝારી જતી રહી. હવે ભલે મીલાદ શરીફની મેહફિલમાં નથી જતા પણ "જયંતી" મનાવે છે, ઉર્સમાં શિર્કત કરે કે ન કરે પણ મૂર્તિઓમાં શરીક થાય છે. હદ થઈ ગઈ કે અજમેર મુકદ્દસની સફર ગુનાહોની યાદીમાં હતી, પણ અન્ય તો અન્ય ખુદ સદર સાહબ પણ અજમેરના ઉર્સના મોકા પર પહોંચી ગયા, નાઝિમ સાહબ કુતુબ સાહબના ઉર્સમાં કવ્વાલી સાંભળીને ઝુમવા લાગ્યા. તસવ્વુરે બરઝખ શયખને શિર્ક નહીં તો શિર્કની નજીક, કહેનારા પોતાની તસ્વીરને ખેંચાવવા લાગ્યા અને અખ્બારોમાં મોકલવા લાગ્યા. નમાઝમાં ઈમામને બદલે લાઉડસ્પીકરની ઈકતેદા શરૂ કરી આપી, મુકબ્બિરોની ઈકામતની સુન્નત ઉઠાવી લીધી, અને મજાની વાત એ છે કે અવલિયાના મઝારો પર ચઢાવા પર હરામ તથા બિદઅતનો હુકમ લગાડનારા (પોતે) ચઢાવા લેવા બેહરાઈચનો સફર કરવા લાગ્યા અને ચઢાવાની રકમ વસૂલ કરવા લાગ્યા ! એને આશ્ચર્યની વાત ન કહી તો શું કહીશું કે અવલિયાના મઝારોના વકફો જે એમની નજીક આખેરત માટે વબાલ (મુસીબત)નો સબબ છે તેને લલચાયેલી નજરે જોવા લાગ્યા અને "વકફ બિલ"ના થકી ચાહ્યું કે એ આવકો બિલ્કુલ તેમની પોતાની થઈ જાય. વાકિફની શરતોની પરવા કર્યા વિના એને એ રીતે હજમ કરી લેવામાં આવે કે ઓડકારો પણ ન આવે !

હવે બતાવો કે તે કોણ હતો જેણે દેવબંદિયતને પીસીને રાખી દીધી, તેમના ઈમાની જુર્મોને ઉઘાડા પાડી દીધા અને તેમને તેમના (અસલ) રૂપમાં ઓળખી લીધા અને તેમની દરેક ચાલ પર તેમને પરાજય આપ્યો, વકફ બિલને નકામુ કરી આપ્યું અને દેવબંદિયતને ઉછરવા ન દીધી. આ સવાલોનો જવાબ એક અને કેવળ એક છે, એટલે "જમાઅતે રઝાએ મુસ્તફા", તેના સ્થાપક (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ) તથા તેના સભ્યો મેમ્બરોનું આ શાહકાર (કારનામુ) છે કે દેવબંદીઓમાં જેઓ મરીને માટીમાં ભળી ગયા તેઓ તો માટીમાં મળી ગયા પણ જેઓ ઝિંદા છે તે ઝિંદા છે પણ ભલે હજી કબરમાં નથી ગયા પણ કાંઈ ઓછા ખાકમાં નથી મળ્યા ! (ક્રમશઃ)


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : **અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ **મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**



# ખત્મે નબુવ્વત નબવી હદીષોની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ ખત્મે નબુવ્વતના અક઼ીદાની સ્પષ્ટતા અને ઈસ્લામમાં તેનું મહત્વ ★

આ બાબત પર આખી મુસ્લિમ ઉમ્મતના પૂર્વજ બુઝુર્ગો પાછળ બુઝુર્ગો (સલફન્ ખલફન્)નો ઈજમાઅ છે કે હુઝૂર સૈયદે આલમ તાજદારે બની આદમો આદમ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ખાતમુન્નબિય્યીન (خَاتَمُ النَّبِيِّيْن અંતિમ નબી) છે. એટલે સર્વ નબીઓ અને રસૂલોમાં સૌથી છેલ્લા અને પાછલા નબી છે. **હુઝૂર ﷺની સાથે અથવા હુઝૂર ﷺ પછી ક઼યામત સુધી કોઈને પણ નબુવ્વત મળવી અશક્ય તથા મુહાલ છે.**

વળી આ અક઼ીદો ન કેવળ એ કે ઈજમાઈ તથા ક઼તઈ છે, બલ્કે જરૂરિયાતે દીનથી પણ છે, જેથી જો કોઈ આપ ﷺના આખરી નબી હોવાનો ઈન્કાર કરે અથવા એમાં શક કરે અથવા આપની સાથે અથવા **આપના બાદ કોઈને નબુવ્વત મળવી શક્ય જાણે તો તે ઈસ્લામથી ખારિજ તથા કાફિર થઈ જશે.**

અલ્લામા અબ્દુલગની નાબેલ્સી رحمۃ اللہ علیہ "શરહુલ ફરાઈદ"માં લખે છે, તર્જુમો : "આપણા નબી અહમદે મુજતબા ﷺની સાથે અથવા **આપના બાદ કોઈ નબીનું આવવું શક્ય માનવું એનાથી કુર્આનને જૂઠલાવવું લાઝિમ ઠરે છે.** કેમ કે કુર્આને સ્પષ્ટતા કરી આપી છે કે આપ ખાતમુન્નબિય્યીન તથા આખરિલ મુરસલીન (નબીઓ તથા રસૂલોમાં આખરી) છે અને ઉમ્મતનો ઈજમાઅ છે કે **આ કલામ પોતાના જાહેર પર છે** અને આ તે મશહૂર મસાઈલમાંથી એક છે જેના સબબે અમે ઉમ્મતના ઉલમાએ ફિલોસોફરોની તકફીર (કાફિર ઠરાવવું) કરી. અલ્લાહ તેમના પર લઅનત કરે." *(અલ મોઅતક઼દુલ મુન્તક઼દ, પેજ–૧૦૭, ૧૦૮, અલ બાબુષ્ષાની ફિન્નબુવ્વાત, રઝા એકેડમી, અન શરહુલ ફરાઈદ લિલ્ઈમામ અબ્દુલગની નાબેલ્સી رحمۃ اللہ علیہ)*

આ અક઼ીદાની સાબિતીમાં કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (કુર્આન તથા હદીષ) તથા ઈજમાએ ઉમ્મતની સાક્ષીઓ ખૂબ જ અધિક પ્રમાણમાં (કષરતથી) મૌજૂદ છે, જેવું કે અમે નજીકમાં જ વર્ણન કરીશું.

પરંતું એની વિરૂધ્ધ વહાબી ફિર્કાના ઈમામ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાનો અક઼ીદો આ પ્રમાણે વર્ણવે છે : "એ શહેનશાહની તો એ શાન કે એક આન (ક્ષણ)માં એક 'કુન' હુકમથી ચાહે તો કરોડો નબી અને વલી અને જિન તથા ફરિશ્તા, જિબ્રઈલ તથા મુહમ્મદ ﷺના બરાબર (જેવા) પેદા કરી આપે.'

*(તક઼વિયતુલ ઈમાન, પેજ–૨૯, ફસ્લુષ્ષાલિષ... રાશિદ કંપની, દેવબંદ)*

ઈમામુત્તાઈફા (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)એ આ લખાણમાં પોતાના બેઅક઼ીદા વર્ણવ્યા છે :–

**પ્રથમ અક઼ીદો :** હુઝૂર ખાતમુન્નબીય્યીન પછી નબી પેદા થઈ શકે છે.

**બીજો અક઼ીદો :** બલ્કે કરોડો નબી આપના બરાબર (સમાન) પેદા થઈ શકે છે.

www.barkatekhwaja.net

★ પહેલો અક્ીદો મુસ્લિમ ઉમ્મતના ખત્મ નબુવ્વતનો અક્ીદો (કે હુઝૂર અંતિમ નબી છે, આપના બાદ કોઈ નબી થશે નહીં)નો ઈન્કાર છે.

★ અને બીજો અક્ીદો તેની સાથે "ઈમ્તેનાએ નઝીર" (આપ ﷺના જેવા કોઈનું પેદા થવું અશક્ય)નો પણ ઈન્કાર છે.

આપણે બીજા અક્ીદા પર આગળ જતાં "ઈમ્તેનાએ નઝીર"ના ટાઈટલ હેઠળ ચર્ચા કરીશું અને અહીં આપણા જાને નૂર ﷺના ખાતમુલ અંબિયા હોવાની દલીલો રજૂ કરીએ છીએ.

## ★ અહલે સુન્નતની દલીલો ★

અલ્લાહ ﷻનો ઈર્શાદ છે :–

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ

"મુહમ્મદ તમારા મર્દોમાં કોઈના બાપ નથી, પરંતું અલ્લાહના રસૂલ અને તમામ નબીઓના ખત્મ કરનાર અને પાછલા છે." *(સૂ. અહઝાબ, ૩૩/૪૦)*

સહાબાએ કિરામથી લઈને આજ સુધી પૂરી મુસ્લિમ ઉમ્મતે આ આયતે કરીમાનો અર્થ એ જ સમજ્યો કે આપ સર્વ નબીઓ તથા રસૂલોમાં સૌથી આખરી અને પાછલા (છેલ્લા) નબી તથા રસૂલ છે.

આ જ જાહેર અર્થ પર સૌનો ઈજમાઅ છે અને એ જરૂરિયાતે દીનમાંથી છે જેમાં કોઈ અર્થ ઘટન (તાવીલ) કે અપવાદ (તખ્સીસ) સ્વીકાર્ય નથી. જેમ કે ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સર્વ ઉમ્મતે મર્હૂમાએ خاتم النبیین (ખાતમન્નબિય્યીન) શબ્દનો અર્થ ઈજમાઅ સાથે એ જ સમજ્યો છે કે અલ્લાહ તઆલા એ બતાવી રહેલો છે કે તેના રસૂલ મુહમ્મદ ﷺના પછી કદાપિ કોઈ નબી થશે ન કદી કોઈ રસૂલ. સાથોસાથ પૂરી ઉમ્મતે એ સ્વીકાર્યું છે કે એમાં કોઈ તાવીલ (અર્થ ઘટન)કે અપવાદ (તખ્સીસ) નથી. જેથી એનો મુન્કિર (નકારનાર) ઈજમાઅનો મુન્કિર ઠરશે.

તો જે શખ્સ શબ્દ خاتم النبیین (ખાતમન્નબિય્યીન)ને સામાન્યપણા તથા ઈસ્તેગરાક્થી ફેરવીને એમાં કોઈ ખાસપણુ (અપવાદ) કરે તો એની એ વાત ફોગટની બકવાસ ગણાશે. અને એવું અર્થઘટન તથા અપવાદ કરવું તેની તકફીર (કાફિર કરવા)થી આડ બનશે નહીં, કેમ કે તે એ નસ્સે કુર્આન (કુર્આની આયત)ને જૂઠલાવી રહ્યો છે જેના બારામાં ઉમ્મતનો ઈજમાઅ છે કે એમાં કોઈ તાવીલ કે અપવાદ નથી.

સારાંશ કે આયતે કરીમા وَخَاتَمَ النَّبِيّٖنَ (ખાતમન્નબિય્યીન)નો ભાવાર્થ ઈજમાઅ સાથે એ જ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ તમામ અંબિયા તથા રસૂલોમાં સૌથી અંતિમ નબી તથા રસૂલ છે. આપના બાદ કદાપિ કોઈ નવો નબી કે રસૂલ ન થશે.

ઉમ્મતે આ અર્થમાં એકમતિ એટલા માટે કરી કે શબ્દ ખાતમન્નબિય્યીનથી એ જ અર્થ જાહેર તથા ત્વરિત સમજાય છે. અને એટલા માટે પણ કે નબીયે અરબી ﷺ જેમના પર કુર્આન નાઝિલ થયું તેમણે પણ એનો એ જ અર્થ સમજાવ્યો, અને પોતાની મુબારક હદીષોમાં એ જ અર્થ વર્ણવ્યો. જેમ કે નજીકમાં મુબારક નબવી હદીષોના અભ્યાસથી જાહેર થશે. સરળતા માટે અમે એ હદીષોની સાત પ્રકારોમાં વહેંચણી કરીએ છીએ :

**પ્રથમ પ્રકાર** : દજ્જાલના ઝહૂર વિશે હદીષો.

**બીજો પ્રકાર** : હારૂન علیہ السلام તથા અલી رضی اللہ عنہના મર્તબા વિશે હદીષો.

**ત્રીજો પ્રકાર** : અસ્માએ નબવી (નબી ﷺનાં નામો) વિશે હદીષો.

www.barkatekhwaja.net

**ચોથો પ્રકાર** : બશારતો (મુબશ્શિરાત) વિશે હદીષો.

**પાંચમો પ્રકાર** : તમષીલે ખાતિમ વિશે હદીષો.

**છઠ્ઠો પ્રકાર** : અંબિયાની તથા રસૂલના ખલીફાઓની કયાદત વિશે હદીષો.

**સાતમો પ્રકાર** : ફરિશ્તાના ઝહૂર બાદ ઈમ્તેનાએ નબુવ્વત વિશે હદીષો.

જાણી લો કે આ સાતેવ પ્રકારો જાતે પોતે **ખત્મે નબુવ્વતના અક઼ીદાની સાત દલીલો** છે.

## ★ (પ્રથમ પ્રકાર) : દજ્જાલના ઝહૂર વિશે હદીષો ★

**હદીષ-૧** : "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યાં સુધી ત્રીસ જેટલા દજ્જાલ કઝ્ઝાબ (જૂઠા) જાહેર નહીં થાય ત્યાં સુધી કયામત નહીં આવે. તેમનામાં દરેક એ દાવો કરશે કે તે રસૂલ છે." *(સહીહ બુખારી, ૨/૧૦૫૪, કિતાબુલ ફિતન, મજલિસે બરકત, અલ જામિઅતુલ અશરફિયા, મુબારકપુર, સહીહ મુસ્લિમ, ૨/૩૯૭, જામેઅ તિર્મિઝી, ૨/૪૫)*

આ હદીષમાં અલ્લાહના રસૂલ ﷺએ એ ગયબી ખબર આપી છે કે આપના બાદ લગભગ ત્રીસ બદનસીબો રસૂલ હોવાનો દાવો કરશે અને સૌ બધા જ જૂઠા દજ્જાલ હશે.

જે વાસ્તવિકતાની વિરૂધ્ધ દાવો કરે તે કાઝિબ (જૂઠા) હોય છે, અને જે રિસાલત (રસૂલ હોવા) જેવા મહત્વના હોદ્દાનો દાવો કરી દે તે હક઼ીક઼તની વિરૂધ્ધ હોવાની સાથોસાથ અશક્ય છે, જેથી તે દજ્જાલ તથા કઝ્ઝાબ હોય છે.

અહીં સરવરે કૌનેન ﷺએ એ રિસાલતના દાવેદારોને "દજ્જાલ તથા કઝ્ઝાબ" એટલા માટે કહ્યા છે કે આપ ખાતમન્નબિય્યીન છે, આપના બાદ કોઈ નબી પેદા થશે નહીં. જેમ કે બીજી હદીષમાં આ સ્પષ્ટતા પણ છે.

**હદીષ-૨** : "હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, નજીકમાં જ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ જાહેર થશે, તેમનામાંથી દરેક એવું કહેશે કે તે નબી છે, જ્યારે કે હું ખાતમન્નબિય્યીન (સૌથી આખરી નબી) છું, મારા બાદ કોઈ નબી નથી." *(જામેઅ તિર્મિઝી, ૨/૪૫, અબ્વાબુલ ફિતન, મજલિસે બરકાત, મુબારકપુર, મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ-૧૬૫૬, મુસ્નદુલ અન્સાર, હદીષ-૨૨૭૫૭, બૈરૂત, સુનને અબૂ દાઊદ, પેજ-૪૬૪, હદીષ-૪૨૫૨, સહીહ ઈબ્ને હબ્બાન, ૧૫/૨૨૧, વસ્સુનનિલ કુબરા લિલબયહક઼ી, ૯/૧૮૧)*

www.barkatekhwaja.net

આ હદીષ એક લાંબી હદીષનો ટુકડો છે. ઈમામ હાકિમ رحمۃ اللہ علیہએ આ પૂરી હદીષ "અલ્મુસ્તદરક"માં લીધી છે, સાથોસાથ એ ખુલાસો કર્યો છે કે આ હદીષ શયખૈનની શર્ત પર સહીહ છે અને ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ તેને ટૂંકાણમાં વર્ણવી છે. જેમ કે અલ્મુસ્તદરકમાં છે : "મને અબૂ અસ્મા રજીએ જણાવ્યું કે હઝરત ષૌબાને તેમને આ હદીષ વર્ણવી કે તેમણે રસૂલુલ્લાહ ﷺને કહેતાં સાંભળ્યું, નજીકમાં જ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ પેદા થશે અને તમામે તમામ એવો દાવો કરશે કે તે નબી છે, જ્યારે કે હું સર્વ નબીઓનો ખાતિમ (અંતિમ નબી) છું, મારા બાદ કોઈ નબી નથી."

આ હદીષ શયખૈનની શર્ત પર સહીહ છે, હા ! આ સંદર્ભ (સિયાક઼)ની સાથે એમણે એની તખરીજ (તારવણી) નથી કરી અને ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ હઝરત ષૌબાનની હદીષને ટૂંકાણમાં તારવી છે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૪૪૯, ૪૫૦, કિતાબુલ ફિતન, બૈરૂત)*

**હદીષ–૩** : હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના નબી ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં સત્તાવીસ કઝ્ઝાબ તથા દજ્જાલ થશે. એમનામાંથી ચાર સ્ત્રીઓ હશે. અને હું સર્વ નબીઓનો ખાતિમ (આખરી નબી) છું, મારા બાદ કોઈ નબી નથી." *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ–૧૭૩૫, મુસ્નદુલ અન્સાર, હદીષ : ૨૩૭૫૦)*

આ દજ્જાલોમાંથી કેટલાક જાહેર થઈ ચૂક્યા છે અને કેટલાક બાકી છે, પણ જેઓ પણ જાહેર થયા તેમને ઉમ્મતે કાફિર ઠરાવી દીધા, અને જે જાહેર થશે તેમની પણ તકફીર થશે (કાફિર ઠરાવાશે), કેમ કે આ સર્વ નબુવ્વતના દાવેદારો ખુદા તઆલાના ઈર્શાદ وَخَاتَمَ النَّبِيِّنَ (નબીઓમાં સૌથી આખરી. સૂ. અહઝાબ, આ. ૩૩/૪૦)ને જૂઠાડવામાં સપડાયેલા અને મુન્કિર છે.

★ અને અલ્લાહ તઆલા ફર્માવે છે : وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الْكٰفِرُوْنَ "અને અમારી આયતોનો ઈન્કાર કાફિર જ કરે છે." *(સૂ. અન્કબૂત, ૨૯/૪૭)*

★ તેમજ રબ તઆલાનો ઈર્શાદ છે :

وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ

"અને તેઓ જેમણે કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠલાવી તેઓ જ દોઝખવાળા છે."

*(સૂ. માઈદા, ૫/૧૦,૮૬)*

★ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا صُمٌّ وَّبُكْمٌ فِى الظُّلُمٰتِ "અને જેમણે અમારી આયતો જૂઠલાવી, બહેરા તથા ગુંગા છે, અંધારાંઓમાં." *(સૂ. અન્આમ, ૬/૩૯)*

★ وَلَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا "અને તેમની ખ્વાહિશોની પાછળ ન ચાલશો, જેઓ અમારી આયતો જૂઠલાવે છે." *(સૂ. અન્આમ, ૬/૧૫૦)*

★ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَمَا كَانُوْا مُؤْمِنِيْنَ "જેઓ અમારી આયતો જૂઠલાવતા હતા તેઓ ઈમાનવાળા ન હતા." *(સૂ. અઅ્રાફ, ૭/૭૨)*

યાદ રાખશો કે આ હદીષોમાં સરકાર ﷺએ દજ્જાલોની ઓછી વત્તી જે સંખ્યા બતાવી છે એમાં "દજ્જાલે અકબર" સામેલ નથી જે કયામત નજીક જાહેર થશે, કેમ કે તે "ખુદા" હોવાનો દાવો કરશે, નબી કે રસૂલ હોવાનો દાવેદાર ન હશે.

આ હદીષો સાક્ષી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ ખાતમન્નબિય્યીન છે, જેની તફસીર ખુદ સરકાર ﷺએ વર્ણવી આપી કે : لانبیّ بعدی "મારા બાદ કોઈ નબી નથી." જેથી જે બદબખ્ત આપના પછી પોતાના માટે નબી કે રસૂલ હોવાનો દાવો કરે તે કઝ્ઝાબ તથા દજ્જાલ છે, અને આ બાબત સિધ્ધ હસ્ત સાબિત થઈ ચૂકેલ બાબતોમાંથી છે કે દજ્જાલનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી.

### ★ (બીજો પ્રકાર) હારૂન علیہ السلام તથા અલી رضی اللہ عنہના મર્તબાઓ વિશે હદીષો ★

**હદીષ–૪** : હઝરત મુસ્અબ બિન સઅદ પોતાના પિતા હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ગઝવએ તબૂકના માટે નીકળ્યા તો આપે હઝરત અલી رضی اللہ عنہને મદીના શરીફમાં જાનશીનની હૈસિયતથી છોડી આપ્યા. તેમણે અર્ઝ કરી, હુઝૂર ! આપ મને બાળકો તથા સ્ત્રીઓમાં છોડીને જઈ રહ્યા છો ?! સરકાર ﷺએ ફર્માવ્યું, શું તમે એના પર રાજી નથી કે : તમે મારા નાયબપણામાં એવી રીતે રહો જેવી રીતે મૂસા علیہ السلام જ્યારે પોતાના રબથી કલામ માટે હાજર થયા તો હારૂન علیہ السلامને પોતાના નાયબપણામાં છોડી ગયા હતા. હા ! એ ફરક છે કે હારૂન નબી હતા અને મારા બાદ કોઈ નબી નથી."

www.barkatekhwaja.net

*(સહીહુલ બુખારી, ૨/૬૩૩, કિતાબુલ મગાઝી, બાબ : ગઝવએ તબૂક, મજલિસે બરકાત, ૧/૫૨૬ મનાક઼િબે અલી ઈબ્ને અબી તાલિબ, મજલિસે બરકાત)*

મુસ્લિમ શરીફમાં ભાગ–૨માં પણ આ હદીષ આ જ પ્રમાણે વર્ણન થયેલી છે, અલ્બત્ત અહીં : لیس نبیٌّ بعدی ની જગાએ لا نبیَّ بعدی છે, એટલે કે મારા બાદ કોઈ નબી નથી. *(સહીહ મુસ્લિમ, ૨/૨૭૮, બાબુન મિન ફઝાઈલે અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ, મજલિસે બરકાત, મુબારકપુર)*

મુહદ્દિષે જલીલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની ગણત્રી પ્રમાણે આ હદીષના રાવી સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સંખ્યા ૧૮ છે. અમે અહીં તેમના જ સમૃધ્ધ કલામ (કલામે જામેઅ)ની નક઼લ પર અટકીએ છીએ. આપ رحمۃ اللہ علیہ લખે છે : ''ખાસ અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના બારામાં મુતવાતિર હદીષો છે કે નબુવ્વત ખત્મ થઈ, નબુવ્વતમાં તેમનો કોઈ હિસ્સો નથી.''

**હદીષ–૫** : ઈમામ અહમદ મુસ્નદ(માં) અને બુખારી તથા મુસ્લિમ તથા તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજહ સિહાહ(માં), ઈબ્ને અબી શયબા સુનન(માં), ઈબ્ને જરીર તહઝીબુલ આષારમાં બુતરકે અદીદા કષીરા સૈયદના સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ(થી).[૨] *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ–૧૬૦, મુસ્નદુલ અશ્રા, સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ, હદીષ : ૧૫૩૨, સહીહ બુખારી, ૨/૬૩૩, ૧/૫૨૬, સહીહ મુસ્લિમ, ૨/૨૭૬, જામેઅ તિર્મિઝી, ૨/૨૭૮, સુનનિલ કુબરા લિલ ઈમામિન્નિસાઈ, ૭/૪૧૦, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦, અલ મુસન્નફે લિ ઈબ્ને અબી શયબા, ૧૭/૯૯,૧૦૦)*

**હદીષ–૬** : અને હાકિમ બતસ્હ઼ીહે અસ્નાદ મુસ્તદરક(માં) અને તિબ્રાની મોઅજમે કબીર તથા વસીત(માં) અને અબૂ બક્ર આકૂલી ફવાઈદમાં અને ઈબ્ને મરદુવિયહ મતૂલન અને બઝ્ઝાર બતરીક઼ે અબ્દુલ્લાહ ઈબ્ને બુકૈર અન હકીમ ઈબ્ને જુબેર અન હસન ઈબ્ને સઅદ મૌલા અલી(થી).

★ અને ઈબ્ને અસાકિર બતરીક઼ે અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અક઼ીલ અન અબિયહ અન જદ્દિહી અક઼ીલ અમીરુલ મોમિનીન મૌલા અલી (થી). *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન લિલ્હાકિમ, ૩/૧૦૮, ૧૦૯, વધુ હવાલા અસલ ઉર્દૂ કિતાબ અહાદીષે સહીહૈનસે ગૈર મુક઼લ્લિદીનકા ઈન્હેરાફ, પેજ–૧૦૧ માં જુઓ)*

**હદીષ–૭** : અને અહમદ તથા હાકિમ તથા તિબ્રાની તથા ઓક઼ૈલી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ(થી). *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૨૭૩, મુસ્નદે આલિલ અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હદીષ–૩૦૬૨, વધુ હવાલા અસલ ઉર્દૂ કિતાબમાં જુઓ)*

**હદીષ–૮** : અને અહમદ હઝરત અમીર મુઆવિયહ(થી). *(ફઝાઈલે સહાબા લિલ ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ૨/૫૬૬, ૫૬૭, ફઝાઈલે અલી رضی اللہ عنہ દારુલ ઈલ્મ લિલતબાઅત વન્નશ્ર, અલ મમ્લિકતિલ અરબિય્યહ)*

**હદીષ–૯** : અને અહમદ તથા બઝ્ઝાર તથા અબૂ જઅફર મુહમ્મદ તિબરી તથા અબૂ બકર મતીરી, હઝરત અબૂ સઈદ ખુદરી(થી). *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ–૭૯૮. વધુ હવાલા મૂળ કિતાબમાં જુઓ)*

**હદીષ–૧૦,૧૧** : અને તિર્મિઝી બઈફાદાએ તેહસીન હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી મુસ્નદન્ અને હઝરત અબૂ હુરૈરહથી તઅ્લીકન્. *(જામેઅ તિર્મિઝી, ૨/૨૧૪, કિતાબુલ મનાક઼િબ صلی اللہ علیہ وسلم, બાબુ મનાક઼િબે અલી)*

**હદીષ–૧૨** : અને તિબ્રાની કબીર અને ખતીબ

www.barkatekhwaja.net

અલ કિતાબુલ મુત્તફિક્ વલ મુતફર્રિક્માં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર(થી). *(અલ મોઅજમુલ કબીર લિલ્ તિબ્રાની, ૧૩/૧૭૭......)*

**હદીષ–૧૪ થી ૨૦ :** અને તિબ્રાની કબીરમાં હઝરત બરાઅ ઈબ્ને આઝિબ તથા ઝયદ બિન અરકમ તથા હુબ્શી બિન જુનાદા તથા જાબિર બિન સમુરા તથા માલિક બિન હુવૈરિષ તથા હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા તથા ઝવજએ (પત્ની) અમીરુલ મો'મિનીન અલી હઝરત અસ્મા બિન્તે અમીસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن થી રાવી :–

હુઝૂર પૂરનૂર ﷺએ ગઝવએ તબૂક જતી વખતે અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને મદીનામાં છોડયા. અમીરુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂર ! મને બાળકો તથા સ્ત્રીઓમાં છોડીને જઈ રહ્યા છો ?! ફર્માવ્યું :–

★ મુસ્નદ તથા મુસ્તદરકમાં હદીષ ઈબ્ને અબ્બાસ આ પ્રમાણે છે : "શું તમે રાજી નથી કે તમે મારા જાનશીન રહો હારૂનની જેમ કે જે મૂસા علیہ السلام ના જાનશીન બન્યા પણ એ કે તમે નબી નથી. (અને હારૂન علیہ السلام નબી હતા) *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૨૭૩)*

★ મુસ્નદે ઈમામ અહમદમાં હદીષ અમીર મુઆવિયહ رضی اللہ عنہ થી આ પ્રમાણે છે : કોઈએ તેમનાથી એક મસ્અલો પૂછયો. ફર્માવ્યું, મૌલા અલીથી પૂછો, તે અઅલમ (જાણકાર) છે. સવાલ કરનારે પૂછયું, હે અમીરુલ મો'મિનીન ! મને આપનો જવાબ તેમના જવાબથી અધિક મેહબૂબ છે. ફર્માવ્યું, "તેં સખત બુરી વાત કહી ! એવાને નાપસંદ કર્યું જેમના ઈલ્મની નબી ﷺ ઈજ્જત કરતા હતા અને બેશક ! હુઝૂરે એમને ફર્માવ્યું, "તને મારાથી તે નિસ્બત છે જે હારૂનને મૂસા علیہ السلام થી, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી." અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہ ને જ્યારે કોઈ વાતમાં શંકા થતી તો તેમનાથી માલૂમ કરતા. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن *(કિતાબુલ ફઝાઈલિસ્સહાબા લિલ ઈમામ અહમદ બિન હંબલ, ૨/૫૬૬,૫૬૭, ફઝાઈલે અલી رضی اللہ عنہ...)*

**હદીષ–૨૧ :** અબૂ નુઐમ "હિલ્યતુલ અવલિયા"માં હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રાવી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હે અલી ! હું નબુવ્વતના મનાસિબે જલીલા (મહાન મર્તબાઓ હોદ્દાઓ), ખસાઈસે કષીરા જઝીલા (પુષ્કળ ખૂબ જ અધિક વિશિષ્ટતાઓ, ખૂબીઓ)માં તમારા પર ગાલિબ છું, અને મારા બાદ નબુવ્વત (નબી થવું) મુદ્દલે નથી.

★ ઈબ્ને અબી આસિમ અને ઈબ્ને જરીર બઈફાદાએ તસ્હીહ અને તિબ્રાની અવસત અને ઈબ્ને શાહીન કિતાબુસ્સુન્નહમાં અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે : "હું બીમાર હતો. ખિદમતે અક્દસ હુઝૂર ﷺમાં હાજર થયો. હુઝૂરે મને પોતાની જગાએ ઉભો કર્યો અને ખુદ નમાઝમાં મશગૂલ થયા. રિદાએ મુબારક (ચાદર)નો છેડો મારા પર નાખી દીધો. પછી ફર્માવ્યું : "હે ઈબ્ને અબી તાલિબ ! તમે સારા થઈ ગયા. તમારા પર કોઈ તકલીફ નથી. મેં અલ્લાહ عزوجل થી જે કાંઈ મારા પોતાના માટે માગ્યું તો તમારા માટે પણ એના જેવો સવાલ કર્યો, અને મેં જે કાંઈ ચાહ્યું, રબ عزوجل એ મને અતા કર્યું, પણ મને એ ફર્માવવામાં આવ્યું કે, "તમારા બાદ કોઈ નબી નથી." *(તક્રીબુબ્બગિયહ અહાદીષુલ હિલ્યહ, ૩/૮૨, બાબુન ફી ફઝ્લિ અલી બિન અબી તાલિબ, દારુલ કુતુબુલ ઈલ્મિયહ, બૈરૂત)*

મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે કે "હું તે જ વખતે એવો તંદુરસ્ત થઈ ગયો કે જાણે બીમાર જ ન હતો. *(જઝાઉલ્લાહ અદુવ્વહ...... લિલ્ઈમામુલ મુહદ્દિષ અહમદ રઝા ક઼ાદરી, પેજ–૪૬ થી ૪૮, ક઼ાદરી બુક ડેપો, બરેલી)*

**હદીષ–૨૨ :** ખતીબ, હઝરત અમીરુલ

www.barkatekhwaja.net

મો'મિનીન ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہથી રાવી (રિવાયત કરે છે) રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''અલી એવા છે જેવા કે મૂસાથી હારૂન (કે ભાઈ પણ અને નાયબ પણ) પણ મારા બાદ કોઈ નબી નથી.''

**હદીષ–૨૩ :** ઈમામ અહમદ ''મનાક઼િબે અમીરુલ મો'મિનીને અલી''માં સંક્ષિપ્તમાં, અને બગ્વી તથા તિબ્રાની પોતાની મુઆજીમ(માં), બાવર્દી મઅરિફત(માં), ઈબ્ને અસાકિર તારીખ (તારીખે મદીના દમિશ્ક : ઈબ્ને અસાકિર)માં....સૌ ઝયદ બિન અબી અવફા رضی اللہ عنہથી હદીષે તવીલ મવાખાતે સહાબામાં રાવી, વ હાઝલ હદીષુ અહમદ. *(ફઝાઈલુસ્સહાબા લિલ્ ઈમામ અહમદ બિન હંબલ, ૨/૬૩૯–૬૩૮)*

જયારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દરમિયાનમાં ભાઈચારો કર્યો, તો અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, મારી જાન નીકળી ગઈ અને પીઠ તૂટી ગઈ એ જોઈને કે હુઝૂરે સહાબીઓ સાથે (એ વર્તાવ) કર્યો જે મારી સાથે ન કર્યો. એ જો મારાથી કોઈ નારાજીના કારણે છે તો હુઝૂરના માટે જ મનાવવું અને ઈજ્જત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''કસમ તેની જેણે મને હક્ક઼ની સાથે મોકલ્યો ! મેં તમને ખાસ મારા માટે રાખી મૂક્યા છે, તમે મારા સાથે એવા છો જેવી રીતે હારૂન, મૂસાથી, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી, તમે મારા ભાઈ તથા વારસ છો.

અમીરુલ મો'મિનીને અર્ઝ કરી, મને હુઝૂરથી શું વારસો મળશે ? ફર્માવ્યું, જે આગલા નબીઓને મળ્યો. અર્ઝ કરી, તેમને શું મઈયો હતો ? ફર્માવ્યું, ખુદાની કિતાબ, અને નબીની સુન્નત. અને તમે મારી સાથે જન્નતમાં મારી સાહબઝાદી સાથે મારા મહેલમાં હશો અને તમે મારા ભાઈ તથા રફીક છો.''

**હદીષ–૨૪ :** ઈબ્ને અસાકિર બ તરીક઼ે અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અક઼ીલ અન અબીહિ અન જદ્દિહી અક઼ીલ બિન અબી તાલિબ رضی اللہ عنہ રિવાયત કરે છે : હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ હઝરત અક઼ીલ رضی اللہ عنہથી ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! હું તમને બે બાજુથી દોસ્ત (પ્રિય) રાખુ છું : એક તો સગાઈ, બીજુ એ કે અબૂ તાલિબને તમારાથી મહોબ્બત હતી. હે જઅફર ! તમારા અખ્લાક઼ મારા અખ્લાક઼ે કરીમાથી મળતા જુલતા છે. તમે હે અલી ! મારા સાથે એવા છો જેવી રીતે મૂસા, હારૂન સાથે, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી. صلی اللہ علیہ وسلم (ઉપર મુજબ) (ક્રમશઃ)

**નબીઓ બાદ સૌથી અફઝલ હસ્તી એટલે પ્રથમ ખલીફા સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ (ઉર્સ : ૨૨ જ.આખર)ના જશ્નની ઠેરઠેર ધૂમ મચી !**

**દયાદરા :** ખાતે તા. ૮–૧–૨૦૨૩ રવિવારે ઈશા બાદ સુન્ની દાવતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં તેમજ જુમ્આના બયાનમાં તેમજ સોમવાર તા. ૧૬–૧–૨૦૨૩ના રોજ પણ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) સાહબે શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہમા બયાનો કર્યા હતાં તે ઉપરાંત **ભોલાવ :** મદીના મસ્જિદ ખાતે શાને સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہમાં હાફિઝ ઈસાર સાહબે નઅત તથા મન્ક઼બત પેશ કરી હતી તેમજ હાફિઝ અ. રહીમ બરકાતી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. એ જ પ્રમાણે નૂરી તર્બિયતી સેન્ટર, જંબુસર, આઈશા મસ્જિદ–જંબુસર, સરફરાઝ પાર્ક, ફાતિમા મસ્જિદ–ભરૂચ, મસ્જિદે રઝા–બોડેલી, પીર છત્તર મસ્જિદ–ભરૂચ.. વગેરે ઠેક ઠેકાણે અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ), મૌલાના મુબારક સાબરી, મૌલાના જાબિર રૈહાની તથા અન્ય ઉલમા, મુબલ્લિગોના બયાનો થયાં હતાં. ઉપરાંત ગુજરાતભરમાં વિવિધ સ્થળે જશ્ને સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ મનાવાયો. *–તંત્રી..*

www.barkatekhwaja.net



# વર્તમાન યુગમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના વિચારોનું મહત્વ

રજૂકર્તા : મુફ્તી પટેલ અબ્દુર્રહમાન
મિસ્બાહી નક્શબંદી

આ'લા હઝરત ઈમામ અહમદ બરેલ્વી رحمۃ اللہ علیہ (૧૨૭૨ હિ.સ.થી ૧૩૪૦ હિ.સ.) પોતાના સમયના અનુપમ ફકીહ, મુહદ્દિષ તથા બુદ્ધિજીવી હતા. તે ઉમ્મતની આંતરિક અને બાહ્ય સમસ્યાઓ પર ઊંડી નજર રાખતા હતા. ઉમ્મતની કામયાબી માટે બેચેન અને મુસલમાનોની કરૂણાજનક હાલત વિશે ફિકરમાં ડૂબેલા રહેતા હતા. મુસલમાનોની ખોવાયેલી ગરીમાને પરત લાવવા માટે પ્રયત્નશીલ રહેતા હતા. તે મુસલમાનોને દીન, તા'લીમ, ધંધા, હુનર, રાજનીતિ તથા પત્રકારિતા દરેક મેદાનમાં શ્રેષ્ઠ અને કામયાબ જોવા માગતા હતા. ઈસ્લામી મૂલ્યો તથા રિવાયતો (રિવાજ)નો ફેલાવ તેમનો મક્સદ હતો. મુસલમાનોના ઈમાન તથા અકીદાની રક્ષા તેમની પ્રાથમિક ચિંતા હતી. આ પવિત્ર ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે તે સખત પ્રયત્નો કરતા હતા. તે પોતાની કિતાબો દ્વારા મુસ્લિમ કૌમને ઝંઝોળ્યા કરતા હતા. તેમને કૌમને ગફલતની નિદ્રાથી જાગૃત કરવા તેમને તપાવ્યા કરતા હતા. તેમની કામયાબી માટે રેહનુમાઈ કરતા હતા, તેમને અપમાનથી બચાવવા માટે ઈત્તેહાદ અને એકતાની દા'વત આપતા હતા. મુસલમાનોને ગૈરો પર નિર્ભર રહેવાથી બચાવવા માટે દરેક મેદાનમાં આગળ આવવા માટે પ્રોત્સાહિત કરતા હતા. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબો અને આપના લખાણોમાં તેમના ઉચ્ચ વિચારો અને ઊંડી સમજ ખૂબ સ્પષ્ટ રૂપે જોવા મળે છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો વિસાલ થવાને સો વરસથી વધુ સમય ગુજરી ચૂક્યો છે, પરંતુ તેમના વિચારોનું મૂલ્ય આજે પણ એ જ રીતે બાકી છે, બલ્કે તેના ફાયદાઓમાં દિવસે દિવસે વધારો થાય છે. રોજ ને રોજ "ફિક્રે રઝા"ના નવા વિભાગો સામે આવી રહ્યા છે, નવી નવી દિશાઓની શોધ થઈ રહી છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ વિચારો કુર્આન તથા હદીષમાંથી લીધેલા છે. એટલા માટે જ તેની ઊંડાઈ અને તેના મહત્વ પર પૂરી એક સદી ગુજરી ગઈ હોવા છતાં કાંઈ ફરક પડી રહ્યો નથી. હવે અમે આપના વિચારોના મહત્વ વિશે થોડીક વાત કરીશું.

## ★ મીડિયાની જરૂરત અને તેનું મહત્વ ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો વિસાલ થવાને સો વરસથી વધુ સમય વીતી ગયો છે, જાહેર છે કે તેમના સમયમાં મીડિયાનો વપરાશ આટલા પ્રમાણમાં ન હતો, તેની અસર પણ દરેક ક્ષેત્રમાં ન હતી. પરંતુ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની ભવિષ્ય જોનારી આંખ મીડિયાની વધતી અસરોથી બેખબર ન હતી. તેમણે એક સદી પહેલાં જ તેની વિશ્વવ્યાપી અસરને ફક્ત મેહસૂસ જ ન કરી હતી બલ્કે એ ક્ષેત્રમાં કૌમને માહિતગાર કરવાની કોશિશ પણ કરી હતી. તેમણે લખ્યું :–

"(હે મુસ્લિમો !) તમારા ધાર્મિક સમાચાર પત્રો પ્રકાશિત થવાં જોઈએ, અને સમયે સમયે દરેક પ્રકારના દીનના સમર્થનના લેખો આખા દેશમાં કિંમત સાથે તથા વગર કિંમતે, રોજ નહીં તો કમસે કમ સાપ્તાહિક પહોંચતા રહે.

*(ફતાવા રઝવિય્યા, ભાગ : ૧૨, પેજ : ૧૩૩)*

આ તે સમયના મીડિયાનું સ્વરૂપ હતું, આજે જ્યારે નવા નવા શ્રોતો બની ચૂક્યા છે, મીડિયાના અસંખ્ય વિભાગો બની ગયા છે, એવામાં ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہના ઉપરોક્ત લખાણને આ

www.barkatekhwaja.net

બેકગ્રાઉન્ડમાં સમજવાની જરૂર છે.

અફસોસ એ વાતનો છે કે એક સદીના લાંબા ગાળામાં ઈમામે એહલે સુન્નતના નામ પર પોતાની રોટલી શેકનારી હજારો સંસ્થાઓ તો બની ગઈ, સેંકડો એકેડમીઓ તો કાયમ થઈ, ખાનકાહોએ મહેલ જેવી ઈમારતો તો બનાવી લીધી, નીચલા દરજ્જાના મતભેદો પર ડઝનબંધ કિતાબો તો છપાઈ ગઈ, તે મર્દે હક્કના નામ પર હજાર જલ્સા પણ થઈ ગયા, પરંતુ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની ઉપરોક્ત સૂચના પર અમલ ન થયો. આજે મુસલમાનો પાસે કોઈ એવું સમાચારપાત્ર નથી જેનું પ્રભાવક્ષેત્ર આખું ભારત હોય, આજે આપણી પાસે એવું કોઈ મીડિયા સેન્ટર નથી જ્યાંથી મુસલમાનો પર લગાડવામાં આવતા આરોપોનું ખંડન કરવામાં આવે. આજે જ્યારે કે દેશમાં પરિસ્થિતિ ખરાબ થઈ ગઈ છે, મીડિયામાં મુસલમાનોની વિરુદ્ધ ઝેર ફેલાવનારી પ્રશિક્ષિત ટીમ લગાતાર નફરત ફેલાવી રહી છે, મીડિયાના સહારે આપણા દેશબંધુઓના દિલોમાં આપણા પ્રત્યે દુશ્મનીની આગ ભડકાવવામાં આવી રહી છે, મુસલમાનોને પોતાની સફાઈનો પણ મોકો નથી મળ તો, એવામાં ઈમામે એહલે સુન્નતના ઉપરોક્ત લખાણનું મહત્વ બમણુ વધી જાય છે. હે કાશ ! હવે તો ભારતના મુસ્લિમોની લીડરશીપના દાવેદાર "કાઈદો" (લીડરો) આ બાબતે અમાનની કોશિશ નિખાલસપૂર્વક કરે.

## ★ મતભેદથી બચીને એકતાની રાહ પર આવવું જરૂરી ★

આજે મુસ્લિમો વૈશ્વિક સ્તરે પણ ભાગલાબંધીમાં સપડાયેલા છે અને દેશના સ્તરે પણ તેમનુ કોઈ એકત્રિત સંગઠન નથી. તેમનું કોઈ મજબૂત પ્લેટફોર્મ નથી. તેમની કોઈ સર્વ સંમતીવાળી લીડરશીપ નથી. આમ તો ભારતની દરેક ગલીમાં "કાઈદે એહલે સુન્નત" બલ્કે એનાથી પણ વધીને "કાઈદે ઈસ્લામ" તમને મળી આવશે. ક્યારેક સમય મળે તો જલસાઓ અને કોન્ફરન્સોમાં જઈ આવો, ત્યાં તો વ્યાજબી ભાવે જુદા જુદા ક્ષેત્રોના "ફાતેહીન" પણ મળી જશે, પરંતુ મિલ્લતના સાચા પરોપકારી, કૌમના સાચા હમદર્દ અને દીનના નિખાલસતાવાળા ખાદિમોનું મળવું બહુ મુશ્કેલ છે.

ઉલમાના આપસના ભાગલા, હસદ, અદેખાઈ અને દુશ્મનીએ મિલ્લતને જે નુકસાન પહોંચાડયું છે અને આખી કૌમને બર્બાદીના જે છેડે પહોંચાડી દીધી છે, તે કોઈનાથી છુપું નથી. જે ઉલમાના ખભાઓ પર કૌમની લીડરશીપનો ભાર મૂકવામાં આવ્યો છે તેઓ પોતાની ઈલ્મી તથા વૈચારિક શક્તિઓ એકબીજાની ટોપી ઉછાળવામાં વાપરી રહ્યા છે. જેમણે એકતા અને સદ્ભાવનાની રાહો ખોલવાની હતી તેઓ પોતે જ મતભેદોના રવાડે ચઢી રહ્યા છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ મુસલમાનોની આપસી એકતા મક્કમ કરવા પર જોર આપ્યું છે. આ બાબતે બહુ વિચારપ્રેરક વાત લખી છે :–

"ખાલિસ (પ્યોરલી) એહલે સુન્નતના એક કૌમી સંગઠનની સખત જરૂરત છે, પણ તેના માટે ત્રણ વસ્તુઓ બહુ જરૂરી છે : (૧) ઉલમાનો ઈત્તેફાક (એકમતી) (૨) તાકત મુજબ તકલીફો વેઠવી (૩) માલદારોનો ઈત્તેફાક જેમાં સારો વર્તાવ પણ હોય. અહીં તો આમાંથી એક પણ નથી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૨, પેજ : ૧૩૨)*

ઈમામે એહલે સુન્નતના આ લખાણમાં કેટલી ઊંડાઈ છે અને આજની પરિસ્થિતિઓમાં આ વાતનું મહત્વ કેટલે સુધી વધી ગયું છે તેનો અંદાજો દરેક બુદ્ધિમાન વ્યક્તિ લગાડી શકે છે. આજે ઉલમાના એક તબકા એ(વર્ગે) ઈખ્તેલાફ (મતભેદ)ને પોતાની રોજી રોટી બનાવી લીધી છે, તેમની સહનશીલતા તથા

www.barkatekhwaja.net

સંયમની તાકતની હાલત એવી છે કે મિજાઝ વિરુદ્ધનાં એક બે વાક્યો પણ સામે આવી જાય તો જવાબ તથા જવાબના જવાબોની લાંબો દોર શરૂ થઈ જાય છે ! અઢળક પેજ કાળા કરી નાખવામાં આવે છે !

આપણા અમીરો તથા માલદારોને તો કૌમની તરક્કી અને ભલાઈ જોડે કાંઈ લેવા દેવા જ નથી ! તેમના મહેલો આબાદ હોય તો બીજાના ગમમાં કેમ પડી રહે ?!

જરા ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہના નીચે આવી રહેલા ચિંતનમય લખાણને વાંચો અને પોતાની આસપાસના માહોલને જુઓ તો આશ્ચર્ય થશે અને ફિક્હે રઝાનું મહત્વ પણ સમજાશે. આપે લખ્યું છે :–

''ઉલમાના ઈત્તેફાકનો એ હાલ કે હસદનું બજાર તેજી પર છે, એકનું નામ ખાલી ખાલી પણ મશહૂર થઈ જાય તો ઘણા બધા સાચા તેના વિરોધી થઈ જાય, તેની બુરાઈ તથા તૌહીનમાં ગુમરાહો જેવી ભાષા બોલે કે, હેં ! લોકો તેને પૂછે છે અને અમને નથી પૂછતા ! હવે બતાવો ? તે કૌમ જે પોતાનામાં કોઈ ફઝીલતવાળાને ન જોઈ શકે, પોતાના અધૂરાઓને કામિલ (પૂર્ણ) અને ઓછા કમાલવાળાઓનું ફઝીલતવાળા બનાવવા માટે કેવી રીતે કોશિશ કરશે ? અલ્લાહની પનાહ ! આ હાલ બધાનો નથી પણ الاکثر حکم الکل *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૨, પેજ : ૧૩૩)*

વર્તમાનકાળના તલ્વાર લઈને દોડનારા ઉલમાએ, ફિક્હે રઝાના આ વિભાગનું અધ્યયન ઈબ્રતવાળી આંખોથી કરવું જોઈએ.

''જ્યાં મતભેદ ફુરૂઈ (નીચલા દરજ્જાના કોઈ મસ્અલામાં) હોય જેમ કે હનફી, શાફઈ વગેરેનો આપસી મતભેદ, એહલે સુન્નતના આવા વિભાગોમાં એકબીજાને બુરું કહેવું જાઈઝ નથી, અને ગાળ કે અશ્લીલ વાત જેનાથી દિમાગ ગંદુ થાય કોઈને પણ ન અપાય.'' *(અલ્ મલ્ફૂઝ, ભાગ : ૧, પેજ : ૭૨)*

## ★ નવી પેઢીને ઈલ્મ આપવાની જરૂરત ★

ઈલ્મ તરક્કીની પ્રથમ સીડી છે, ભલે દીનનો ઈલ્મ હોય કે પછી દુનિયાનો. કામયાબી તથા બુલંદી એના વગર શક્ય નથી. આ વાત બીજી કૌમની સમજમાં તો આવી ગઈ પરંતુ મુસલમાન એનાથી ગાફેલ રહી ગયા ! ખાસ કરીને ભારતમાં આ બાબતે જે લાપરવાહીઓ થઈ છે તેનાં ખતરનાક પરિણામો ધીરે ધીરે સામે આવી રહ્યાં છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ પોતાના સમયમાં ભારતના મુસ્લિમોને વારંવાર ઈલ્મ હાંસલ કરવા માટે ઉભાર્યા હતા. તેમણે મોટા તા'લીમી ઈદારા ઊભા કરવા માટે તૈયાર કરવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો હતો. કૌમના માલદારોને પણ આ વિશે મદદ માટે આગળ આવવાનો ભરપૂર આગ્રહ કર્યો હતો. આપે લખ્યું હતું :–

''અઝીમુશ્શાન (મોટા મોટા) મદરસા ખોલવામાં આવે અને કાયદેસરની તા'લીમ થાય.''

મુસલમાનોએ આ બાજુ ધ્યાન ન આપ્યું, તેઓ પરિસ્થિતિની જટિલતાથી બેખબર રહ્યા. એટલા માટે આ મેદાનમાં વરસો પાછળ રહી ગયા. ભારતીય મુસ્લિમોના તા'લીમી પછાતપણા અને બેદરકારીનું અલ્લામા સુલેમાન અશરફ બિહારી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ''અન્ નૂર''માં જબરદસ્ત વિશ્લેષણ કર્યું છે. તેમના આવનારા શબ્દો ઈબ્રત સાથે પઢવા લાયક છે :–

''આ સમયે ભારતની કોલેજોની કુલ સંખ્યા ૧૨૫ છે. ત્રણ મુસ્લિમોની અને ૧૨૨ હિંદુઓની. એમાંથી જો સરકારી કોલેજોને જેની સંખ્યા ૩૪ છે, અલગ કરી લેવામાં આવે તો પણ ૮૮ કોલેજો હિંદુઓની થાય છે, જેમાંથી ૨૨ કોલેજો એવી છે જેમાં ગવર્નમેન્ટની કોઈ સહાય સામેલ નથી. ૬૬ કોલેજો એવી છે જેમાં ગર્વમેન્ટ સહાય કરે છે. ૩ અને ૮૮ની સંખ્યા પર

www.barkatekhwaja.net

જરા વિચાર કરો, પછી તા'લીમને મિટાવી દેવાનો ફેંસલો કરજો.

બધી કોલેજોમાં ભારતીય વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૬ હજાર ચારસો સાડત્રીસ છે, જેમાંથી મુસ્લિમ વિદ્યાર્થીઓ ચાર હજાર આઠસો પંચોતેર છે. હિંદુ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૧ હજાર પાંચસો બાસઠ છે. કહેવાય છે કે હિંદુ ચોવીસ કરોડ અને મુસલમાન સાત કરોડ છે. આ હિસાબે જ્યારે મુસ્લિમોની ત્રણ કોલેજો (અલીગઢ, લાહોર, પેશાવર) છે તો હિંદુઓની બાર હોવી જોઈતી હતી.'' મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર હજાર હતી તો હિંદુ સોળ હજાર હોવા જોઈતા હતા. *(અન્ નૂર, પેજ : ૧૯૬)*

અલ્લામા સુલેમાન અશરફ બિહારી رحمۃ اللہ علیہનું આ વિશ્લેષણ ઈ.સ. ૧૯૨૦ અને એનાથી પહેલાંની મુસ્લિમોની તા'લીમી હાલત દર્શાવે છે, અને એ ક્ષેત્રમાં મુસલમાનોની ઉદાસીનતાને પણ જાહેર કરે છે, અને એ વાતને પણ સ્પષ્ટ કરે છે કે ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ શા માટે મોટા મદ્રસાઓ બનાવવા પર આટલું બધું જોર આપ્યું હતું. ભારતના શહેરોમાં આજે પણ મુસ્લિમોનું તા'લીમી પ્રમાણ આનાથી કાંઈ વધારે નથી. બલ્કે તા'લીમી સંસ્થાઓ સ્થાપવાની જરૂરત કાલ કરતાં આજે વધારે છે, હવે તો ઈસ્લામી ઓળખ સાથે મોટી તા'લીમી સંસ્થાઓમાં આપણા યુવાનોનું તા'લીમ મેળવવું વધુ મુશ્કેલ થતુ જઈ રહ્યું છે. **થોડાક મહિના પહેલાં કર્ણાટકમાં હિજાબવાળી છોકરીઓને કોલેજો અને યુનિવર્સિટીઓમાં કેટલી મુસીબતો વેઠવી પડી તે બધાને ખબર છે. સેંકડો છોકરીઓએ પોતાની ઈજ્જતની રક્ષા માટે તા'લીમ બંધ કરવી પડી.** આપણે આ બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ અને મોટા મોટા દીની તથા દુનિયાવી તા'લીમાતના ઈદારા બનાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ, અને પહેલાંથી કાયમ થયેલા મોટા ઈદારાઓને મજબૂત કરવા જોઈએ. આ જ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની વિચારધારા છે જેને અમલમાં લાવવી તેમના માનનારાઓની જવાબદારી છે.

## ★ આર્થિક મજબૂતીની જરૂરત ★

ભારતીય મુસ્લિમો જ્યાં સેંકડો સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે, ત્યાં એમની એક મોટી સમસ્યા આર્થિક સંકટની પણ છે. મુસ્લિમ યુવાનો નોકરી પાછળ પોતાની ઉંમર બગાડી રહ્યા છે, તિજારત (ધંધા)થી દૂર ભાગે છે, આપણા જે લોકો ધંધામાં લાગેલા છે તેઓ પોતાની બેવકૂફીઓના લીધે નિષ્ફળ છે. તેઓ ધંધાના સિદ્ધાંતો જાણે છે ન તો પોતાના અખ્લાક઼થી કોઈને પ્રભાવિત કરી શકે છે. **આપણા વધુ પડતા યુવાનો નાના મોટા ધંધાને એબ સમજે છે. આ પરિસ્થિતિ ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہના સમયમાં પણ હતી અને આજે પણ છે, બલ્કે આજની કમરતોડ મોંઘવારીમાં આર્થિક સંકટ વધી ગયો છે.** ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ મુસલમાનોને તિજારતથી દૂર રહેવા બાબતે ફટકાર સંભળાવતાં લખે છે :–

''મુસલમાનો પોતાને બાદશાહોની ઓલાદ અને ખાનદાની (ઉચ્ચ સ્ટેજવાળા) સમજવાના લીધે **હુનર શીખવા અને ધંધો કરવાને એબ સમજે છે, જો કે આ લોકો જ ઝિલ્લતની નોકરીઓ કરવા, નોકરી માટે આમતેમ ભટકવા, હરામ કામો કરવા, હરામ માલ ખાવાને ફખ્ર તથા ઈજ્જત સમજે છે !** જો અમુક આપણા ભાઈઓ ધંધો કરે છે તો ખરીદી કરનારાઓમાં એટલી બુદ્ધિ નથી કે પોતાની ક઼ૌમ પાસેથી ખરીદે, ભલે બે પૈસા મોંઘું કે નફો થશે તો મારા ભાઈનો જ થશે ! બીજી બાજુ મુસ્લિમ દુકાનદારોની એ હાલત છે કે હિંદુ રૂપિયામાં એક આનો નફો લે તો મુસલમાન સાહેબ ચાર આનાથી ઓછા પર રાજી નથી. વળી મજાની વાત એ કે માલ



www.barkatekhwaja.net

પણ પેલાથી હલ્કો બલ્કે ખરાબ ! આ બધી વાતો ધંધાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૨, પેજ : ૧૭૮)*

ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہનો હક઼ીક઼તો પર આધારિત આ અભિપ્રાય ઉમ્મતે મુસ્લિમા માટે દરેક યુગમાં રોશનીની મશાલ સમાન છે. આજે જ્યારે કે નોકરીઓ ખૂબ જ ઓછી છે, આર્થિક સંકટ કેટલાય દરજ્જા વધીને છે, એવામાં તિજારત આર્થિક મજબૂતીનો સૌથી પ્રભાવકારી અને સરળ રસ્તો છે.

## ★ ઈસ્લામી આઈડેન્ટિટી (ઓળખ)ની રક્ષાની જરૂરત ★

મુસલમાનો માટે ભારતમાં આ બહુ નાઝુક સમય છે, તેમના પર ચારે તરફથી હુમ્લા થઈ રહ્યા છે, એક તરફ તેમના અસ્તિત્વને ઘણા વર્ષોથી ખતરો લાગેલો છે, બીજી તરફ તેમની સંસ્કૃતિ મિટાવવાના દરેક શક્ય પ્રયાસ થઈ રહ્યા છે. મુસલમાનોથી સંબંધિત યાદગારોનો નાશ કરવાનો મન્સૂબો તૈયાર છે અને તેના પર અમલ પણ થઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં મુસલમાનો માટે પોતાની મઝહબી આઈડેન્ટિટીની રક્ષા એક જટિલ સમસ્યા બની ગઈ છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ મુસલમાનોની ધાર્મિક આઈડેન્ટિટી બાબતે ચિંતિત રહ્યા કરતા હતા. આપે પોતાના લખાણોમાં આ વિશે ઘણી જગાએ માર્ગદર્શન આપ્યું છે. ઈમાન તથા અક઼ીદાની પુખ્તગીની સાથે ધાર્મિક આઈડેન્ટિટીની રક્ષા પર પણ જોર આપ્યું છે. "મક઼ામિઉલ્ હદીદ"માં આપનું આ લખાણ વાંચવા લાયક છે :–

**"તમારા સૌના માટે સૌથી મહત્વની વાત એ છે કે દીન પર મજબૂતીથી અમલ કરો, પહેલાંના લોકોને દીન પર અમલના કારણે જ વિશ્વવ્યાપી વિજય પ્રાપ્ત થયો હતો, દીન પર અમલમાં જ્યારથી ઢીલ થવા લાગી છે ત્યારથી મુસલમાન દિવસે દિવસે બર્બાદ થઈ રહ્યા છે.** વર્તમાન સમયની સંગીની અને ભવિષ્યના ખતરાઓને જોતાં પોતાના માટે અને પોતાના બાળકો માટે દીનની તા'લીમ લાઝિમ કરી લો અને ગમે તે સ્થિતિમાં પોતાના અક઼ીદા, રસ્મો રિવાજ તથા ધાર્મિક વિશિષ્ટતાઓની રક્ષામાં હમેશાં ચુસ્ત રહો." *(મક઼ામિઉલ હદીદ, ૬૨)*

વિષય ઘણો લાંબો છે અને કોલમના પેજ ગણતરીના છે એટલા માટે પોતાની વાત ઉસ્તાદે મોહતરમ હઝરત મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી دامت ظلہ العالیના આ વ્યાપક અભિપ્રાય પર ખત્મ કરું છું :

"ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નિઃશંક ! મહાન મુજદ્દિદ તથા વિચારક હતા. તેમની સાવધાન નજર જમાઅતની સમસ્યાઓ પર પણ હતી અને મુસ્લિમોની વૈશ્વિક સમસ્યાઓ પર પણ હતી. એક સાચા લીડરની નજર ફક્ત મસ્જિદ મદ્રસા સુધી મર્યાદિત નથી હોતી, તેની નજરમાં મુસલમાનોનો મિલ્લી (ક઼ૌમી), સામાજિક, આર્થિક તથા રાજનૈતિક મંઝર તથા બેકગ્રાઉન્ડ બધું જ હોય છે. એક મહાન મુજદ્દિદ અને નિખાલસ વિચારકની જવાબદારીઓ પણ છે કે તે મુસ્લિમ ઉમ્મતના દરેક જીવનના વિભાગ પર નજર રાખે અને તેમના માટે શ્રેષ્ઠથી શ્રેષ્ઠ હલ સામે લાવે."

વર્તમાન સમયની માગ છે કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિચારોના ઉપરોક્ત અમલી વિભાગો સામે લાવવામાં આવે, એનાથી જ આપણે પોતાના વ્યક્તિગત અને સામુદાયિક જીવનમાં માર્ગદર્શન લઈ શકીશું. આ જ ઈમામ અહમદરઝા رحمۃ اللہ علیہની સાચી મહોબ્બત અને તેમની બારગાહમાં સાચુ નઝરાનું છે.

*(માહનામા અશ્રફિયા, સપ્ટે. ૨૨, મુબારકપુર)*

www.barkatekhwaja.net

## પાલેજમાં ''બઝ્‌મે ઈસ્લાહે મુઆશરા''માં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું ઈન્કિલાબી બયાન !

**પાલેજ** : (તા. જિ. ભરૂચ) મુક઼ામે તા. ૨૮–૧૨–૨૦૨૨ બુધવારના રોજ ઈશાની નમાઝમાં હઝરત સૈયદ દફતર અલી બાવા رحمۃ اللہ علیہના ઉર્સના મોક઼ા પર હઝરતની દરગાહની બાજુમાં તળાવ મેદાનમાં ''બઝમે ઈસ્લાહે મુઆશરા''નું આયોજન જનાબ નવેદ પઠાણ સંચાલિત પાલેજ નવજવાન કમિટી થકી કરવામાં આવ્યું. જનાબ મૌલાના મુહમ્મદઅલી અશરફી (પેશ ઈમામ હઝરત દફતર અલી બાવા–મસ્જિદ) તથા મૌલાના હાફિઝ હસન સાહબ દહેગામી (પેશ ઈમામ : જુમ્આ મસ્જિદ–પાલેજ)ની નિઝામત તથા સંચાલન હેઠળ કરવામાં આવ્યું જેમાં મકામી તથા બહારથી પધારેલ સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા હઝરાત તેમજ મુબલ્લિગીન તથા સુન્ની અવામે કાફી સંખ્યામાં હાજરી આપી હતી. તિલાવતે કુર્આન, નઅતે પાક બાદ હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી નૂરી (સદર મુફતી ઈરાદા શરઈય્યહ–ભરૂચ, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) થકી સવાલો જવાબની મેહફિલ યોજાયી હતી જેમાં વિવિધ દીની સવાલોના સંતોષકારક જવાબો મુફતી સાહબે આપી ઈલ્મી ફયઝાન જારી કર્યો હતો. મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ), મુફતી સલીમ મિસ્બાહી પીપળીયાવાળા (પેશ ઈમામ વ સદર મુદર્રિસ : મુમતાજ પાર્ક મસ્જિદ–ભરૂચ) તેમજ વિવિધ દારુલ ઉલૂમના ઉલમાએ હાજરી આપી હતી. મુબલ્લિગ જનાબ ઈમરાન નૂરી (પાલેજ) એ નઅતે પાક પેશ કરી હતી ત્યાર બાદ દાઈએ કબીર, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ નવજવાન યુવાન યુવતીઓની ઈસ્લાહ પર પોતાના આગવા અંદાઝમાં કુર્આન હદીષની રોશનીમાં ખૂબ અસરકારક બયાન કર્યું હતું. ''વર્તમાન સમયમાં ગૈરોનો મનસૂબો એ છે કે કોઈ મુસલમાન યુવાન યુવતી ઈસ્લામી પવિત્ર જિંદગી ન જીવી શકે એના માટે સોશિયલ મીડિયા પર ખૂબ જ ગંદગી ભરી આવારગી ભરી દેવામાં આવી છે, એનાથી બચવા માટે તાકીદ કરી હતી અને ગુમરાહીથી બચી જિંદગીઓને બર્બાદ થવાથી બચાવવા સમજ આપી હતી. છેવટમાં સલાતો સલામ દુઆ બાદ સુન્ની ઈજતેમા કામયાબી સાથે થયો હતો.

www.barkatekhwaja.net

## મુહક્ક઼િકે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ મુબારકપુરીનું દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં આગમન

તા. ૧૯–૧૨–૨૦૨૨ સોમવારના રોજ મુહક્ક઼િકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મૌલાના મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી મિસ્બાહી (સદર મુફતી : જામિઆ આશ્રયિા–મુબારકપુર) مدظلہ العالی અમારી દાવત ક઼બૂલ કરીને એક દિવસ માટે ભરૂચ તશરીફ લાવ્યા હતા. સવારના ૧૧ વાગ્યે દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદ તશરીફ લાવ્યા હતા અને ''મસ્જિદે રઝા''માં દારુલ ઉલૂમના તલબા થકી દીની પઢાઈ બાબતે વિવિધ સવાલોના પોતાના સરળ અંદાઝમાં ઈલ્મી રૂહાની જવાબો આપી તલબાને દીની તાલીમ માટે અધિક ઉત્સાહ પ્રેર્યો હતો તથા સરસ માર્ગદર્શન આપ્યું હતું. સવાલો જવાબ ખૂબ જ ઉમદા હતા જે અન્ય તલબા માટે પણ પ્રેરણાદાયક છે. જેના માટે આ યૂટયૂબની લિંક છે : **https://youtu.be/xxiE_B6klW0** (ચેનલ Hera islamic Channelમાં) સર્ચ કરીને)જરૂરથી સાંભળી ફયઝ ઉઠાવવામાં આવે. *–તંત્રી, બરકાતે ખ્વાજા માસિક*

## જામિઆ અશરફિયા મુબારકપુરના સિનિયર મુદર્રિસ તથા મુફતી
## હઝરત મુફતી નસીમ સાહબ કિ઼બ્લાનો દૌરએ ભરૂચ

ભરૂચ મુકામે હઝરત કિ઼બ્લા મુફતી નસીમ સાહબ مدظلہ العالی તા. ૩૧–૧૨–૨૦૨૨ શનિવારે રાતના તશરીફ લાવ્યા હતા. સવારના ૧૧ વાગ્યે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે મસ્જિદે રઝામાં એક નશિસ્તનું આયોજન થયું જેમાં સર્વ તલબા તથા ઉસ્તાદોએ હાજરી આપી હતી. હઝરતે ખૂબ જ અમૂલ્ય નસીહતો કરી તલબાની તર્બિયત કરી હતી. એ જ દિવસે અસર બાદ કંબોલી મુક઼ામે મસ્જિદમાં દીની સવાલો જવાબની મેહફિલમાં નમાઝ વિશે તથા ક઼બ્રસ્તાનને લગતા તેમજ અન્ય સવાલો પૂછી હાજરજનોએ ઈલ્મની રોશની પામી હતી. તેમજ એ જ દિવસે એટલે રવિવારે રાત્રે સુન્ની દાવતે ઈસ્લામીના હફતાવારી સુન્ની ઈજતેમામાં દયાદરા જામા મસ્જિદમાં ઈશા બાદ એ જ પ્રમાણે ઈલ્મી મેહફિલમાં વિશેષત : વારસા સંબંધી સવાલોના ખૂબ જ વિગતવાર જવાબો આપી વારસામાંના હક્ક઼દારોની વિગત, કોને કેટલુ મળશે અને હક્ક઼ ન આપનારનો અંજામ શું છે, દરેક જગાએ મક઼ામી ઉલમા, અસાતેઝા તથા મુફતી સાબિર નજમી મિસ્બાહી નૂરી, મુફતી સલીમ નજમી મિસ્બાહી પીપળીયાવાળા, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, મૌલાના મુફતી અબ્દુર્રહમાન નકશબંદી... વગેરેએ હાજરી આપી હતી. તે વિશે માહિતી સમજાવી લોકોમાં જાગૃતિ પેદા કરી હતી. તેમજ સોમવારે રાતે તો ૨–૧–૨૦૨૩ના રોજ મગરિબ બાદ ભરૂચ પીર છત્તર દરગાહ મસ્જિદ ખાતે પણ સવાલો જવાબની મેહફિલમાં દીની સવાલો જવાબ રજૂ થયા હતા. અલ્લાહ કરીમ આપણા અહલે સુન્નતના સર્વ આવા ઉલમાએ કિરામને સલામત રાખે જેથી ઈલ્મના ફયઝાન જારી રહે. *–તંત્રી, બરકાતે ખ્વાજા માસિક*

www.barkatekhwaja.net

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❐ **પ્રેસ્ટન** : ખાતે બરકાતે ખ્વાજા મંથલી તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના ચાહક હાજી ગુલામભાઈ સારોદીયા દયાદરાવાળાનો ઈન્તેકાલ તા. ૨૬–૧૨–૨૦૨૨, ૨–જ.આખર હિ. ૧૪૪૪ સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❐ **ભરૂચ** : ખાતે હાજી વલીભાઈ ગીધા દયાદરાવાળાનો તા. ૨૩–૧૨–૨૦૨૨, જુમ્આ, ૨૯–જ. અવ્વલ હિ. ૧૪૪૪ના રોજ ઈન્તેક઼ાલ થયો. ❐ **દયાદરા** : મુક઼ામે તા. ૧૦–૧–૨૦૨૩ મંગળ વારના રોજ સલીમ સુલેમાન ભાનો ઈન્તેક઼ાલ થયો છે. તેમજ હજીયાણી એમણબેન ઈસ્માઈલ છેલાઘરવાળાનો ૮૬ વરસની વયે સોમવાર તા. ૯–૧–૨૦૨૩ના રોજ ઈન્તેક઼ાલ થયો. ❐ **જંત્રાણ** : મુકામે મૌલાના આસિફ અશરફીના કાકા મર્હૂમ અલ્લી મીર સાબ ખિલ્જી તા. ૧૪–૧–૨૦૨૩ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે...

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જામિઆ અશ્રફિયા-મુબારકપુર દાખલો ઈચ્છનાર માટે

★ દરખાસ્ત જમા કરવાની તારીખ ૯ તથા ૧૧ માર્ચ ૨૦૨૩ અને સમય ૯ થી ૧ વાગ્યા સુધી. ★ **એદાદિયા** તથા **હિફઝ** માટે દાખલાની ઈમ્તેહાનની તારીખ ૧૨ માર્ચ, સમય ૯ થી ૧૨ સુધી. ★ ષાનિયા, રાબિઆ, સાબિઆ તથા ફઝીલતની દાખલાની ઈમ્તેહાન ૧૩ માર્ચ, સમય : ૯ થી ૧૨. ★ ઓફીસમાં દરખાસ્ત આપવી સાથે બે ફોટા લગાડવા. ★ દરજાતે ઈખ્તેસાસમાં દાખલાની ઈમ્તેહાન ૯ શવ્વાલ હિ. ૧૪૪૪ના દરખાસ્ત લેવાશે, ૧૨ શવ્વાલે ઈમ્તેહાન થશે. દાખલા માટે કોઈ પણ સુન્ની ઈદારાની ફઝીલત 1st ડિવિઝનથી પાસ હોવું જરૂરી. ★ ખાસ દરજાઓ માટે દરખાસ્ત ૧૪ શવ્વાલના જમા કરવી અને દાખલાની ઈમ્તેહાન ૧૫ શવ્વાલ હિ. ૧૪૪૪ના થશે. **દાખલા માટે જરૂરી કાગળો** : (૧) કોઈ પણ બોર્ડની સનદ કે માર્કશીટ કે જન્મ તારીખનો દાખલો. (૨) આધાર કાર્ડ કે વોટર આઈડી.

**(વધુ માટે સંપર્ક કરો જામિઆ અશ્રફિયા-મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)**

## :: શાદીખાના આબાદી ::

■ **કંબોલી** : મુકામે રાજી મુબારક અલી ઈસાના નેક ફરઝંદ "મુહમ્મદ કલીમ"ની શાદી હાફિઝ મુહમ્મદ અસ્લમની નેક દુખ્તર "ઉમ્મેહાની" સાથે તા. ૧૯–૨બી. અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૪ તા. ૧૬–૧૦–૨૦૨૨, રવિવારે કંબોલી મુકામે રાખવામાં આવી, જે નિમિત્તે તા. ૧૫–૧૦–૨૦૨૨ શનિવારે ઈશાબાદ બુલબુલે બાગે મદીના જનાબ જાવિદ રઝા સાહબ થકી મેહફિલે નઅતમાં નઅતો મન્કૂબતના ગુલદસ્તા પેશ કરવામાં આવ્યા હતા. જેમાં જનાબ હાફિઝ આદમ ઈસા રાજી ફેમેલી સાથે U.K. થી તશરીફ લાવ્યા હતા. અનેક સાદાત, ઉલમાએ હાજરી આપી. બિલ્ખુસૂસ પીર સાહબ હઝરત સૈયદ મુહમ્મદયૂસુફ બાવા નૂરાની (પેટલાદવાળા) તેમજ હઝરત સૈયદ તાહિરબાપુ વગેરેએ હાજરી આપી હતી. (દુલ્હા–દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ !

www.barkatekhwaja.net

■ **પારખેત** : મુકામે તા. ૨૪–૧૨–૨૦૨૨, ૨૯–જ. અવ્વલ હિ. ૧૪૪૪, શનિવારના રોજ બરકાતે ખ્વાજા તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરાના ચાહક, સહાયક યૂનુસ આદમ બોરડીવાળાની નેક દુખ્તર "ગુલશન"ના નિકાહ વરેડિયા નિવાસી યાકૂબ આદમ ધનસુરાવાળાના નેક ફરઝંદ "મિન્હાજ" સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! ■ **હલદરવા** : મુકામે તા. ૮–૧–૨૦૨૩, મુ. ચાંદ ૧૫–જમાદિઉલ આખર હિ. ૧૪૪૪ રવિવારના રોજ ખલીલ ઈસા જોહાની નેક દુખ્તર (બરકાતે ખ્વાજાના તંત્રીની ભાણકી) આલિમા રહીમાબાનુની શાદી મુબારક હાજી ઈસ્માઈલ યૂસુફ બોરીવાલાના નેક ફરઝંદ જમીઉલ સાથે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! ■ **કાસદ** : મુકામે તા. ૧૪–૧–૨૦૨૩, મુ. ચાંદ ૨૧ જ. આખર હિ.સ. ૧૪૪૪ શનિવારના રોજ ઐયૂબ હાજી મુહમ્મદ પટેલ (લકીવાળા)ના નેક ફરઝંદ મુહમ્મદ સુહેલના નિકાહ ભરૂચ નિવાસી હાજી વલી ઈસ્માઈલની નેક દુખ્તર મુસ્કાન સાથે રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગ નિમિત્તે ઉસૂલે બરકત માટે "મેહફિલે નઅત"નુ આયોજન તા. ૧૩–૧–૨૦૨૩ કરવામાં આવ્યું જેમાં મુંબઈથી બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (રુકને મજલિસે શૂરા : સુન્ની દા'વતે ઈસ્લામી)એ હાજરી આપી પોતાના આગવા અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા પેશ કરીને છેવટમાં સેહરો પઢી હાજરીનને મેહઝૂઝ કર્યા હતા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી,*